Volume: 64, Issue: 9-10, September- October - 2021
Date of Publication 15th Posted on Every Month | ISSN 2394-4641

# જીવનશિક્ષણ

વિશેષાંક

Gunotsav 2.0
GSQAC



ભાષા



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

# ગણતરી

## અધ્યયન નિષ્પત્તિ


ધોરણ ૧

સચિત્ર અને સાંકેતિક રીતે ૨૦ સુધીની સંખ્યા અને વસ્તુઓની ગણતરી કરે છે અને મોટેથી બોલે છે.

ગણિત

### ચાલો, આ પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયત્ન કરીએ.

પ્રશ્ન: ગોળની સંખ્યા ગણો:





સાચો જવાબ: ૨૦

### વિદ્યાર્થીઓ કેવા પ્રકારની ભૂલ કરી રહ્યા છે?

ગણતરી કરતી વખતે એકની એક વસ્તુને બે વાર ગણી લેવી કે કોઈ વસ્તુને ગણતા ભૂલી જવી એ વિદ્યાર્થીઓ દ્વારા થતી સામાન્ય ભૂલો છે.




### વિદ્યાર્થીઓએ ઉત્તર આપતી વખતે કેવી રીતે વિચાર્યું હશે?

(વિદ્યાર્થીઓએ આપેલા સૌથી વધુ સામાન્ય ખોટા જવાબો પરથી)

જે વિદ્યાર્થીઓ ૨૦ સુધીની સંખ્યા બોલીને સંભળાવી શકે છે (એટલે કે ૧,૨,૩,...જેવી સંખ્યા બોલે છે) પરંતુ ગણતરીના દાખલામાં ૨૦ સિવાયની અન્ય સંખ્યાનો જવાબ આપે છે.

### ચાલો, આપણે સમજીએ કે ભૂલ કેમ થાય છે?

» કોઈ પણ વ્યક્તિ જો નીચે બતાવેલ ૩ રીતથી ગણતરી કરે તો વિદ્યાર્થીઓ તેને ગણતરીની સાચી રીત માને છે:

૧ કોઈ એક વસ્તુને બે વાર ગણવી, તેને ગણતરીની સાચી રીત માનવામાં આવે છે.




(કુલ ૯ ગોળ ગણવામાં આવ્યા.)

૨ ગણતરી વખતે કોઈ વસ્તુને ગણવાની ભૂલી જવી કે ચૂકી જવી - તેને પણ ગણતરીની સાચી રીત માનવામાં આવે છે.




(કુલ ૭ ગોળ ગણવામાં આવ્યા.)

૩ ગણતરી કરતી વખતે ખોટા ક્રમમાં સંખ્યાઓ બોલવી.




(કુલ ૯ ગોળ ગણવામાં આવ્યા.)


વિદ્યાર્થીઓ ભૂલો કેમ કરે છે તેના શક્ય કારણો:

- ક્રમમાં સંખ્યા બોલવાની ઝડપનો અભાવ
- ૧-૧ સુસંગતતાની સંકલ્પનાની સમજણનો અભાવ
- ગણતરીના ક્રમમાં છેલ્લી વસ્તુની ગણતરી એ કુલ વસ્તુઓની સંખ્યા જ હોય છે.

### ચાલો, આ ગેરસમજ સુધારીએ.

**પગલું ૧:**

વિદ્યાર્થીઓને એ સમજવામાં મદદ કરો કે સંખ્યા જથ્થો બતાવે છે જેમ કે ૪ દડા, ૪ પંખી વગેરે.




તેમજ એક સમયે ૫ સુધી પછી ૧૦ સુધી, પછી ૨૦ સુધી એમ સંખ્યાનો પરિચય આપો.

**પગલું ૨:**

બે અલગ અલગ વસ્તુઓની સરખામણી કરીને નીચેના પ્રશ્ન જેવા પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓને સુસંગતતાની સંકલ્પના સમજાવવાનો પ્રયત્ન કરો.



જેમ કે આપેલ ચિત્રમાં, દડાની સંખ્યા વધુ છે કે બેટની?

**પગલું ૩:**

ચિત્રમાં બતાવ્યા મુજબ, વિદ્યાર્થીઓને દરેક બેટને દડા સાથે લીટી દોરીને જોડવા માટે પ્રોત્સાહન આપો.



**પગલું ૪:**

વિદ્યાર્થીઓ આપેલ બે પ્રકારની વસ્તુઓની જોડી બનાઈ શકવા જોઈએ અને કહી શકવા જોઈએ કે શેની સંખ્યા વધુ છે: બેટની કે દડાની. આ તેમને સુસંગતતાની ઊંડી સંકલ્પના વિકસાવવામાં મદદ કરશે.

**પગલું ૫:**

વસ્તુઓની સાચી ગણતરી માટે જરૂરી છે કે વિદ્યાર્થીઓ ક્રમમાં સંખ્યાને સરળતાથી બોલે. તેમને ૨૦ સુધીની સંખ્યા મૌખિક રીતે ઝડપથી બોલવા માટે સક્ષમ બનાવો.

educational initiatives

# જીવનશિક્ષણ

**મૂળ સ્વરૂપ 'ગુજરાત શાળાપત્ર' સ્થાપના ઈ.સ. ૧૮૬૨**

**સળંગ વર્ષ : ૧૫૪**
**રજિ. વર્ષ : ૬૪** **અંક : ૯-૧૦**



**સલાહકાર સમિતિ**

| | |
|---|---|
| **ડૉ. ટી.એસ. જોષી :** નિયામક, જીસીઈઆરટી, ગાંધીનગર | **અધ્યક્ષ** |
| **શ્રી પ્રફુલ્લ એ. જલુ :** ઓ.એસ.ડી., જીસીઈઆરટી, ગાંધીનગર | **સભ્ય** |
| **શ્રી વી. આર. ગોસાઈ :** સચિવ, જીસીઈઆરટી, ગાંધીનગર | **સભ્ય** |
| **ડૉ. કુ. દર્શનાબહેન જોષી :** નાયબ નિયામક, જીસીઈઆરટી, ગાંધીનગર | **સભ્ય** |
| **શ્રી એ. એન. ચૌધરી :** રીડર, ભાષા પ્રકાશન, જીસીઈઆરટી, ગાંધીનગર | **સભ્ય** |
| **શ્રી બી. પી. ગઢવી :** પ્રાચાર્ય, ડાયેટ - ભરૂચ | **સભ્ય** |
| **ડૉ. હિતેષ એન. દવે :** પ્રાચાર્ય, ડાયેટ - આણંદ | **સભ્ય** |

**તંત્રી : શ્રી વી. આર. ગોસાઈ :** સચિવ, જીસીઈઆરટી, ગાંધીનગર
**સહતંત્રી : ઊર્મિલા પંચાલ :** રિસર્ચ એસોસિએટ, જીસીઈઆરટી, ગાંધીનગર

**સંપાદક મંડળ**

| | |
|---|---|
| શ્રી યોગેશ કે. પટેલ (નવસારી) | શ્રી સંજય ઠાકર (ભૂજ) |
| ડૉ. સી. ટી. ટૂંડિયા (સુરેન્દ્રનગર) | શ્રી હિરેન વ્યાસ (નવસારી) |
| શ્રી કલ્પેશ પટેલ (ગાંધીનગર) | શ્રી ડી. જે. ચાવડા (અમદાવાદ) |
| ડૉ. બળવંત તેજાણી (ભાવનગર) | શ્રી યાહ્યા સપાટવાલા (વડોદરા) |
| શ્રી પ્રજ્ઞા રાદડિયા (રાજકોટ) | શ્રી રશ્મિકા મોદી (ગાંધીનગર) |



સપ્ટેમ્બર-ઑક્ટોબર - 2021 વાર્ષિક લવાજમ : રૂા. 100



**ફોન નં.** : (૦૭૯) ૨૩૨૫૬૮૩૩
**ઈ-મેઈલ** : jeevanshikshangcert@gmail.com
**વેબસાઈટ** : www.gcert.gujarat.gov.in
**તંત્રીશ્રી** : જીવનશિક્ષણ, જીસીઈઆરટી, વિદ્યાભવન, સેક્ટર - ૧૨, ગાંધીનગર પીન : ૩૮૨૦૧૬
Gujarat Council of Educational Research & Training, Gandhinagar


**લવાજમ અંગે**

વાર્ષિક લવાજમ **રૂ. ૧૦૦/-** રાખવામાં આવેલું છે. લવાજમ જે માસથી ભરો તે માસથી લઈને એક વર્ષનું ગણવામાં આવશે. લવાજમ બે રીતે ભરી શકાશે.

(૧) Online - 'જીવનશિક્ષણ, જીસીઈઆરટી', કેનરા બૅંક - ગાંધીનગર A/C No. 2381101006061, IFSC Code CNRB0002381 અથવા

(૨) તંત્રીશ્રી, જીવનશિક્ષણ, જીસીઈઆરટી, ગાંધીનગરના નામનો ડ્રાફ્ટ કઢાવવો. ડ્રાફ્ટ/બૅંક સ્લીપ સાથે પોતાનું પૂરેપૂરું સરનામું, પિનકોડ નંબર સાથે 'જીવનશિક્ષણ', જી.સી.ઈ.આર.ટી., વિદ્યાભવન, સેક્ટર-૧૨, 'ઘ-૪' કૉર્નર પાસે, ગાંધીનગર - ૩૮૨૦૧૬ના સરનામા પર ટપાલ અથવા ટ્રાન્ઝેક્શન સ્ક્રિનશોટ ઇ-મેલથી મોકલવાનું રહેશે. રોકડેથી કે મનીઓર્ડરથી લવાજમનો સ્વીકાર કરવામાં આવતો નથી.


**મુદ્રણ :** સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ


## શબદ-સંગત

– શ્રી વિનયગિરિ ગોસાઈ

### શાળાઓ ફરી ધમધમવા માંડી...!!

કોઈએ ક્યારે સપનામાં પણ વિચાર્યું નહીં હોય કે આપણી શાળાઓ આટલા લાંબા ટાઈમ સુધી બાળકો વગરની રહેશે. પરંતુ કોવિડને કારણે આવી પરિસ્થિતિ ઊભી થઈ. બાળકો પ્રત્યક્ષ શિક્ષણ પ્રમાણમાં ઓછું લઈ શક્યાં, પરંતુ તમારા સાથ અને સહકારથી પરોક્ષ શિક્ષણ અથવા તો કહો ઓનલાઈનવાળું શિક્ષણ આપણે **સરસ રીતે** આપવામાં સફળ રહ્યા. શિક્ષણ સાતત્ય રીતે જાળવવામાં આપણે ઘણા અંશે સફળ રહ્યા છીએ.

કોવિડની ગાઈડલાઈનનું પાલન કરીને, ફરીથી આપણી શાળાઓ ધમધમવા માંડી છે. લાંબા સમયનો વિયોગ, યોગમાં રૂપાંતરિત થયો છે. ત્યારે બાળકોએ પ્રાપ્ત કરેલ શિક્ષણ કેવું રહ્યું ? કેટલી ગુણવત્તા હતી ? તે ચકાસવું પ્રથમ દૃષ્ટિએ આવશ્યક છે. એ વાતને ધ્યાને રાખીને શિક્ષક તરીકે આપણે સાચું નિદાન કરીએ અને નિદાન બાદ એનો યોગ્ય ઉકેલ થાય, ત્યારે અપાયેલું શિક્ષણ ગુણવત્તાલક્ષી હતું, એમ આપણે સંતોષ મેળવી શકીએ.

આપણે ગુણોત્સવનું સ્વરૂપ બદલી ચૂક્યા છીએ, પરંતુ ગુણવત્તાના માપદંડ, તેની ચકાસણી અને તે દ્વારા ઉત્તરોત્તર આગળ વધતા રહેવાનું, મજબૂત રીતે આગળ વધતું રહ્યું છે. અત્યારે આપણને વહીવટી અને શૈક્ષણિક રીતે રાજ્યકક્ષાએથી સુંદર આયોજન કરીને શિક્ષણની ગુણવત્તા સુધરે, તેવા પ્રયાસ યજ્ઞમાં ઉપરથી નીચે સુધીના તમામ દિલથી લાગ્યા છે, ત્યારે આપણે પણ તે કડી ના મહત્ત્વના અંગ છીએ. આખરે બાળકો સાથે પ્રત્યક્ષ, શિક્ષક તરીકે તમારે જ રહેવાનું થાય છે. બાળક તમને ઓળખે છે અને તમારી પાસેથી શિક્ષણ મેળવે છે. ત્યારે તમારી પ્રાપ્ત થયેલી સજ્જતા, બાળકોને વધુ ગુણવત્તાલક્ષી બનાવવા માટે હકારાત્મક ભૂમિકા અદા કરશે. આપણે ગુણવત્તાયજ્ઞ સારી રીતે સમજીએ અને તેમાં રહેતી જે કંઈ કચાશ હોય એ સમયસર ઓળખીને એનું નિવારણ કરીએ. આપણો આ ઉમદા શિક્ષક કર્મનો અખંડદીપ પ્રજ્વલિત રહે તેવી શુભકામના.

– તંત્રી, જીવનશિક્ષણ

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|
| 1 | 'ગુણોત્સવ ૨.૦' એક વિશેષ કાર્યક્રમ | ડૉ. ટી.એસ. જોષી | 5 |
| 2 | 'ગુણોત્સવ' થી 'ગુણોત્સવ ૨.૦' સુધી | ડૉ. જી. સી. વ્યાસ | 6 |
| 3 | ગુણોત્સવ ૨.૦ નું અમલીકરણ | સંકલન | 10 |
| 4 | ગુણોત્સવ ૨.૦ - મૂલ્યાંકન માળખું | સંકલન | 14 |
| 5 | ગુણોત્સવ ૨.૦ - ગુણાંકન યોજના | સંકલન | 40 |
| 6 | સ્કૂલ એક્રેડિટેશન રીપોર્ટ કાર્ડ:<br>ગુણાવત્તા સુધારણાનું દિશાદર્શક | સંકલન | 44 |
| 7 | સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ દ્વારા ચકાસવામાં આવતી બાબતો | સંકલન | 50 |
| 8 | આપણી સમજ ચકાસીએ... | સંકલન | 55 |
| 9 | ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ) | સંકલન | 59 |
| 10 | ગુણોત્સવ ૨.૦ ની સંપૂર્ણ સમજ – Video સ્વરૂપે | સંકલન | 60 |
| 11 | ગુણોત્સવ - ઉર્ધ્વગમનનો અવસર | નરેન્દ્ર રાવલ | 64 |
| 12 | ભાવ - પ્રતિભાવ | સંકલન | 66 |


### લેખકો માટે

- જીવનશિક્ષણ માટેના લેખ શ્રુતિ ફોન્ટ, સાઇઝ 12માં કમ્પ્યૂટરાઇઝ્ડ કરી તેની સૉફ્ટ કૉપી જીવનશિક્ષણના ઇ-મેલ એડ્રેસ : jeevanshikshangcert@gmail.com પર મોકલવા. અંક ન મળ્યાની ફરિયાદ અને ભાવ-પ્રતિભાવો પણ ઉપરના ઇ-મેલ એડ્રેસ ઉપર મોકલવા.
- **શાળા શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.**
- **શાળા શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન સાથે સામાજિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.**
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઈએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહીં.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. તે અંગેનો વિશેષ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
- પુરસ્કારનું ધોરણ રાખવામાં આવેલ છે. આથી લેખકશ્રીઓએ તેમના બેંક ખાતાની વિગતો જેવી કે બેંક એકાઉન્ટ નંબર, બેંકનું નામ અને શાખા, IFSC નંબર તથા મોબાઇલ નંબર વગેરે જરૂરથી જણાવવાં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે - તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતા વિચાર - વિગત સાથે GCERT, સલાહકાર મંડળ, તંત્રી, સહતંત્રી કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહીં.

# 'ગુણોત્સવ ૨.૦' એક વિશેષ કાર્યક્રમ

– ડૉ. ટી.એસ. જોષી

**ગુણોત્સવ કાર્યક્રમે ગુજરાતને યશ આપ્યો છે અને બીજા રાજ્યો પછી વિવિધ કાર્યક્રમોના માધ્યમથી તેને અનુસર્યાં છે. તે વિગત આપી કાર્યક્રમના મૂળભૂત હેતુને અહીં સ્પષ્ટ કર્યો છે. ગુણોત્સવના સ્વરૂપમાં પરિવર્તન લાવી GSQAC સુધીની સફરનો ચિતાર આ લેખના માધ્યમથી મળશે.**

સમગ્ર દેશમાં આપણા રાજ્યની ગણના શિક્ષણમાં ગુણવત્તાલક્ષી પહેલ કરનાર રાજ્યોમાં થાય છે. ગુજરાતના શૈક્ષણિક ફલક પર સીમાચિહ્ન સ્વરૂપ આવી એક પહેલ એટલે દેશના માનનીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના વિચારબીજ સમો 'ગુણોત્સવ' કાર્યક્રમ. વર્ષ ૨૦૦૯થી શરૂ થયેલ ગુણોત્સવ રાજ્યનો એક ફ્લેગશીપ કાર્યક્રમ રહ્યો છે, જેનાથી શાળાઓની ગુણવત્તા સુધારણામાં આપણને ઘણી સફળતા મળી છે. રાજ્યનાં ગુણોત્સવ મૉડેલની દેશના અન્ય રાજ્યોએ હકારાત્મક નોંધ લીધી છે અને તેને અનુસર્યા પણ છે.

વર્ષ ૨૦૦૯માં યોજાયેલ પ્રથમ ગુણોત્સવ બાદ વર્ષ ૨૦૧૮ સુધીમાં આઠ (૮) ગુણોત્સવ યોજાયા છે. આ સમયગાળા દરમિયાન ગુણોત્સવ કાર્યક્રમમાં સમયાનુસાર સતત સુધારણા થતી રહી છે. ગુણોત્સવના અનુભવથી આપણે એ વિચાર સુધી આવ્યાં કે ગુણોત્સવને વર્ષમાં નિશ્ચિત બે-ત્રણ દિવસના મિશન કાર્યક્રમના બદલે કોઈ નિયત સંસ્થા દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન સતત ચાલનાર કાર્યક્રમનું સ્વરૂપ આપવું જોઈએ. RTE રુલ્સ ૨૭ માં પણ રાજ્યમાં 'શાળા ગુણવત્તા નિર્ધારણ' માટે આ પ્રકારની સંસ્થાની આવશ્યકતા વિશે વાત થઈ છે. વર્ષ ૨૦૧૦માં રાજ્યમાં આ દિશામાં પ્રથમ પગલું લેવાયું અને તેના થકી ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ (GSQAC) નામની સંસ્થા અસ્તિત્વમાં આવી. જો કે રાજ્યમાં વર્ષ ૨૦૧૭-૧૮ સુધી ગુણોત્સવ કાર્યક્રમ અમલી રહ્યો અને આ કાર્ય GSQAC ના બદલે અગાઉની વ્યવસ્થા મુજબ થતું રહ્યું.

વર્ષ ૨૦૧૮-૧૯થી રાજયમાં શિક્ષણક્ષેત્રે નવતર પ્રયોગોની એક શૃંખલા શરૂ થઈ અને આ શૃંખલાની એક કડી એટલે GSQAC સંસ્થાનું પુનઃગઠન. GSQACનું પુનઃ ગઠન થતાં વર્ષ ૨૦૧૯માં તેની જવાબદારી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરને આપવામાં આવી. આમ થતાં ગુણોત્સવના પરિષ્કૃત સ્વરૂપ એવા ગુણોત્સવ ૨.૦ના વિચારનું બીજ રોપાયું. તે જ વર્ષે જાહેર થયેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ડ્રાફ્ટમાં દરેક રાજ્યમાં આ પ્રકારની સ્વાયત સંસ્થા (SSSA – State School Standards Authority) હોવી જોઈએ તેવો વિચાર રજૂ કરવામાં આવ્યો. વર્ષ ૨૦૨૦માં જાહેર થયેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પ્રકરણ ૮નો કેન્દ્રિય વિચાર જ આવી સંસ્થા દ્વારા શાળાઓની ગુણવત્તા નિર્ધારણનો છે. દેશનાં બીજાં રાજ્યો જ્યારે આ દિશામાં પ્રારંભિક કાર્ય કરી રહ્યાં છે ત્યારે GSQAC થકી આપણે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓના એક્રેડિટેશનનો એક રાઉન્ડ પૂર્ણ કરી ચૂક્યા છીએ. જે આપણા સૌ માટે આનંદની વાત તો છે જ પણ ભવિષ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલ માટે પાયારૂપ અનુભવ પણ બની રહેશે.

GSQAC દ્વારા સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી આ કાર્ય માટે પ્રશિક્ષિત તેવા સ્કૂલ ઇન્સ્પેક્ટર્સ (SIs) દ્વારા કરવામાં આવે છે. તેમના દ્વારા થયેલ શાળા મૂલ્યાંકનની કામગીરીના આધારે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓના સ્કૂલ એક્રેડિટેશન રીપોર્ટ કાર્ડસ GSQACના પોર્ટલ પર ઓનલાઇન કરવામાં આવ્યાં છે. પ્રત્યેક શાળા આ પોર્ટલ (http://reportcard.gsqac-gunotsav.org/) પરથી પોતાનું વિગતવાર રીપોર્ટ કાર્ડ મેળવી શકે છે.

ગુણોત્સવ ૨.૦નું મૂલ્યાંકન માળખું અને સ્કૂલ એક્રેડિટેશન રીપોર્ટ કાર્ડસ એ શાળાઓ માટે ગુણવત્તા સુધારણાની સમજ આપતાં પાયાનાં ઉપકરણો છે. રાજ્યના પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આ બંને ઉપકરણોને આધારે ગુણોત્સવ ૨.૦ના રેટીંગમાં બ્લેક અથવા રેડ કેટગરીમાં આવેલી જિલ્લાની શાળાઓ માટે તાલીમ અને હેન્ડ હોલ્ડિંગની કામગીરી હાલ ચાલી રહી છે. Schools of Excellence (SOE) માટે પસંદ કરવામાં આવેલ શાળાઓના સામયિક મૂલ્યાંકનમાં પણ GSQACની ભૂમિકા અગત્યની છે ત્યારે રાજ્યની તમામ શાળાઓ સુધી ગુણોત્સવ ૨.૦ની સમજ પહોંચે તે જરૂરી છે. આ માટે GCERT દ્વારા દિક્ષા પોર્ટલ પર ગુણોત્સવ ૨.૦ વિષયક ઑનલાઇન કોર્સ એક હાથવગો અને આધારભૂત સ્રોત ગણી શકાય છતાં જો શાળાઓને ગુણોત્સવ ૨.૦ વિશેનું પ્રિન્ટેડ સાહિત્ય હાથવગું હોય તો તે રેડીરેકનરની ગરજ સારે. આ હેતુથી જીવનશિક્ષણનો આ 'ગુણોત્સવ ૨.૦ વિશેષાંક' તૈયાર કરવામાં આવ્યો છે. આ અંક પ્રત્યેક શાળા માટે માર્ગદર્શિકાની ગરજ સારશે તેવી અપેક્ષા છે. ગુજરાતની પ્રત્યેક શાળા ગુણોત્સવ ૨:૦ના પરિણામોને બેઝલાઇન ગણી પોતાની આગવી શાળા વિકાસ યોજના તૈયાર કરી 'Excellence' સુધી પહોંચે તેવી શુભેચ્છા પાઠવું છું.

– નિયામક

જીસીઈઆરટી, ગાંધીનગર

# 'ગુણોત્સવ' થી 'ગુણોત્સવ ૨.૦' સુધી

– ડૉ. જી. સી. વ્યાસ

**ગુણોત્સવ કાર્યક્રમ પ્રાથમિક શિક્ષણની ગુણવતા સુધારવા માટે વર્ષ ૨૦૦૯માં શરૂ કરવામાં આવ્યો. ગુણોત્સવ કાર્યક્રમ અને ગુણોત્સવ ૨.૦ સુધીના સમયગાળામાં આ કાર્યક્રમની વિકાસયાત્રા અહીં આપવામાં આવી છે. ગુણોત્સવ અને ગુણોત્સવ ૨.૦ કાર્યક્રમ વચ્ચેની સામ્યતા અને ભેદ અહીં જોઇ શકાશે. ગુણોત્સવ કાર્યક્રમના આપણે સૌ સાક્ષી રહ્યા છીએ. આ અનુભવ ગુણોત્સવ ૨.૦ ને સમજવામાં મદદરૂપ નીવડશે.**

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ગુજરાત સરકાર હંમેશાં પ્રયત્નશીલ રહી છે. શિક્ષણ વિભાગના વિવિધ પ્રયાસો થકી પ્રાથમિક શિક્ષણ કક્ષાએ નામાંકન અને સ્થાયીકરણમાં ખૂબ જ સારી સિદ્ધિ પ્રાપ્ત કરી શકાઇ છે. શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા, કન્યા કેળવણી નિધિ, વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના, વિદ્યાદીપ યોજના, શિક્ષકો અને આચાર્યોની ભરતી, નવા વર્ગખંડ અને સ્વચ્છતા સંકુલના બાંધકામ, શાળાઓમાં કમ્પ્યૂટર લેબની ઉપલબ્ધતા જેવા વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ થકી શાળાઓ માનવીય અને ભૌતિક દૃષ્ટિએ સજ્જ બની છે. વિદ્યાર્થી નામાંકન, સ્થાયીકરણ અને સંસાધનોની ઉપલબ્ધતાના આ તમામ પ્રયાસોમાં સફળતા મળવા છતાં એવું જણાતું કે આટલું પર્યાપ્ત નથી. સાચી સફળતા ત્યારે જ ગણાય જ્યારે વર્ગખંડમાં પ્રત્યેક બાળક અર્થપૂર્ણ ગુણાત્મક શિક્ષણ મેળવે છે તેની ખાત્રી થાય. આ હેતુથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૯માં શાળાઓ માટે એક વાર્ષિક મૂલ્યાંકન કાર્યક્રમ 'ગુણોત્સવ' શરૂ કર્યો.

'ગુણોત્સવ' એ રાજયની અનન્ય પહેલરૂપ કાર્યક્રમ હતો, જેમાં શિક્ષણ વિભાગની બધી શાખાઓમાં અને બધા સ્તરો પર કાર્ય કરતા વ્યક્તિઓ તેમજ રાજયના બધા જ વહીવટી ખાતાઓની ભાગીદારી થકી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનાં વિવિધ ઘટકોનું મૂલ્યાંકન કરવામાં આવતું. રાજયવ્યાપી 'વિદ્યાર્થી-શાળા મૂલ્યાંકન'ના આ કાર્યક્રમમાં બધી સરકારી પ્રાથમિક શાળાઓ, આશ્રમ શાળાઓ અને ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા. આમ, ગુણોત્સવ એ શાળાકીય ગુણવત્તા નિર્ધારણ અને ઉપચારાત્મક કાર્ય માટેનું શૈક્ષણિક અભિયાન હતું. આ અભિયાનમાં રાજયના મુખ્ય મંત્રી, બધા મંત્રીઓ અને ૩૦૦૦થી વધુ અધિકારીઓ – સરકારી કર્મચારીઓ જોડાતા. સામાન્ય રીતે ત્રણ દિવસના આ કાર્યક્રમાં રાજયની ૮૦૦૦ કરતા વધુ પ્રાથમિક શાળાઓનું શૈક્ષણિક મૂલ્યાંકન કરવામાં આવતું. આ કાર્યક્રમ સમાજમાં ગુણાત્મક શિક્ષણ અંગેની જાગૃતિ વધારવામાં મદદરૂપ થયો છે. આ કાર્યક્રમ થકી નીતિ ઘડવૈયા અને સંચાલકોને, સરકારી શાળાઓની પ્રવૃત્તિઓ અને પાયાના માળખાંની સાચી પરિસ્થિતિને સારી રીતે સમજવામાં મદદ પણ મળી છે..

વર્ષ ૨૦૦૯ થી લઇ ૨૦૧૮ સુધીમાં આવા આઠ ગુણોત્સવ કાર્યક્રમ યોજાયા છે. ગુણોત્સવ ૮ સુધીના પ્રયત્નોથી આપણે દરેક વિદ્યાર્થીઓનું વ્યક્તિગત પરિણામ રાજ્ય કક્ષાએથી તૈયાર કરી શક્યા છીએ. જેના પરિણામે વિદ્યાર્થીએ કેટલી પ્રગતિ કરી છે તે જાણવું શક્ય બન્યું છે. અપેક્ષિત પ્રગતિ ન કરી શકતા વિદ્યાર્થીઓ માટે સઘન ઉપચારાત્મક શિક્ષણકાર્ય પણ ચાઇલ્ડ ટ્રેકિંગના કારણે શક્ય બની શક્યું છે. ગુણોત્સવ કાર્યક્રમ ફક્ત મૂલ્યાંકનનો કાર્યક્રમ ન બની રહેતાં સતત સુધારણા માટેનો કાર્યક્રમ બને તે માટે ગુણોત્સવના સ્વરૂપમાં પણ સમયાંતરે બદલાવ થતો રહ્યો છે.

ગુણોત્સવ કાર્યક્રમની સાફલ્યગાથા જોતાં ગુજરાત સરકારની સરકારી અને અનુદાનિત શાળાઓની શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃદ્ધિ કરવામાં ગુણોત્સવ કાર્યક્રમ મહદઅંશે સફળ રહ્યો છે એ બાબતમાં કોઇ શંકા નથી તેમ છતાં અત્યાર સુધીના ગુણોત્સવનાં પરિણામો, National Achievement Survey (NAS) તેમજ ASER (Annual Status of Educational Report) જેવા લર્નિંગ આઉટકમ્સ આધારિત સર્વેક્ષણોના પરિણામો પરથી એવું જોવા મળ્યું છે કે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરા પાડવાના પ્રયત્નોમાં વધુ સુધાર લાવવાની જરૂર જણાઈ. શાળાઓમાં વર્ષમાં એકાદવાર મૂલ્યાંકન કરવાના સ્થાને શાળાઓને

સતત નિયમિત રીતે પ્રતિપોષણ અને મદદ મળતાં રહે; માર્ગદર્શન મળતું રહે; સુરક્ષિત અને તંદુરસ્ત અધ્યયન વાતાવરણનું નિર્માણ થાય એવો વિચાર દઢ બન્યો. અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ માટે અધ્યયન અધ્યાપનની પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય અને તે વધુ અસરકારક બને તે માટેના પ્રયાસ સુનિશ્ચિત કરવાની જરૂર જણાઈ. આ વિચારો ગુણોત્સવ કાર્યક્રમનું સંવર્ધન કરી શાળામાં થતી શૈક્ષણિક પ્રક્રિયાઓની ગુણવત્તાને મૂલવે તેવા કાર્યક્રમ ગુણોત્સવ ૨.૦ તરફ દોરી ગયા.

- **ગુણોત્સવ ૨.૦ કાર્યક્રમ શું છે?**

ગુણોત્સવ ૨.૦ એ અગાઉ ચાલતા ગુણોત્સવ કાર્યક્રમનું સંવર્ધિત રૂપ છે. ગુણોત્સવની શરૂઆત થયાના વર્ષથી દસ વર્ષ જેટલા સમયગાળામાં રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ શિક્ષણમાં ઘણાં પરિવર્તનો આવ્યાં છે. જેમાં RTE ૨૦૦૯, સમગ્ર શિક્ષા અને ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે થયેલા ક્રમિક ગુણવત્તાલક્ષી નવતર પ્રયાસો જેવા કે એકમ (સામયિક) કસોટી, ઓનલાઈન હાજરી, સત્રાંત કસોટી પદ્ધતિ સુધારણા, શિક્ષણમાં ટેકનોલૉજીનો ઉપયોગ જેવી બાબતોનો સમાવેશ કરી શકાય. શિક્ષણમાં આવેલા આ બદલાવની સાથે શાળાની ગુણવત્તાના માપન અને માન્યતા સંદર્ભે દેશ અને વિશ્વમાં પ્રવર્તમાન મૂલ્યાંકન માળખાનો સ્થાનિક સંદર્ભમાં વિચાર પણ ગુણોત્સવના સંવર્ધનમાં ભાગ ભજવતું પરિબળ બની રહે છે. આ બંને બાબતોને ધ્યાને લેતાં ગુણોત્સવને ગુણોત્સવ ૨.૦ના સ્વરૂપમાં 'સ્કૂલ એક્રેડિટેશન' કાર્યક્રમ તરીકે વિકસાવવામાં આવ્યો છે.

ગુણોત્સવ ૨.૦ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિશ્વની શ્રેષ્ઠ એક્રેડિટેશન પ્રણાલીઓ અને સ્થાનિક પરિપ્રેક્ષ્યનો ઉચિત સમન્વય કરી રાજયની શાળાઓનું વૈજ્ઞાનિક અને અનાત્મલક્ષી મૂલ્યાંકન કરવાનો છે. આ મૂલ્યાંકનનો આશય શાળાઓની સારી બાબતો અને સુધારણાના ક્ષેત્રોની ઓળખ કરી તેમને સતત મદદરૂપ થવાનો છે. ગુણોત્સવ ૨.૦ના પરિણામો શાળાઓને એવી શાળા વિકાસ યોજના તૈયાર કરવા મદદરૂપ બનશે કે જેનાથી શાળા સતત અને ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરી શકશે. આમ, ગુણોત્સવ ૨.૦ કાર્યક્રમ શાળાઓને તેમના પ્રવર્તમાન સ્તરથી સતત આગળ વધવા માટે સમગ્ર વર્ષ દરમિયાન સહયોગ પૂરો પાડતો ગુણવત્તાલક્ષી ગતિશીલ (Dynamic) કાર્યક્રમ બને છે.

ગુણોત્સવને ગુણોત્સવ ૨.૦માં પરિષ્કૃત કરતા તેમાં આવેલ મુખ્ય ફેરફાર અહીં દર્શાવ્યા મુજબ છે.

- **સમગ્ર વર્ષ દરમિયાન ચાલતો નિયમિત કાર્યક્રમ:**

અગાઉ શૈક્ષણિક વર્ષના કોઈ ત્રણ દિવસ દરમિયાન એક મિશન સ્વરૂપે ગુણોત્સવ કાર્યક્રમ યોજાતો. જેની આગોતરી જાણ શાળાઓને રહેતી અને શાળાઓ પોતાના મૂલ્યાંકનના નિયત દિવસ સુધીમાં જરૂરી તૈયારી કરી લેતી. ગુણોત્સવ ૨.૦ માં સમગ્ર વર્ષ દરમિયાન સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી ચાલે છે. રાજ્ય કક્ષાએથી જે તે દિવસ માટે એક્રેડિટેશન કરવાની શાળાઓ રેન્ડમલી પસંદ થાય છે. પસંદ થયેલ શાળાઓને મુલાકાતના ૧ કે ૨ દિવસ અગાઉ તેની જાણ થાય છે. આથી પ્રત્યેક શાળાએ પોતાને ત્યાં આજે જ ગુણોત્સવ આવી શકે તેવી તૈયારીમાં રહેવાનું થાય છે. આ શાળાઓને સતત ગુણવત્તાલક્ષી કાર્ય કરવા પ્રેરતો અગત્યનો ફેરફાર છે.

- **તમામ શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન:**

અગાઉ ગુણોત્સવમાં પ્રત્યેક બાહ્ય મૂલ્યાંકનકાર રોજની એક એમ કુલ ત્રણ શાળાઓનું મૂલ્યાંકન કરતા. આમ, દર વર્ષે રાજયની કુલ શાળાઓમાંથી ૩૦% જેટલી શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન શક્ય બનતું જયારે ૭૦% જેટલી શાળાઓનો ગ્રેડ સ્વ-મૂલ્યાંકનના આધારે નક્કી થતો. ગુણોત્સવ ૨.૦ માં એક્રેડિટેશન હેઠળની તમામ શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન થાય છે. આમ, ગુણોત્સવ ૨.૦ માં પ્રત્યેક શાળાને બાહ્ય મૂલ્યાંકનની પ્રક્રિયામાં સમાવવાથી પરિણામો વધુ વિશ્વસનીય બને છે.

- **વિદ્યાર્થી સંખ્યા આધારે મૂલ્યાંકન માટેના દિવસોની ફાળવણી:**

અગાઉ ગુણોત્સવમાં પ્રત્યેક શાળાના મૂલ્યાંકન માટે એક દિવસની ફાળવણી થતી. મૂલ્યાંકનકારે એક જ દિવસમાં કાર્ય પૂર્ણ કરવાનું રહેતુ ભલે પછી તે શાળામાં ૫૦ વિદ્યાર્થીઓ હો કે ૫૦૦. ગુણોત્સવના અનુભવોને આધારે મૂલ્યાંકન માટે વિદ્યાર્થી સંખ્યા આધારિત દિવસ ફાળવણીના અભિગમનો વિચાર આવ્યો. હવે, રાજયની પ્રાથમિક શાળાઓનું વિદ્યાર્થી સંખ્યાને આધારે X, Y, Z અને Z-કેટેગરીમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. ગુણોત્સવ ૨.૦માં મૂલ્યાંકનના કામગીરીના દિવસો નક્કી કરવા શાળા કેટગરી ધ્યાને લેવામાં આવે છે. શાળાની કેટગરીના આધારે શાળાના મૂલ્યાંકન (એક્રેડિટેશન) માટે ૧ દિવસ (1 Man

Day) થી લઈને ૪ દિવસ (4 Man Days) સુધીનો સમય ફાળવવામાં આવે છે. આથી મૂલ્યાંકનકાર પ્રત્યેક શાળામાં મૂલ્યાંકન માળખામાં સમાવિષ્ટ પ્રત્યેક બાબતનું ઝીણવટપૂર્વક અવલોકન કરી શકે છે.

- **ગુણોત્સવ કાર્યક્રમનું સંસ્થાકરણ અને મૂલ્યાંકન માટે તાલીમબદ્ધ મૂલ્યાંકનકારઃ**

અગાઉ શિક્ષણ વિભાગના માર્ગદર્શનમાં રાજ્ય કક્ષાની એક કરતા વધારે કચેરીઓના સંકલનમાં ગુણોત્સવ કાર્યક્રમ યોજાતો. આ પ્રકારે યોજાતા ગુણોત્સવમાં રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોમાંથી મૂલ્યાંકનકારોની સેવા મેળવવામાં આવતી. હવે, ગુણોત્સવને સ્કૂલ એક્રેડિટેશન કાર્યક્રમ (ગુણોત્સવ ૨.૦)માં અપગ્રેડ કરવાથી આ સમગ્ર કાર્યક્રમ GSQAC (ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ) નામની શિક્ષણ વિભાગની સ્વાયત સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવે છે. આમ, હવે સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી માટે શિક્ષણ વિભાગની એક સ્વાયત સંસ્થા GSQAC ના સ્વરૂપમાં અસ્તિત્વમાં આવી છે.

GSQAC અંતર્ગત યોજાતા સ્કૂલ એક્રેડિટેશન (ગુણોત્સવ ૨.૦) કાર્યક્રમમાં મૂલ્યાંકન માટે પ્રશિક્ષિત એવા સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ (SIs) કાર્ય કરી રહ્યા છે. આ સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ શિક્ષણ ક્ષેત્રના અનુભવી એવા શિક્ષકો/ મુખ્ય શિક્ષકો છે જેમની પસંદગી ત્રિ-સ્તરીય પસંદગી પદ્ધતિ (હેતુલક્ષી પરીક્ષા – વર્ણાનાત્મક પરીક્ષા – ઓબ્ઝર્વેશનલ વર્કશોપ)થી કરવામાં આવી છે. પસંદગી બાદ સ્કૂલ ઈન્સ્પેક્ટર્સને એક્રેડિટેશનની પ્રક્રિયા સંબંધિત તાલીમો આપીને આ કામગીરી માટે તૈયાર કરવામાં આવ્યા છે. હાલ રાજ્યમાં ૪૬૦ કરતા વધુ સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ કાર્યરત છે.

- **સંવર્ધિત મૂલ્યાંકન માળખું–પ્રક્રિયા પર ભારઃ**

ગુણોત્સવ કાર્યક્રમને ગુણોત્સવ ૨.૦માં અપગ્રેડ કરવાથી તેમાં આવેલ મહત્ત્વનો ફેરફાર એટલે સંવર્ધિત મૂલ્યાંકન માળખું અથવા સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્ક. ગુણોત્સવ ૨.૦ નું ફ્રેમવર્ક તૈયાર કરતી વખતે વિશ્વમાં સ્કૂલ એક્રેડિટેશનના ક્ષેત્રમાં ચાલતી બેસ્ટ પ્રેક્ટિસિસનો અભ્યાસ કારવામાં આવ્યો હતો. ફ્રેમવર્કના નિર્માણ માટે રાજ્ય કક્ષાએ એક કમિટિનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ કમિટિમાં શિક્ષણ સંબંધિત તમામ સ્ટેટ હોલ્ડર્સનું પ્રતિનિધિત્વ હતું. આ કમિટિમાં શિક્ષકથી લઈને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સામેલ હતા. ફ્રેમવર્ક નિર્માણ સમયે માનનીય શિક્ષણ મંત્રીના ઈનપુટ્સ પણ મળ્યા હતા. ફ્રેમવર્ક સંરચનામાં વિશ્વની શ્રેષ્ઠ એક્રેડિટેશન પ્રણાલીઓના અભ્યાસથી મળેલ સૂઝની સાથે રાજ્યના સ્થાનિક પરિપ્રેક્ષ્ય સાથે તેની સુસંગતતાનો વિચાર પણ કરવામાં આવ્યો છે. આ બધા પ્રયત્નોના પરિણામ સ્વરૂપ પ્રવર્તમાન ફ્રેમવર્ક તૈયાર થયું છે.

ગુણોત્સવ ૨.૦ના આ ફ્રેમવર્કમાં ચાર મુખ્યક્ષેત્રો (૧. અધ્યયન અને અધ્યાપન, ૨. શાળા વ્યવસ્થાપન, ૩. સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, અને ૪. સંસાધનો અને તેનો ઉપયોગ) છે. આ મુખ્ય ક્ષેત્રો અંતર્ગત ક્રમિક રીતે નીચે જતાં પેટા ક્ષેત્રો, માપદંડો અને સૂચકો (ઇન્ડિકેટર્સ) આવે છે. જેનો વિગતે પરિચય આપને આ અંકના આગામી લેખોમાં થશે. ચાર મુખ્યક્ષેત્રો પૈકી સૌથી વધુ ભારણ ધરાવતું મુખ્યક્ષેત્ર 'અધ્યયન અને અધ્યાપન' છે, જેનું કુલ ભારણ ૫૪% છે. આ મુખ્યક્ષેત્રમાં એકમ (સામયિક) કસોટીની પ્રક્રિયા, સત્રાંત કસોટીની પ્રક્રિયા અને વર્ગખંડ પ્રક્રિયા જેવી બાબતો કેન્દ્ર સ્થાને છે. ગુણોત્સવ ૨.૦ અંતર્ગત સ્કૂલ ઈન્સ્પેક્ટર દ્વારા વર્ગખંડ પ્રક્રિયાનું અવલોકન પણ કરવામાં આવે છે. આમ, ગુણોત્સવ ૨.૦માં શાળાકીય પ્રવૃત્તિઓ/ શૈક્ષણિક કામગીરીની process ના મૂલ્યાંકન પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

- **ટૅકનોલૉજીનો વિશેષ ઉપયોગઃ**

ગુણોત્સવ કાર્યક્રમના ક્રમિક વિકસની સાથે તેમાં ટેક્નોલોજીના ઉપયોગમાં પણ વધારો થતો રહ્યો છે પરંતુ ગુણોત્સવ ૨.૦માં ટૅકનોલૉજીનો મહત્તમ ઉપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

GSQAC અંતર્ગત કાર્યરત સ્કૂલ ઈન્સ્પેક્ટર્સને GPS Enabled ટેબ્લેટ્સ આપવામાં આવ્યા છે. આ ટેબ્લેટમાં SIs ને સ્કૂલ એક્રેડિટેશન માટેની એન્ડ્રોઈડ એપ્લિકેશન અને શાળા અવલોકન માટેનું સોફ્ટવેર આધારિત ચેકલિસ્ટ આપવામાં આવે છે. આ બંને ટૂલ્સની મદદથી SIs એ શાળામાં તેમને જોવા મળેલ સ્થિતિના અવલોકનની નોંધ કરવાની હોય છે. સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ શાળાને જાતે જ કોઈ ગુણ આપતા નથી. સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ દ્વારા નોંધાયેલાં અવલોકનોને આધારે સોફ્ટવેર દ્વારા પ્રત્યેક માપદંડ માટે સ્કોર જનરેટ થાય છે. આ સ્કોર સર્વર પર સ્ટેટ ટીમને મળે

છે. જેના ક્વોલિટી એસ્યોરન્સ બાદ GSQAC ના પોર્ટલ પર શાળાઓના સ્કૂલ એક્રેડિટેશન રીપોર્ટ કાર્ડ જનરેટ થાય છે.

**• શાળાઓને પ્રોત્સાહન મળે તેવી નવી ગ્રેડિંગ પદ્ધતિઃ**

અગાઉના ગુણોત્સંવમાં શાળાઓને ૧૦માંથી પ્રાપ્ત કુલ ગુણ ના આધારે A+ (૮.૮ થી ૧૦), A (૭.૫ થી ૮.૭), B (૬.૨ થી ૭.૪), C (૪.૯ થી ૬.૧) અને D (૪.૮ થી ઓછા) એવા ગ્રેડ આપવામાં આવતા. ગુણોત્સવ ૨.૦ માં આ પ્રકારની ગ્રેડિંગ વ્યવસ્થા ચાલુ રાખવામાં આવી છે પરંતુ ગ્રેડ આપવા માટેની ટકાવારીનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત ગ્રેડિંગ પદ્ધતિમાં કલર કોડ અને સ્ટાર રેંકિંગનો અભિગમ દાખલ કરવામાં આવ્યો છે (જેના વિશે આપ હવે પછીના લેખોમાં વિગતે જાણી શકશો). સ્કૂલ એક્રેડિટેશનમાં ૭૫% થી ૧૦૦% ગુણાંકન પ્રાપ્ત કરનાર શાળાને ગ્રીન કલર કોડ આપવામાં આવે છે. જેમાં ૭૫% થી ૮૫% સુધીના સ્કોર ધરાવતી શાળાઓને A ગ્રેડ અને ૮૫% થી ૧૦૦% સુધીના સ્કોર કરનાર શાળાઓને A+ ગ્રેડ આપવામાં આવે છે. આપણે સૌ જાણીએ છીએ કે જે શાળાઓ A અને A+ ગ્રેડમાં છે તે શાળાઓ શૈક્ષણિક ગુણવત્તાની ઉચ્ચ કક્ષામાં છે આવી શાળાઓની ગુણવત્તામાં વધુ ઉપર જવું એ ઘણો પરિશ્રમ માંગી લેતું કાર્ય છે. આથી ગ્રેડિંગ પદ્ધતિમાં કરવામાં આવેલ મુખ્ય ફેરફાર એ સ્ટાર રેંકિંગ પદ્ધતિનો સમાવેશ છે. સ્ટાર રેંકિંગ પદ્ધતિ મુજબ A અને A+ ગ્રેડ અને ગ્રીન કેટગરીની શાળાઓમાં પ્રત્યેક ૫ % ના અંતરાલ પર એક સ્ટાર આપવાની પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. આમ, ૭૫ % થી ૧૦૦% સુધીમાં શાળાઓની પાંચ કક્ષા ગ્રીન વીથ ૧ સ્ટાર (Green With 1 Star) થી લઈને ગ્રીન વીથ ૫ સ્ટાર (Green With 5 Star)માં વિભાજિત કરી શકાય છે. આવું કરવાથી ગ્રેડિંગ પદ્ધતિના ઉપરના એક ચર્તુથાંશ ભાગમાં શાળાઓને ગુણવત્તા સુધારણા સાથે ક્રમશઃ વધુ સ્ટાર મળતા જાય છે જે શાળાઓને વધુ સારુ કાર્ય કરવા પ્રેરિત કરે છે.

**• વિગતવાર માહિતી દર્શાવતું સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ અને તેના આધારે શાળાઓનું હેન્ડ હોલ્ડિંગઃ**

ગુણોત્સવ ૨.૦ અંતર્ગત શાળામાં મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયા બાદ શાળાઓ પોતાના એક્રેડિટેશન રિપોર્ટ GSQAC ના પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકે છે. અગાઉના ગુણોત્સવમાં શાળાઓને અપાતા રિપોર્ટ કાર્ડની તુલનામાં સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ વધુ માહિતીસભર (Detailed) બનાવવામાં આવ્યા છે. આ રિપોર્ટ કાર્ડ દ્વારા શાળાઓને મુખ્યક્ષેત્રથી લઈને તેમાં સમાવિષ્ટ માપદંડો સુધીના ગુણાંકનનો ખ્યાલ આવે છે. રિપોર્ટ કાર્ડમાં શાળાની સારી બાબતો અને સુધારણા યોગ્ય બાબતોની સ્પષ્ટ ઓળખ કરી આપવામાં આવે છે. રિપોર્ટ કાર્ડના અભ્યાસ દ્વારા શાળાઓને પોતાની આગામી શાળા વિકાસ યોજના બનાવવા માટે ઇનપુટ્સ મળી રહે તેવા આશયથી રિપોર્ટ કાર્ડમાં પર્યાપ્ત વિગતો આપવામાં આવે છે. એક્રેડિટેશનમાં જે શાળાઓ અપેક્ષિત દેખાવ કરી શકી નથી તેવી શાળાઓનું સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના માર્ગદર્શનમાં હેન્ડહોલ્ડિંગની વ્યવસ્થા ગુણોત્સવ ૨.૦ અંતર્ગત કરવામાં આવે છે. આમ, ગુણોત્સવ ૨.૦ એ શાળાને એક્રેડિટેશનનો રિપોર્ટ આપવા સુધી સિમિત ન રહેતાં એક્રેડિટેશનના પરિણામોને આધારે સમગ્ર શિક્ષણતંત્ર દ્વારા શાળાને જરૂરી પ્રતિપોષણ, માર્ગદર્શન અને મદદ મળી રહે તે સુનિશ્ચિત કરવાનો કાર્યક્રમ છે.


આમ, ગુણોત્સવ કાર્યક્રમને ગુણોત્સવ ૨.૦ માં અપગ્રેડ કરતી વખતે તેમાં શક્ય તેટલા ગુણાત્મક સુધારણા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અસરકારક ફ્રેમવર્ક, તાલીમબદ્ધ સ્કૂલ ઇન્સ્પેકટર્સ અને ટેકનોલૉજીના ઉપયોગના સમન્વયથી સમગ્ર એક્રેડિટેશન પ્રક્રિયાને અનાત્મલક્ષી અને વૈજ્ઞાનિક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગુણોત્સવ ૨.૦ ના અમલથી આપણું રાજય National Education Policy ના સ્કૂલ એક્રેડિટેશનના વિચારના અમલની દિશામાં અન્ય રાજયોની તુલનામાં એક કદમ આગળ છે તેમ કહી શકાય. NEP ની અમલવારી સાથે ભવિષ્યમાં શિક્ષણ ક્ષેત્રે થનાર ફેરફારોને આધારે ગુણોત્સવ ૨.૦ કાર્યક્રમ વિકસતો રહેશે અને તેના થકી રાજયમાં ગુણવત્તાલક્ષી પહેલમાં આપણે અગ્રેસર રહીશું એવી અપેક્ષા છે.

– જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, મહેસાણા,
શૈક્ષણિક સલાહકાર, GSQAC, ગાંધીનગર.

# ગુણોત્સવ ૨.૦ નું અમલીકરણ

— સંકલન

**સમગ્ર રાજ્યમાં ગુણોત્સવ ૨.૦ નું સુચારૂ અમલીકરણ થાય તેમજ ગુણોત્સવ ૨.૦ અંતર્ગત રાજ્યની તમામ શાળાઓને પોતાના પરિણામની જાણ થાય તે હેતુસર ગુણોત્સવની સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયાનો પરિચય મેળવીએ.**





(૧) ફ્રેમવર્કનું નિર્માણ

શિક્ષણક્ષેત્રનાં બદલાતા પ્રવાહો સાથે સુસંગત રહેવાના પ્રયત્નોના ભાગરૂપે તેમજ ગુણોત્સવ ૧ થી ૮ ની અમલવારી દરમિયાન જે પણ નવા અનુભવો પ્રાપ્ત થયા તેને ધ્યાને લઇને GSQAC દ્વારા શાળામાં ચાલતી પ્રક્રિયાઓના મૂલ્યાંકન તેમજ અધ્યયન નિષ્પત્તિઓની સુધારણા પર ભાર આપતું એક્રેડિટેશન ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવ્યું હતું. આ ફ્રેમવર્ક તૈયાર કરવામાં નીચે મુજબની વ્યાપક રૂપરેખા અપનાવવામાં આવી હતી.

- એક્રેડિટેશન માટે વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફ્રેમવર્કની તુલનાત્મક સમજ મેળવવી
- વિવિધ ફ્રેમવર્કસમાંથી રાજ્યને સુસંગત ક્ષેત્રની ઓળખ કરવી
- ગુણોત્સવ ૨.૦ની પરિકલ્પના તથા ક્ષેત્રો બાબતે ચર્ચા કરીને સહમતી મેળવી
- ગુણોત્સવના પ્રથમ સંસ્કરણમાંથી શીખેલી બાબતો, શ્રી માંકડ સમિતિની ભલામણો તેમજ આંતરરાષ્ટ્રીય best Practicesના આધારે ફ્રેમવર્કમાં જરૂરી સુધારા કરવા
- સુધારેલ ફ્રેમવર્કને અંતિમ સ્વરૂપ આપીને તેના અમલીકરણ માટેનું આયોજન તૈયાર કરવું

ઉપરોક્ત ઉદેશોને સિદ્ધ કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા અનુસરવામાં આવેલ હતી.



શિક્ષણ વિભાગ દ્વારા GCERTના નેતૃત્વ નીચે DIETs, DEOs, DPEOs જેવી કચેરીઓમાંથી મુખ્ય અધિકારીઓ તેમજ સેવામાં હોય તેવા શિક્ષકો, મુખ્ય શિક્ષકો તથા RTT (Read to teach) સંસ્થામાંથી મુખ્ય સ્ટેકહોલ્ડર્સ પસંદ કરીને ફ્રેમવર્ક રચનાની કામગીરી કરવામાં આવી હતી. ફ્રેમવર્કને અંતિમ સ્વરૂપ આપ્યા બાદ માન. શિક્ષણમંત્રી દ્વારા ફ્રેમવર્કને મંજૂર કરાવવામાં આવ્યું હતું.

મંજૂર થયેલ ફ્રેમવર્કને આધારે તમામ મુખ્ય ક્ષેત્રો તેમજ પેટાક્ષેત્રોની સૈદ્ધાંતિક મંજૂરીના આધારે તમામ ફ્રેમવર્કના વિધાનો પર તટસ્થતાથી મૂલ્યાંકન થઈ શકે તે હેતુથી વિધાનો માટે ચેકલીસ્ટની રચના કરવામાં આવી હતી.

**(૨) સ્કૂલ ઈન્સ્પેક્ટર્સની પસંદગી**

ત્રણ તબક્કાની પસંદગી પ્રક્રિયા દ્વારા ૫૦૦ જેટલા સ્કૂલ ઈન્સ્પેકટરની પસંદગી કરવામાં આવી છે.




| | | |
|---|---|---|
| • ૧૫૦ ગુણની MCQ આધારિત પરીક્ષા<br>• ૧૬૭૫૯ અરજીઓ<br>• ૧૨૦૭૦ પરીક્ષાર્થીઓ<br>• ૧૭૫૯ સફળ થયા | • ૭૫ ગુણની વર્ણનાત્મક સ્વરૂપની પરીક્ષા<br>• ૧૫૩૯ પરીક્ષાર્થીઓ | • અવલોકન અને મૂલ્યાંકન ક્ષમતાની ચકાસણી<br>• ૮૫૨ ઉમેદવારોએ ભાગ લીધો હતો |

**તબક્કો-૧ : MCQ આધારિત એલિમિનેશન પરીક્ષા**

ઓનલાઈન આવેલી અરજીનો આધારે ઉમેદવારો માટે પ્રાથમિક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક કક્ષાની આ પરીક્ષામાં MCQ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતાં. આ એલિમિનેશન રાઉન્ડમાં કુલ ૧૫૦ ગુણની પરીક્ષા રાખવામાં આવી હતી જેમાં ઉમેદવારોની યોગ્યતા માપવામાં આવી હતી.

**તબક્કો-૨ : મુખ્ય પરીક્ષા**


આ તબક્કામાં, અગાઉના સોપાનમાં ઉત્તીર્ણ થયેલ મહત્વાકાંક્ષી ઉમેદવારોને વર્ણનાત્મક સ્વરૂપની લેખિત પરીક્ષા આપવાનું જણાવવામાં આવ્યું. ઉમેદવારોની લાયકાત, વિશ્લેષણાત્મક કૌશલ્યો અને લેખિત અભિવ્યક્તિ ચકાસવાના હેતુથી આ પરીક્ષા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET)ની મદદથી યોજવામાં આવી હતી. ઉમેદવારોએ મેળવેલા ગુણના આધારે જિલ્લાવાર મેરીટ લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું.

**તબક્કો-૩ : ઓબ્ઝર્વેશન વર્કશોપ**

મુખ્ય પરીક્ષાના રાઉન્ડમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને ઓબ્ઝર્વેશન વર્કશોપમાં સહભાગી બનાવવામાં આવ્યા હતા. આ વર્કશોપનો હેતુ અવલોકન અને વિશ્લેષણ કૌશલ્યોના આધારે સંભવિત SIની વ્યાવસાયિક ક્ષમતાનું મૂલ્યાંકન કરવાનો હતો. ઉમેદવારોને વિવિધ કાર્યો અને પ્રવૃત્તિઓ સોંપવામાં આવી હતી જેના દ્વારા અવલોકનકર્તા તરીકેની તેમની ક્ષમતાને સમજી શકાય.

કૌશલ્યોનું મૂલ્યાંકન કરવા ઉપરાંત, આ કામગીરીમાં તેમની પાસેથી રાખવામાં આવતી અપેક્ષાઓ બાબતે તેમને પૂરતા માહિતગાર કરીને SIની ભૂમિકા બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી. અંતિમ પગલાંમાં, શોર્ટલિસ્ટ થયેલા ઉમેદવારોને SIs તરીકે નિમણૂક આપવા માટે તેમની ઔપચારિક મંજૂરી લેવામાં આવી હતી.

(૩) સ્કૂલ ઈન્સ્પેક્ટર્સની તાલીમ :




ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે અસરકારક સ્કૂલ ઈન્સ્પેક્શન જરૂરી છે તે તથ્યને ધ્યાને રાખીને, હાલમાં કાર્યરત શિક્ષકો અને મુખ્ય શિક્ષકોમાંથી સ્કૂલ ઈન્સ્પેક્ટર્સની પસંદગી અને નિમણૂક કરવામાં આવી હતી. અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયાની સાથે સાથે શાળાકીય વાતાવરણના મહત્ત્વને સમજનાર નિષ્ણાતોની મદદથી તેઓને તેમનાં કાર્યો અસરકારક રીતે તેમજ નિયત ધોરણો અનુસાર કરવા માટે તાલીમબદ્ધ કરવામાં આવ્યા હતા. વર્ગખંડલક્ષી અવલોકન, શિક્ષકોનાં કૌશલ્યોનું આકલન, મુખ્ય શિક્ષકો અને શિક્ષકો સાથે કામગીરીનું આદાન-પ્રદાન, પ્રત્યાયન વ્યૂહરચનાઓ વગેરે બાબતે તેમનું જ્ઞાન વધારી શકાય તે રીતે તાલીમ કાર્યક્રમો તૈયાર કરવામાં આવ્યા. આ તાલીમ કાર્યક્રમના હેતુઓ નીચે મુજબ હતા.

- SIs ની ભૂમિકાઓ અને જવાબદારીઓ સ્પષ્ટ કરવી
- SIs માં ગુણોત્સવ ૨.૦ ની સમજ વધારવી
- SIs અસરકારક રીતે પોતાની જવાબદારીઓ નિભાવે તે માટે મદદ પૂરી પાડવી
- વર્તમાન પ્રક્રિયાઓ, શાળા વિકાસ યોજના (SDP), શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC), મધ્યાહ્ન ભોજન તથા અન્ય યોજનાઓ બાબતે SIsને અપડેટ કરવા

(૪) સ્કૂલ ઈન્સ્પેક્શન :


SIsની પૂરી ટીમની તાલીમ થઈ ગયા બાદ, તેઓ સ્કૂલ એક્રેડિટેશન કાર્યક્રમના તબક્કાવાર અમલીકરણ માટે તૈયાર હતા. સ્કૂલ ઈન્સ્પેક્શનના આ તબક્કાના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ હતા.

- પસંદગી પામેલ SIs મારફત સ્વતંત્ર રીતે ત્રાહિત વ્યક્તિ તરીકે ઈન્સ્પેક્શનની શરૂઆત કરવી
- નિર્ધારિત ફ્રેમવર્ક મુજબ નિષ્પક્ષ ઈન્સ્પેક્શન સુનિશ્ચિત કરવું
- તમામ શાળાઓને વર્ષમાં ઓછામાં ઓછા એક વખત ઈન્સ્પેક્શન પ્રક્રિયામાં આવરી લેવી

એક્રેડિટેશન પ્રક્રિયા એ સઘન અને જટિલ પ્રક્રિયા છે, જે મુખ્યત્વે SIs દ્વારા સ્કૂલ ઈન્સ્પેક્શન દરમિયાન કરવામાં આવતાં અવલોકનો પર આધારિત છે. આ જટિલ પરિબળને ધ્યાને લઈને, GSQAC દ્વારા એ નિશ્ચિત કરવામાં આવ્યું કે ઈન્સ્પેક્શનના દરેક તબક્કા દરમિયાન (એટલે કે, શાળા ફાળવણીથી લઈને સ્કૂલ રિપોર્ટ કાર્ડ આપવામાં આવે ત્યાં સુધી) પ્રામાણિક અને પારદર્શી પ્રક્રિયા અનુસરવામાં આવે.

કાર્યક્રમને વાસ્તવિક રીતે અમલમાં મૂકતાં પહેલાં, એક્રેડિટેશન પ્રક્રિયાની કાર્યાન્વિતતા ચકાસવા પસંદગીયુક્ત SIs મારફત પ્રાયોગિક ધોરણે સ્કૂલ ઈન્સ્પેક્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રાયોગિક અમલવારીમાં અસરકારક શાળા ફાળવણી અને SIs દ્વારા ઉપયોગમાં લેવાના ફ્રેમવર્ક તથા ચેકલિસ્ટની તપાસ પણ સમાવિષ્ટ હતી તેમજ SIs નિયત સમય-મર્યાદામાં ઈન્સ્પેક્શન પૂર્ણ કરે તે નિશ્ચિત કરવામાં આવ્યું હતું. વ્યાપક સ્તરે કાર્યક્રમ અમલ કરતાં પહેલાં પ્રક્રિયાલક્ષી ઉણપોની ઓળખ કરીને તેમાં જરૂરી સુધારાઓ કરવામાં આવ્યા હતા ત્યારબાદ રાજ્યમાં વિધિવત રીતે સ્કૂલ એક્રીડીટેશનની કામગીરી ચાલુ કરવામાં આવી હતી.

સ્કૂલ ઈન્સ્પેક્શન માટે GSQAC દ્વારા અનુસરવામાં આવેલી પ્રક્રિયાઓ નીચે મુજબ છે.




## (૫) મોનીટરીંગ અને સમીક્ષા :

નીચે જણાવ્યા મુજબનાં ઉદ્દેશ્યો સાથે અસરકારક મોનીટરીંગ અને સમીક્ષાની ગોઠવણ કરવામાં આવી હતી :

- ઈન્સ્પેક્શન પ્રવૃતિઓ વખતે નક્કી કરવામાં આવેલ માર્ગદર્શિકાઓ અને ફ્રેમવર્કનું પાલન કરવું
- નક્કી કરેલ શાળાઓનું ઈન્સ્પેક્શન સમયસર થઈ જાય તે સુનિશ્ચિત કરવું
- થયેલી પ્રગતિની અપડેટ મેળવવી અને સુધારાત્મક પગલાં ભરવાં
- અમલીકરણ પ્રક્રિયા તપાસવી અને નિર્ધારિત પરિણામો મેળવ્યાં છે કે કેમ તે ચકાસવું

આયોજન મુજબ જ એક્રેડિટેશનની પ્રક્રિયા થઈ કે કેમ ? તે સુનિશ્ચિત કરવા અને થયેલી પ્રવૃત્તિઓની ગુણવત્તાનું આકલન કરવા રાજ્ય કક્ષાએ ૧૪ સ્કૂલ ઈન્સ્પેક્ટર્સની એક QA ટીમની રચના કરવામાં આવેલી છે. QA ટીમ દ્વારા એક્રીડીટેશન થયેલ શાળાઓના ડેટાની ચકાસણી કરવામાં આવે છે તેમજ ડેટા સંદર્ભે જોવા મળતી ક્ષતિઓનું નિવારણ કરવામાં સ્કૂલ ઈન્સ્પેક્ટર્સને આ ટીમ મદદરૂપ બને છે.

કાર્યક્રમના અસરકારક રોલ-આઉટ અને અપેક્ષિત પરિણામો મેળવવા માટે સમગ્ર કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવેલી પ્રવૃતિઓનું સમયસર મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનાં મોનીટરીંગ માટે નીચે મુજબની પ્રક્રિયા ધ્યાને લેવામાં આવી હતી.




## (૬) રિપોર્ટીંગ :

નિયત લક્ષ્યાંકો સામે કરેલ પ્રગતિને લગતી નિયમિત અપડેટ વિવિધ સ્ટેકહોલ્ડર્સને આપવા માટે રિપોર્ટીંગ કરવું ખૂબ જરૂરી છે. નીચેના ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખી રિપોર્ટીંગની કામગીરી કરવામાં આવી હતી.

- સ્ટેકહોલ્ડર્સને નિયમિત પ્રતિપોષણ આપવું
- ચોક્કસ સમયગાળા દરમિયાન ઈન્સ્પેક્શન કરાયેલી શાળાઓની સંખ્યા બાબતે અને નિયત લક્ષ્યાંકો સામે થયેલી પ્રગતિ અંગે સ્ટેકહોલ્ડર્સને માહિતગાર કરવા.
- આયોજન કરવામાં અને સુધારાત્મક પગલાં લેવામાં મદદરૂપ બનવું.

શાળાનાં પરિણામોનું વિશ્લેષણ કરવા અને સ્કૂલ રિપોર્ટ કાર્ડ તૈયાર કરવા માટે ઈન્સ્પેક્શન કરાયેલી શાળાઓના ડેટા મેળવવામાં આવતા હતા. ડેટાનો અભ્યાસ કરી અને તેની સમજણ મેળવવા તેમજ તારણો કાઢવા માટે વિવિધ વિશ્લેષણના ટુલ્સ અને ફિલ્ટરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

રિપોર્ટીંગની કામગીરી પૂર્ણ થયા બાદ રાજ્યની તમામ શાળાઓને રિપોર્ટકાર્ડ ઓનલાઈન પૂરાં પાડવામાં આવ્યાં હતાં.

# ગુણોત્સવ ૨.૦ – મૂલ્યાંકન માળખું

– સંકલન

**અહીં હાલમાં આકારિત થઈ રહેલા ગુણોત્સવ ૨.૦ માં શાળાના ભૌતિક અને શૈક્ષણિક માળખાનું મૂલ્યાંકન કેવી રીતે કરવામાં આવે છે. દરેક બાબતને કેટલો ભારાંક આપવામાં આવે છે, તેની વિગતવાર સમજ આપવામાં આવી છે. શાળાઓને પોતાની વિશેષતાઓ કઈ છે અને કઈ બાબતમાં સુધારવાની જરૂર છે તેનો ખ્યાલ આ માળખાને જોવાથી આવી શકશે.**

ગુજરાત રાજ્યમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની પહેલના ભાગ રૂપે "ગુણોત્સવ" કાર્યક્રમ વર્ષ ૨૦૦૯માં શરૂ કરવામાં આવ્યો. ૨૦૦૯થી શરુ થયેલ આ ગુણોત્સવ કાર્યક્રમ ૮વર્ષ સુધી ચાલ્યો અને ગુણોત્સવ ૧ થી ૮ના અનુભવોના પરિણામે રાજ્યને દરેક વિદ્યાર્થીનું વ્યક્તિગત પરિણામ તૈયાર કરવું, ચાઈલ્ડ ટ્રેકીંગ, ઉપચારાત્મક કાર્ય અને સતત ગુણવત્તા સુધારણા સાથે કંઈક વિશેષ પ્રાપ્ત થયું. આ વિશેષ એટલે ગુણોત્સવ ૨.૦ . ગુણોત્સવ ૨.૦ અત્યાર સુધીના ૧ થી ૮ ગુણોત્સવ કરતાં જો વિશેષ હોય તો તેનું મહત્વનું કારણ છે તેનું વિશિષ્ટ, અનાત્મલક્ષી અને વૈજ્ઞાનિક મૂલ્યાંકન માળખું. ચાલો, ગુણોત્સવ ૨.૦ના મૂલ્યાંકન માળખાંને સમજીએ.

ગુણોત્સવ ૨.૦નું માળખું મુખ્યત્વે ચાર મુખ્ય ક્ષેત્રો, પેટાક્ષેત્ર, માપદંડ અને ઈંડીકેટર્સમાં વહેંચાયેલું છે.

મુખ્ય ક્ષેત્ર ⟶ પેટાક્ષેત્ર ⟶ માપદંડ ⟶ ઈંડીકેટર્સ

**આ માળખાને મુખ્યક્ષેત્ર પ્રમાણે ભારાંક અને પેટાક્ષેત્રો તથા માપદંડની સંખ્યા દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | મુખ્ય ક્ષેત્રો | પેટાક્ષેત્રો | ભારાંક (%) | માપદંડો |
|---|---|---|---|---|
| ૧ | અધ્યયન અને અધ્યાપન | એકમ કસોટી | ૧૨ | ૬ |
| | | સત્રાંત કસોટી ૧ અને ૨ | ૧૨ | ૫ |
| | | અધ્યયન માટે અસરકારક વાતાવરણ | ૧૫ | ૬ |
| | | અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ | ૧૫ | ૫ |
| | | **કુલ** | **૫૪** | **૨૨** |
| ૨ | શાળા અધ્યાપન | શાળામાં હાજરી | ૧૦ | ૨ |
| | | શાળા સંચાલન | ૧૦ | ૩ |
| | | શાળા સલામતી | ૬ | ૨ |
| | | **કુલ** | **૨૬** | **૭** |
| ૩ | સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ | પ્રાર્થનાસંભા | ૨ | ૫ |
| | | યોગ, વ્યાયામ અને રમતગમત | ૨ | ૫ |
| | | વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી | ૪ | ૫ |
| | | રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી | ૪ | ૪ |
| | | **કુલ** | **૧૨** | **૧૯** |
| ૪ | સંસાધનો અને તેનો ઉપયોગ | પુસ્તકાલયનો ઉપયોગ | ૨ | ૨ |
| | | ટેક્નોલૉજીનો ઉપયોગ | ૨ | ૨ |
| | | મધ્યાહ્ન ભોજન યોજના | ૨ | ૫ |
| | | પાણી, શૌચાલય અને સ્વચ્છતા | ૨ | ૪ |
| | | **કુલ** | **૮** | **૧૩** |
| | | **એકંદરે કુલ** | **૧૦૦** | **૬૧** |

ચાલો આ મૂલ્યાંકન માળખાનાં મુખ્યક્ષેત્રોને તેના પેટાક્ષેત્ર અને માપદંડ તથા ઈંડીકેટર્સને વિગતે સમજીએ.

ગુણોત્સવ ૨.૦ અંતર્ગત પ્રથમ મુખ્ય ક્ષેત્ર અધ્યયન અને અધ્યાપન છે. એક્રેડીટેશન ફ્રેમવર્કમાં આ ક્ષેત્રને સૌથી વધારે મહત્ત્વનું ગણવામાં આવ્યું છે. આ ક્ષેત્ર અંતર્ગત એકમ કસોટી અને સત્રાંત પરીક્ષાનો સમાવેશ થાય છે તેને પેટા ક્ષેત્ર તરીકે સ્વીકારવામાં આવેલ છે. આ ઉપરાંત અધ્યયન માટે અસરકારક વર્ગખંડ વાતાવરણ અને અધ્યયન અધ્યાપન પ્રક્રિયાઓને ધ્યાનમાં લેવામાં આવી છે. આ મુખ્ય ક્ષેત્ર અંતર્ગત કુલ ૨૨ જેટલા સ્ટાન્ડર્ડસ (માપદંડ/ધોરણો) ૪ પેટાક્ષેત્ર હેઠળ ચકાસવામાં આવે છે. જેમાં નીચે પ્રમાણેના ૧૬ ઈન્ડીકેટર છે. અહીં અધ્યયન અને અધ્યાપન મુખ્યક્ષેત્ર તેના પેટાક્ષેત્ર તેના માપદંડ અને ઈન્ડીકેટર્સને વિગતે જોઈએ.

**મુખ્યક્ષેત્ર – ૧ અધ્યયન અને અધ્યાપન**

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | ભારાંક | માપદંડની સંખ્યા |
|---|---|---|---|
| અધ્યયન | એકમ કસોટી | ૧૨% | ૬ |
| અને | સત્રાંત કસોટી ૧ અને ૨ | ૧૫% | ૫ |
| અધ્યાપન | અધ્યયન માટે અસરકારક વાતાવરણ | ૧૨% | ૬ |
| | અધ્યાયન અધ્યાપન પ્રક્રિયાઓ | ૧૫% | ૫ |

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં એકમ કસોટી લેવામાં આવે છે. આ એકમ કસોટી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવે છે. પ્રત્યેક શનિવારે જે તે ધોરણ અને વિષયને અનુરૂપ ૨૫ ગુણની આ કસોટી શાળા કક્ષાએ લેવામાં આવે છે. એકમ કસોટી લેવા પાછળનો મુખ્ય હેતુ આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરવાની થતી અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિને જાણવા માટેનો છે. ઉપરાંત જ્યાં કચાશ જણાય છે તે વિદ્યાર્થીઓની કચાશ દૂર કરી શકાય તે માટે ઉપચારાત્મક શિક્ષણને પણ સઘન અને સફળતા બક્ષવાનો છે. આ પેટાક્ષેત્રને ચકાસવા સંદર્ભે એકમ કસોટીની પ્રક્રિયાને ધ્યાને રાખી કુલ ૬ માપદંડો રચવામાં આવેલા છે. આ છ માપદંડોના આધારે તૈયાર કરવામાં આવેલ ઈન્ડીકેટરની મદદથી એ જાણી શકાશે કે એકમ કસોટીનું શાળામાં યોગ્ય રીતે અમલીકરણ થઈ રહ્યું છે કે કેમ ? આ ૬ માપદંડને તેની સામે આપેલાં વિધાનો જેને આપણે ઈંડીકેટર્સ કહીએ છીએ તેના આધારે મૂલવવામાં આવે છે.

● **પેટાક્ષેત્ર -૧ એકમ કસોટી**

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| એકમ કસોટી | ૧. એકમ કસોટીની આન્સર બુકલેટમાં વિદ્યાર્થીઓના જવાબો |
| | ૨. એકમ કસોટીની આન્સર બુકલેટની ચકાસણી |
| | ૩. એકમ કસોટીની આન્સર બુકલેટમાં શિક્ષકોની ટિપ્પણીઓ |
| | ૪. ઉપચારાત્મક કાર્ય |
| | ૫. વાલીઓને જાણ |
| | ૬. એકમ કસોટીમાં સરેરાશ ગુણ |

ઉક્ત માપદંડ ચકાસવા સંદર્ભે નીચે મુજબની બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.

- સ્કૂલ ઈન્સ્પેકટર દ્વારા જે વર્ગની મુલાકાત લેવાની થાય તે વર્ગના કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૨૦% વિદ્યાર્થીઓની એકમ કસોટીની બુકલેટ/ઉત્તરવહી ચકાસવામાં આવે છે. જે વર્ગમાં ૨૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ છે ત્યાં ઓછામાં ઓછા ૫ વિદ્યાર્થીઓની એકમ કસોટીની બુકલેટ/ઉત્તરવહી ચકાસવામાં

આવે છે.

- શાળા મુલાકાત લેવાઈ હોય તેના અગાઉના શનિવાર સુધી જે એકમ કસોટી લેવામાં આવી હોય તેની ચકાસણી અત્રે કરવામાં આવે છે.
- એકમ કસોટી ચકાસતાં જો વિદ્યાર્થીઓના જવાબ શિક્ષકે લખાવેલ છે તેવું જણાય તો સમગ્ર માપદંડનું મૂલ્યાંકન કરવામાં આવતું નથી. આ પેટાક્ષેત્રના ગુણ શૂન્ય કરવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં ત્રણ કે ચાર વિદ્યાર્થીઓની એકમ કસોટીના ત્રણ કે ચાર પેઇજના ફોટોગ્રાફ્સ લઈ અપલોડ કરવામાં આવે છે જેની રાજ્ય કક્ષાએ ચકાસણી કરવામાં આવે છે.
- પસંદ કરેલા વિદ્યાર્થીઓની એકમ કસોટીની ચકાસણી કરતી વખતે જે બાબત જોવા મળે ત્યાં '✓' ની નિશાની કરવામાં આવે છે. જે વર્ગખંડમાં જે વિષય અંતર્ગત માપદંડની બાબતો ચકાસતાં કોઇ બાબત જોવા ન મળે એટલે કે મોટાભાગના વિદ્યાર્થીઓમાં એ બાબત જોવા મળતી નથી ત્યારે જે તે ખાનામાં '✓' ની નિશાની કરવામાં આવે છે.
- વધુમાં શાળા મુલાકાત સમયે કોઈ એક કે વધુ વિષયની એકમ કસોટી હજુ લેવાયેલ નથી એટલે કે રાજ્ય કક્ષાએથી હજુ આયોજન કરવામાં આવેલ નથી તેવા વિષયના ખાનામાં '✓' નિશાની કરવામાં આવે છે. જે તે ધોરણમાં લાગું પડતા ન હોય તેવા વિષયના ખાનામાં કોઈ નોંધ કરવામાં આવતી નથી.
- ધોરણની પસંદગીમાં ધોરણ ૧ અને ૨માંથી કોઈ એક; ધોરણ ૩, ૪ અને ૫ માંથી કોઈ એક તેમજ ધોરણ ૬, ૭ અને ૮ માંથી કોઈ એક ધોરણ પસંદ કરવામાં આવે છે.

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ દીઠ કોષ્ટક મુજબનાં વિધાનો નિયત કરવામાં આવ્યા છે.

**માપદંડ-૧ :** આ માપદંડ હેઠળ એકમ કસોટીમાં પૂછવામાં આવેલ પ્રશ્નો સંદર્ભે વિદ્યાર્થીઓએ આપેલ પ્રત્યુત્તરની ગુણવત્તા જાણવાનો પ્રકલ્પ રાખવામાં આવેલ છે. એકમ કસોટી અંતર્ગત પૂછવામાં આવતા પ્રશ્ન સંદર્ભે વિદ્યાર્થી પ્રશ્નની સૂચના અનુસાર જવાબ આપે છે કે કેમ, અધ્યયન નિષ્પત્તિઓની સમજ વિકસેલ છે કે કેમ અને જવાબ વાક્યરચનાની દૃષ્ટિએ શુદ્ધ છે કે કેમ તેની ચકાસણી કરવાનો હેતુ છે.

**માપદંડ-૨ :** આ માપદંડ હેઠળ વિદ્યાર્થીઓની એકમ કસોટીની આન્સર બુકલેટની શિક્ષક દ્વારા કરવામાં આવતી ચકાસણીની ગુણવત્તા ચકાસવાનો પ્રકલ્પ રાખવામાં આવેલો છે. જેમાં એકમ કસોટીની ચકાસણી થઈ છે કે કેમ, તેમાં વિદ્યાર્થીઓની ભૂલોનો નિર્દેશ કરેલ છે કે કેમ, ભૂલો મુજબ ગુણ કપાયાનો ઉલ્લેખ છે કે કેમ, તેમજ દરેક જવાબોને યોગ્ય ગુણ અપાયા છે કે કેમ તેની ચકાસણી કરવાનો હેતુ છે.

**માપદંડ-૩ :** આ માપદંડ હેઠળ એકમ કસોટીમાં વિદ્યાર્થીઓએ જે તે પ્રશ્નોના આપેલ પ્રત્યુત્તર પરત્વે શિક્ષક દ્વારા આપવામાં આવેલી ટિપ્પણીઓની ગુણવત્તા ચકાસવાનો પ્રકલ્પ રાખવામાં આવેલ છે. જેમાં આપેલી સૂચનાઓ ભૂલો સાથે સંબંધિત છે કે કેમ, સૂચનાઓ સમજવામાં સરળ છે કે કેમ અને તમામ ભૂલો આવરી લે તે રીતે લખેલ છે કે કેમ તેની ચકાસણી કરવાનો હેતુ છે.

**માપદંડ-૪ :** આ માપદંડ હેઠળ વિદ્યાર્થીઓના પ્રત્યુત્તરની ચકાસણી બાદ શિક્ષક દ્વારા જે તે પ્રશ્નના ઉત્તર સંદર્ભે કરવામાં આવતી ટિપ્પણીઓ/સૂચનાઓ અંતર્ગત આયોજિત કરવામાં આવતા ઉપચારાત્મક શિક્ષણની ગુણવત્તા જાણવાનો પ્રકલ્પ રાખવામાં આવેલો છે. જેમાં સૂચનોને અનુરૂપ ઉપચારાત્મક કાર્ય થાય છે કે કેમ, તમામ ભૂલોને આવરી લેતું ઉપચારાત્મક કાર્ય છે કે કેમ અને અધ્યયન નિષ્પત્તિને સમાવતું ઉપચારાત્મક કાર્ય થાય છે કે કેમ તેની ચકાસણી કરવાનો હેતુ છે.

**માપદંડ-૫ :** આ માપદંડ હેઠળ શિક્ષક દ્વારા આન્સર બુકલેટની ચકાસણી થયા બાદ આપવામાં આવેલ સૂચનાઓ, ઉપચારાત્મક કાર્ય સંદર્ભે શિક્ષકની સૂચના અંગેની જાણકારી વાલીને થયેલી છે તેની પૂર્તિ સ્વરૂપે એકમ કસોટીમાં સહી કરેલી છે કે કેમ તે જાણવાનો પ્રકલ્પ રાખવામાં આવેલ છે.

**માપદંડ-૬ :** આ માપદંડ હેઠળ જે દિવસે સ્કૂલ ઈન્સ્પેક્ટર દ્વારા મુલાકાત લેવામાં આવે છે તે દિવસ સુધી સમગ્ર (સર્વ) શિક્ષા અભિયાનના પોર્ટલ પર ઓનલાઈન કરવામાં આવેલ એકમ કસોટીના સરેરાશ ગુણને અત્રે ગણતરીમાં લેવામાં આવે છે.

આમ, ઉક્ત મુજબ દરેક માપદંડ આધારિત ચેકલીસ્ટ પર સ્કૂલ ઈન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ શાળા માટે નીચે મુજબના માળખા પ્રમાણે ગુણની ગણતરી કરવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ / ખૂબ સારું ૪ / સારું ૩ / મધ્યમ ૨ / નબળું ૧ / બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|
| ૧ | એકમ કસોટીની આન્સર બુકલેટમાં વિદ્યાર્થીઓના જવાબો | | એકમ કસોટીની આન્સર બુકલેટમાં વિદ્યાર્થીઓએ યોગ્ય રીતે જવાબો લખ્યા છે. |
| | | ૫ | તમામ વિદ્યાર્થીઓએ એકમ કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યા છે. |
| | | ૪ | મોટા ભાગના વિદ્યાર્થીઓએ એકમ કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યા છે. |
| | | ૩ | અડધાથી વધુ વિદ્યાર્થીઓએ એકમ કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યા છે. |
| | | ૨ | અડધાથી ઓછા વિદ્યાર્થીઓએ એકમ કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યા છે. |
| | | ૧ | થોડાક જ વિદ્યાર્થીઓએ એકમ કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યા છે. |
| | | ૦ | એક પણ વિદ્યાર્થીએ એકમ કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યો નથી. |
| ૨ | એકમકસોટીની આન્સર બુકલેટની ચકાસણી | | વિષયોની એકમ કસોટીની ઉત્તરવહીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. |
| | | ૫ | તમામ વિષયની એકમ કસોટીની ઉત્તરવહીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. |
| | | ૪ | મોટા ભાગના વિષયની એકમ કસોટીની ઉત્તરવહીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. |
| | | ૩ | અડધાથી વધુ વિષયની એકમ કસોટીની ઉત્તરવહીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. |
| | | ૨ | અડધાથી ઓછા વિષયની એકમ કસોટીની ઉત્તરવહીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. |
| | | ૧ | થોડાક જ વિષયની એકમ કસોટીની ઉત્તરવહીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. |
| ૩ | એકમ કસોટીના પરિણામો પરની ટિપ્પણીઓ | | વિષયોની એકમ કસોટીની ઉત્તરવહીઓમાં ટિપ્પણીઓ લખેલ છે. |
| | | ૫ | તમામ વિષયની એકમ કસોટીની ઉત્તરવહીઓમાં ટિપ્પણીઓ લખેલી છે. |
| | | ૪ | મોટા ભાગના વિષયની એકમ કસોટીની ઉત્તરવહીઓમાં ટિપ્પણીઓ લખેલી છે. |
| | | ૩ | અડધાથી વધુ વિષયની એકમ કસોટીની ઉત્તરવહીઓમાં ટિપ્પણીઓ લખેલી છે. |
| | | ૨ | અડધાથી ઓછા વિષયની એકમ કસોટીની ઉત્તરવહીઓમાં ટિપ્પણીઓ લખેલી છે. |
| | | ૧ | થોડાક જ વિષયની એકમ કસોટીની ઉત્તરવહીઓમાં ટિપ્પણીઓ લખેલી છે. |
| | | ૦ | એક પણ વિષયની એકમ કસોટીની ઉત્તરવહીમાં ટિપ્પણીઓ લખેલી નથી. |
| ૪ | ઉપચારાત્મક કાર્ય | | વિષયોની એકમ કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલો છે. |
| | | ૫ | તમામ વિષયની એકમ કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલો છે. |
| | | ૪ | મોટા ભાગના વિષયની એકમ કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલો છે. |
| | | ૩ | અડધાથી વધારે વિષયની એકમ કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલો છે. |
| | | ૨ | અડધાથી ઓછા વિષયની એકમ કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલો છે. |
| | | ૧ | થોડાક જ વિષયની એકમ કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલો છે. |
| | | ૦ | એક પણ વિષયની એકમ કસોટીના પરિણામના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલો નથી. |
| ૫ | વાલીઓને જાણ | | શિક્ષકે એકમ કસોટી પર આપેલ ટિપ્પણીઓની જાણ વાલીઓને કરેલ છે અને વાલીઓએ સામે સહી કરેલી છે. |
| | | ૫ | તમામ એકમ કસોટીની આન્સર બુકલેટમાં વાલીઓની સહી થયેલી છે. |
| | | ૪ | મોટા ભાગની એકમ કસોટીની આન્સર બુકલેટમાં વાલીઓની સહી થયેલી છે. |
| | | ૩ | અડધાથી વધારે એકમ કસોટીની આન્સર બુકલેટમાં વાલીઓની સહી થયેલી છે. |
| | | ૨ | અડધાથી ઓછી એકમ કસોટીની આન્સર બુકલેટમાં વાલીઓની સહી થયેલી છે. |
| | | ૧ | થોડીક જ એકમ કસોટીની આન્સર બુકલેટમાં વાલીઓની સહી થયેલી છે. |
| | | ૦ | એકમ કસોટીની આન્સર બુકલેટમાં વાલીઓની સહી થયેલી નથી. |
| ૬ | છેલ્લી એકમ કસોટીમાં સરેરાશ ગુણ ટકાવારી | ૦-૫ | આ માપદંડ હેઠળ જે દિવસે સ્કૂલ ઇન્સ્પેક્ટર દ્વારા મુલાકાત લેવામાં આવે છે તે દિવસ સુધી સમગ્ર (સર્વ) શિક્ષા અભિયાનના પોર્ટલ પર ઓનલાઇન કરવામાં આવેલી એકમ કસોટીના સરેરાશ ગુણને અત્રે ગણતરીમાં લેવામાં આવશે. |

● **પેટાક્ષેત્ર-૨ અને ૩ સત્રાંત કસોટી ૧ અને ૨**

રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં સત્રાંત મૂલ્યાંકન કરવામાં આવે છે. પ્રથમ અને દ્વિતીય સત્રાંત મૂલ્યાંકનના કસોટીપત્રો ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ કસોટી પત્રોનું શાળામાં જ્યારે અમલીકરણ થાય છે ત્યારે અન્ય શાળાના નિરીક્ષક શાળામાં ઉપસ્થિત રહી સત્રાંત મૂલ્યાંકનની ક્રિયા ક્ષતિ રહિત બને તે સુનિશ્ચિત કરે છે ઉપરાંત સત્રાંત મૂલ્યાંકન બાદ તમામ ઉત્તરવહીઓનું બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવે છે જેથી આ મૂલ્યાંકનની પ્રક્રિયા કેટલી સુચારું રહી છે તે જાણવાનો પ્રકલ્પ આ પેટાક્ષેત્ર અંતર્ગત રાખવામાં આવે છે.

| પેટાક્ષેત્ર | માપદંડો | પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|---|---|
| સત્રાંત કસોટી | ૧. ઉત્તરવહીઓની ચકાસણી | | ૪. સત્રાંત કસોટી ૧માં શાળાએ ....% ગુણ મેળવેલો છે. |
| | ૨. પરિણામ પત્રકમાં ગુણની નોંધ | | ૫. સત્રાંત કસોટી ૨માં શાળાએ ....% ગુણ મેળવેલો છે. |
| | ૩. વાલીઓને જાણ | | |

ઉક્ત માપદંડ ચકાસવા સંદર્ભે પણ એકમ કસોટીમાં ધ્યાનમાં લેવાની બાબતો જ અહીં સત્રાંત કસોટીના સંદર્ભે ધ્યાનમાં લેવામાં આવે છે. જેમકે, વર્ગમાંથી કેટલી ઉત્તરવહીઓની ચકાસણી કરવી, જવાબો શિક્ષક દ્વારા લખાવવામાં આવ્યા છે તેમ જણાય તો શું કરવું... વગેરે..

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ દીઠ નીચે મુજબના ચકાસવાના મુદ્દા નિયત કરવામાં આવ્યા છે.

**માપદંડ-૧ : ઉત્તરવહીઓની ચકાસણી**

આ માપદંડ હેઠળ ઉત્તરવહીઓની ચકાસણીની શુદ્ધતા જાણવાનો પ્રકલ્પ રાખવામાં આવેલો છે. જેમાં ઉત્તરવહીઓની ચકાસણી કરેલ છે કે કેમ, વિદ્યાર્થીઓને અપાયેલા ગુણ તેમને મળવાપાત્ર છે કે કેમ તેમજ ઉત્તરવહીના કુલ ગુણ અંદરના ગુણને અનુરૂપ છે કે કેમ તે ચકાસણી કરવાનો હેતુ છે.

**માપદંડ-૨ : પરિણામપત્રકમાં ગુણની નોંધ**

આ માપદંડ હેઠળ સત્રાંત કસોટી બાદ જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની માર્ગદર્શિકાના ફોર્મેટ-C માં નોંધવામાં આવેલા વિદ્યાર્થીઓના ગુણની ચકાસણી કરવામાં આવશે. આ માટે વર્ગના ઓછામાં ઓછા ૫ વિદ્યાર્થીઓની ઉત્તરવહીના ગુણ અને ફોર્મેટ-Cમાં નોંધવામાં આવેલા ગુણની તુલના કરવામાં આવે છે.

**માપદંડ-૩ : વાલીઓને જાણ**

આ માપદંડ હેઠળ સત્રાંત મૂલ્યાંકન બાદ ઉત્તરવહીઓ વાલીઓને બતાવવામાં આવે છે કે કેમ તે જાણવાનો મુખ્ય હેતુ રહેલો છે.

**માપદંડ-૪ : સત્રાંત કસોટી-૧માં સરેરાશ ગુણ**

આ માપદંડ હેઠળ જે દિવસે સ્કૂલ ઈન્સ્પેક્ટર દ્વારા મુલાકાત લેવામાં આવે છે તે દિવસ સુધી સમગ્ર (સર્વ) શિક્ષા અભિયાનના પોર્ટલ પર ઉપલબ્ધ સત્રાંત કસોટી – ૧ ના સરેરાશ ગુણને અત્રે ગણતરીમાં લેવામાં આવે છે.

**માપદંડ-૫ : સત્રાંત કસોટી-૨માં સરેરાશ ગુણ**

આ માપદંડ હેઠળ જે દિવસે સ્કૂલ ઈન્સ્પેક્ટર દ્વારા મુલાકાત લેવામાં આવે છે તે દિવસ સુધી સમગ્ર (સર્વ) શિક્ષા અભિયાનના પોર્ટલ પર ઉપલબ્ધ સત્રાંત કસોટી – ૨ ના સરેરાશ ગુણને અત્રે ગણતરીમાં લેવામાં આવે છે.

આમ, ઉક્ત મુજબ દરેક માપદંડ આધારિત ચેકલીસ્ટ પર સ્કૂલ ઈન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ શાળા માટે નીચે મુજબના માળખા પ્રમાણે ગુણની ગણતરી કરવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ | ખૂબ સારું ૪ | સારું ૩ | મધ્યમ ૨ | નબળું ૧ | બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉત્તરવહીઓની ચકાસણી | | ઉત્તરવહીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલી છે. | | | | | |
| | | ૫ | તમામ ઉત્તરવહીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલી છે. | | | | | |
| | | ૪ | મોટા ભાગની ઉત્તરવહીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલી છે. | | | | | |
| | | ૩ | અડધાથી વધુ ઉત્તરવહીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલી છે. | | | | | |
| | | ૨ | અડધાથી ઓછી ઉત્તરવહીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલી છે. | | | | | |
| | | ૧ | થોડીક જ ઉત્તરવહીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલી છે. | | | | | |
| | | ૦ | એક પણ ઉત્તરવહીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવી નથી. | | | | | |

| | | | |
|---|---|---|---|
| ૨ | પરિણામ પત્રકમાં ગુણની નોંધ | | પરિણામ પત્રકમાં ઉત્તરવહી મુજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. |
| | | ૫ | તમામ પરિણામ પત્રકમાં ઉત્તરવહી મુજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. |
| | | ૪ | મોટા ભાગના પરિણામ પત્રકમાં ઉત્તરવહી મુજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. |
| | | ૩ | અડધાથી વધુ પરિણામ પત્રકમાં ઉત્તરવહી મુજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. |
| | | ૨ | અડધાથી ઓછા પરિણામ પત્રકમાં ઉત્તરવહી મુજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. |
| | | ૧ | થોડાક જ પરિણામ પત્રકમાં ઉત્તરવહી મુજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. |
| | | ૦ | એક પણ પરિણામ પત્રકમાં ઉત્તરવહી મુજબનું જ ગુણાંકન દર્શાવેલ નથી. |
| ૩ | વાલીઓને જાણ | | સત્રાંત કસોટીની ઉત્તરવહીઓ વાલીઓને બતાવવામાં આવે છે. |
| | | ૫ | તમામ વાલીઓને સત્રાંત કસોટીની ઉત્તરવહીઓ બતાવવામાં આવે છે. |
| | | ૪ | મોટા ભાગના વાલીઓને સત્રાંત કસોટીની ઉત્તરવહીઓ બતાવવામાં આવે છે. |
| | | ૩ | અડધાથી વધારે વાલીઓને સત્રાંત કસોટીની ઉત્તરવહીઓ બતાવવામાં આવે છે. |
| | | ૨ | અડધાથી ઓછા વાલીઓને સત્રાંત કસોટીની ઉત્તરવહીઓ બતાવવામાં આવે છે. |
| | | ૧ | થોડાક જ વાલીઓને સત્રાંત કસોટીની ઉત્તરવહીઓ બતાવવામાં આવે છે. |
| | | ૦ | એક પણ વાલીને સત્રાંત કસોટીની ઉત્તરવહીઓ બતાવવામાં આવતી નથી |
| ૪ | સત્રાંત કસોટી-૧માં શાળાએ ......% ગુણ મેળવેલ છે | ૫ | આ માપદંડ હેઠળ સમગ્ર (સર્વ) શિક્ષા અભિયાનના પોર્ટલ પર ઓનલાઇન કરવામાં આવેલ સત્રાંત કસોટી-૧ના સરેરાશ ગુણને અત્રે ગણતરીમાં લેવામાં આવે છે. |
| ૫ | સત્રાંત કસોટી-૨માં શાળાએ ......% ગુણ મેળવેલ છે | ૫ | આ માપદંડ હેઠળ સમગ્ર (સર્વ) શિક્ષા અભિયાનના પોર્ટલ પર ઓનલાઇન કરવામાં આવેલ સત્રાંત કસોટી-૨ના સરેરાશ ગુણને અત્રે ગણતરીમાં લેવામાં આવે છે. |

- **પેટાક્ષેત્ર – ૪ અધ્યયન માટે અસરકારક વાતાવરણ**

અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાની સફળતાનો આધાર શાળા અને વર્ગખંડના અધ્યયનપ્રદ વાતાવરણ પર રહેલો છે. પ્રવર્તમાન ગુણોત્સવમાં વર્ગખંડની પ્રક્રિયાઓને ધ્યાને લેવામાં આવતી નથી. ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વર્ગખંડના વાતાવરણને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાની સફળતા માટેનો પાયો ગણેલ છે. શૈક્ષણિક પ્રક્રિયાની નીપજની જે અગત્ય છે તેનાથી કંઈક વિશેષ અગત્યની બાબત તે નિપજ સુધી પહોંચવા માટેની વર્ગખંડ પ્રક્રિયાનું છે. આ માટે વર્ગખંડ ભાવાવરણની અગત્યતા ખૂબ વધી જાય છે. આ પેટાક્ષેત્ર હેઠળ શાળાઓમાં અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન કેવા પ્રકારનું શૈક્ષણિક વાતાવરણ રહે છે તે જાણવાનો પ્રકલ્પ રાખવામાં આવેલ છે.

| પેટાક્ષેત્ર | માપદંડો | પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|---|---|
| અધ્યયન માટે અસરકારક વાતાવરણ | ૧. શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સોહાર્દપૂર્ણ વ્યવહાર | | ૫. ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું |
| | ૨. અસરકારક વર્ગખંડ વાતાવરણ | | |
| | ૩. શિક્ષકો દ્વારા પ્રેરણા | | ૬. જે શીખ્યા હોય તે વિશે વાત કરવી |
| | ૪. વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત અધ્યયન સામગ્રી (LM)નો ઉપયોગ | | |

ઉક્ત માપદંડ ચકાસવા સંદર્ભે નીચે મુજબની બાબતો ધ્યાને લેવામાં આવે છે.

- સ્કૂલ ઈન્સ્પેક્ટર દ્વારા જે વર્ગની મુલાકાત લેવાની થાય તે વર્ગમાં શિક્ષકના નિયમિત વર્ગખંડશિક્ષણનું અવલોકન માત્ર કરે છે.
- વર્ગખંડની નિયમિત પ્રક્રિયાને ખલેલ ન પહોંચે તે રીતે વર્ગખંડ અવલોકન કરે છે.
- નિયમિત વર્ગખંડ પ્રક્રિયાના અવલોકન દરમિયાન વિદ્યાર્થી અને શિક્ષક સાથે ચર્ચા કરવાની જરૂરિયાત જણાય તો વર્ગખંડ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ વિદ્યાર્થી અને શિક્ષક સાથે સંવાદ કરે છે.
- કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ જે તે ચકાસણીના મુદ્દાની

સામે ત્રણ ધોરણ પસંદ કરવામાં આવે છે. જેમાં ધોરણ ૧ અને ૨માંથી કોઈ એક; ધોરણ ૩, ૪ અને ૫માંથી કોઈ એક તેમજ ધોરણ ૬, ૭ અને ૮માંથી કોઈ એક ધોરણ પસંદ કરવામાં આવે છે.

**માપદંડ-૧ : શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર**

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધો, શિક્ષક દ્વારા વિદ્યાર્થીનો સ્વીકાર વગેરે જેવી બાબતો વિદ્યાર્થીના વર્ગખંડ વ્યવહારોને જીવંત બનાવે છે. શિક્ષકના વ્યવહાર થકી વિદ્યાર્થી અધ્યયનની પ્રક્રિયામાં જોડાવા માટે તૈયાર થાય છે. આ બાબતોની ચકાસણી સદર માપદંડ હેઠળ કરવાનો પ્રકલ્પ અત્રે રાખેલ છે. જેમાં શિક્ષક વિદ્યાર્થીઓને નામથી બોલાવે છે કે કેમ, વિદ્યાર્થીઓ સંકોચ વિના શિક્ષકને પ્રશ્નો પૂછી શકે છે કે કેમ તેમજ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને શિક્ષક મદદ કરે છે કે કેમ તેની ચકાસણી કરવાનો હેતુ છે.

**માપદંડ-૨ : અસરકારક વર્ગખંડ વાતાવરણ**

શાળાની અધ્યયન પ્રક્રિયાને વધુ બહેતર બનાવવા માટે વર્ગખંડ વ્યવસ્થા પણ અગત્યનો ભાગ ભજવે છે. આ માપદંડ હેઠળ વર્ગખંડમાં શૈક્ષણિક પ્રક્રિયાને અનુરૂપ બેઠક વ્યવસ્થા ગોઠવવાની અનુકૂળતા, વર્ગખંડની હવા-ઉજાસ અને વિદ્યાર્થીને પ્રવૃત્તિ કરવા માટેના અવકાશની ચકાસણી કરવાની બાબત વિચારણામાં લેવામાં આવી છે.

**માપદંડ-૩ : શિક્ષકો દ્વારા પ્રેરણા**

પ્રેરણાએ વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રક્રિયામાં સામેલગીરી વધારવામાં ઉદ્દીપકની ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા માટે શિક્ષક દ્વારા કરવામાં આવતા પ્રયત્નોની ચકાસણી અત્રે કરવાનો પ્રકલ્પ રાખવામાં આવ્યો છે.

**માપદંડ-૪ : વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત અધ્યયન સામગ્રી (LM)નો ઉપયોગ**

અધ્યયન અધ્યાપન સામગ્રીના ઉપયોગથી શિક્ષક શૈક્ષણિક બાબતોને સરળ રીતે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કરી શકે છે. શાળામાં ઉપલબ્ધ અધ્યયન સામગ્રીના ઉપયોગ થકી વિદ્યાર્થીની અધ્યયન કચાશોને દૂર કરી વિદ્યાર્થીઓને અપેક્ષિત અધ્યયન સ્તર સુધી પહોંચાડવા શિક્ષક પ્રયત્નશીલ હોય છે. આ સંદર્ભે વર્ગખંડ કે શાળામાં ઉપલબ્ધ અધ્યયન સામગ્રી વિદ્યાર્થીને અધ્યયનપ્રદ અનુભવો પૂરા પાડવા કેટલી સક્ષમ છે ? તે બાબતની ચકાસણી આ માપદંડ હેઠળ કરવામાં આવશે.

**માપદંડ-૫ : ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું**

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે થતું શૈક્ષણિક આદાન પ્રદાન એ ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે ખૂબ જ જરૂરી છે. શિક્ષક દ્વારા આ બાબતે હરહંમેશ પ્રયત્ન કરવામાં આવે તે ઇચ્છનીય છે. આ સંદર્ભે શિક્ષક દ્વારા વિદ્યાર્થી સંબંધે કેવી અધ્યયન તકોનું નિર્માણ થઈ રહ્યું છે તે જાણવાનો પ્રકલ્પ આ માપદંડ હેઠળ રાખવામાં આવેલ છે.

**માપદંડ-૬ : જે શીખ્યા હોય તે વિશે વાત કરવી**

અધ્યયન પ્રક્રિયાનું અંતિમ ચરણ એટલે Consolidation કરવું, સંકલન કરવું કે સમન્વય કરવું. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં ગતિવિધિને ધ્યાને રાખી શિક્ષક સમગ્ર અધ્યયન અનુભવોને પુનઃ વિદ્યાર્થી સમક્ષ લાવવા પ્રયત્ન કરે છે અને અંતિમ લક્ષ્ય તરીકે તેઓ શું શીખ્યા તે જાણવાનો પ્રયત્ન કરે છે, આમ શિક્ષક દ્વારા થતા આવા પ્રયત્નોને જાણવાનો હેતુ આ માપદંડ હેઠળ છે.

આમ, ઉક્ત મુજબ દરેક માપદંડ આધારિત ચેકલીસ્ટ પર સ્કૂલ ઈન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ શાળા માટે નીચે મુજબના માળખા પ્રમાણે ગુણની ગણતરી કરવામાં આવે છે.

<table>
<tr><th>ક્રમ નં.</th><th>માપદંડો</th><th>સ્કોર</th><th>ઉત્તમ<br>૫</th><th>ખૂબ સારું<br>૪</th><th>સારું<br>૩</th><th>મધ્યમ<br>૨</th><th>નબળું<br>૧</th><th>બિલકુલ નહીં<br>૦</th></tr>
<tr><td rowspan="7">૧</td><td rowspan="7">અધ્યયન માટે<br>સૌહાર્દપૂર્ણ વ્યવહાર</td><td></td><td colspan="6">વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર જોવા મળે છે.</td></tr>
<tr><td>૫</td><td colspan="6">તમામ વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર જોવા મળે છે.</td></tr>
<tr><td>૪</td><td colspan="6">મોટા ભાગના વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર જોવા મળે છે.</td></tr>
<tr><td>૩</td><td colspan="6">અડધાથી વધુ વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર જોવા મળે છે.</td></tr>
<tr><td>૨</td><td colspan="6">અડધાથી ઓછા વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર જોવા મળે છે.</td></tr>
<tr><td>૧</td><td colspan="6">થોડાક જ વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર જોવા મળે છે.</td></tr>
<tr><td>૦</td><td colspan="6">એક પણ વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર જોવા મળતા નથી.</td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| ૨ | અસરકારક વર્ગખંડ વાતાવરણ | | શાળામાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | ૫ | તમામ વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | ૪ | મોટા ભાગના વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | ૩ | અડધાથી વધુ વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | ૨ | અડધાથી ઓછા વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | ૧ | થોડાક જ વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | ૦ | એકપણ વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળતું નથી. |
| ૩ | શિક્ષકો દ્વારા પ્રેરણા | | શાળામાં વર્ગકાર્ય દરમિયાન શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | ૫ | તમામ શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | ૪ | મોટા ભાગના શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | ૩ | અડધાથી વધુ શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | ૨ | અડધાથી ઓછા શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | ૧ | થોડાક જ શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | ૦ | એક પણ શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા નથી. |
| ૪ | વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત LMનો ઉપયોગ | | વિદ્યાર્થીઓ અધ્યયનમાં ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | ૫ | તમામ વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | ૪ | મોટા ભાગના વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | ૩ | અડધાથી વધુ વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | ૨ | અડધાથી ઓછા વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | ૧ | થોડાક જ વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | ૦ | એક પણ વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરતો નથી. |
| ૫ | ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોની નિર્માણ કરવું | | વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે. |
| | | ૫ | તમામ વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે. |
| | | ૪ | મોટા ભાગના વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે. |
| | | ૩ | અડધાથી વધુ વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે. |
| | | ૨ | અડધાથી ઓછા વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે. |
| | | ૧ | થોડાક જ વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે. |
| | | ૦ | એક પણ વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવતી નથી. |
| ૬ | જે શીખ્યા હોય તે વિશે વાત કરવી | | તાસના અંતે વિદ્યાર્થીઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે. |
| | | ૫ | તમામ વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે. |
| | | ૪ | મોટા ભાગના વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે. |
| | | ૩ | અડધાથી વધુ વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે. |
| | | ૨ | અડધાથી ઓછા વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે. |
| | | ૧ | થોડાક જ વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે. |
| | | ૦ | કોઈ પણ વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકતો નથી. |

● **પેટાક્ષેત્ર–૫ : અધ્યયન–અધ્યાપન પ્રક્રિયાઓ**

શિક્ષણની અસરકારકતાનો આધાર શિક્ષક દ્વારા વર્ગખંડમાં હાથ ધરવામાં આવતી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓની સફળતા પર રહેલો છે. શિક્ષક જે તે વિષયને અનુલક્ષીને વિવિધ અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરવા માટે પ્રયત્નશીલ હોય છે. આ માટે શિક્ષકની વર્ગખંડ શિક્ષણ સંદર્ભની તૈયારી, જે તે અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓના સંદર્ભમાં શિક્ષણકાર્ય, વર્ગખંડ પ્રક્રિયાને જીવંત બનાવવા માટે તેમજ શિક્ષણની પ્રક્રિયાને દ્વિ-ધ્રુવી બનાવવા માટે શિક્ષક દ્વારા વિદ્યાર્થીની સામેલગીરી વધારવા કરવામાં આવતા પ્રયત્નો અને વર્ગખંડની વિવિધ પ્રક્રિયાઓમાં તમામ વિદ્યાર્થીઓની સમાન સામેલગીરી સુનિશ્ચિત કરી વર્ગખંડ પ્રક્રિયાની સફળતા અર્પવા પ્રયત્ન કરે છે. શિક્ષકના આ પ્રયત્નોની જાણકારી મેળવવા આ પેટાક્ષેત્ર હેઠળ પ્રયત્ન કરવામાં આવે છે.

| પેટાક્ષેત્ર | માપદંડો | પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|---|---|
| અધ્યયન | ૧. અધ્યાપન માટેની તૈયારી | | ૪. વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન |
| અધ્યાપન | ૨. અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય | | ૫. અધ્યયનમાં સમાન તક |
| પ્રક્રિયા | ૩. શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો | | |

ઉક્ત માપદંડ ચકાસવા સંદર્ભે વર્ગખંડ માટે અસરકારક વાતાવરણ – માપદંડની જે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે તે જ બાબતો ને અહીં ધ્યાનમાં લેવામાં આવે છે. જેવી કે વર્ગખંડ પ્રક્રિયામાં ખલેલ ન પહોંચે તે રીતે આ વર્ગખંડ અવલોકન કરવું, વર્ગખંડ પ્રક્રિયા પૂર્ણ થાય બાદ જરૂરી જણાય તો જ શિક્ષક સાથે ચર્ચા કરવી વગેરે.

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ દીઠ નીચે મુજબના મુદ્દા નિયત કરવામાં આવ્યા છે.

**માપદંડ-૧ : અધ્યાપન માટેની તૈયારી**

શિક્ષણની પ્રક્રિયાનો સફળતાનો આધાર તે માટે કરવામાં આવતા સુચારુ આયોજન પર છે. શિક્ષક પોતાના અનુભવો અને અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓની જાણકારી થકી વર્ગખંડની પ્રક્રિયાઓનું દૈનિક આયોજન કરતા હોય છે. આ આયોજનની સાથોસાથ વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રક્રિયાઓમાં કેવી રીતે સંમિલિત કરી શકાય તે બાબતો પણ વિચારેલ હોય છે. વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી શક્ય બને તો જ અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ હાંસલ કરવાની શક્યતાઓમાં વધારો થતો હોય છે જેથી શિક્ષકની સજ્જતાની ચકાસણી સદર માપદંડ હેઠળ કરવાનો પ્રકલ્પ અત્રે રાખવામાં આવેલ છે.

**માપદંડ-૨ : અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય**

શિક્ષક દ્વારા કરવામાં આવેલ પૂર્વ આયોજનને તે વર્ગખંડમાં અમલમાં મૂકે છે. શૈક્ષણિક પ્રક્રિયાઓને વધુ બહેતર બનાવવા માટે વિવિધ શૈક્ષણિક સાધનોનો વર્ગખંડમાં ઉપયોગ કરે છે અને અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ અર્થે વિવિધ અધ્યાપન પદ્ધતિઓ અને પ્રવિધિઓ અજમાવે છે. શિક્ષકના આ પ્રયત્નોની ચકાસણી સદર માપદંડ હેઠળ કરવાનો પ્રકલ્પ અત્રે રાખવામાં આવેલો છે.

**માપદંડ-૩ : શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો**

શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રક્રિયામાં સામેલ કરવા માટે વિવિધ પ્રશ્નો પૂછવામાં આવે છે. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની વિભાવના અનુસાર વિદ્યાર્થીઓ જે તે શૈક્ષણિક હેતુને અનુલક્ષીને અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરી રહ્યા છે કે કેમ ? તેનું તત્કાલીન આકલન શિક્ષકની પ્રશ્નો પૂછવાની પ્રવિધિથી થઇ શકે છે. પ્રશ્નોની ગુણવત્તા અને અસરકારકતાના કારણે વિદ્યાર્થીની કચાશને તત્સમય જાણી શિક્ષક વધુ પ્રયત્નો કરી કચાશને દૂર કરી અન્ય વિદ્યાર્થીઓની સમીપ જે તે વિદ્યાર્થીને લાવી શકે છે તેમજ વિદ્યાર્થીઓને પ્રશ્નોની મદદથી આગળ વિચારતા કરી શકે છે. શિક્ષકના આ પ્રયત્નોની ચકાસણી સદર માપદંડ હેઠળ કરવાનો પ્રકલ્પ અત્રે રાખવામાં આવેલો છે.

**માપદંડ-૪ : વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન**

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની વિભાવના અનુસાર વિદ્યાર્થીઓ જે તે શૈક્ષણિક હેતુને અનુલક્ષીને અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરી રહ્યા છે કે કેમ ? તેનું તત્કાલીન આકલન થવું જરૂરી છે. વર્ગખંડ પ્રક્રિયાને અંતે શિક્ષક દ્વારા વિવિધ પ્રવિધિઓ અપનાવી એ જાણકારી મેળવવામાં આવે છે કે શૈક્ષણિક પ્રક્રિયાની નીપજ શું રહી. આ માટે જીસીઇઆરટી દ્વારા સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની નીતિ અંતર્ગત રચનાત્મક મૂલ્યાંકન માટેનું ફોર્મેટ -A તૈયાર કરેલ છે. આ ફોર્મેટ -A અનુસાર શિક્ષક

દ્વારા કેવી પ્રવિધિ અપનાવાય છે તે આ માપદંડ હેઠળ ચકાસવાનો પ્રકલ્પ અત્રે રાખવામાં આવેલો છે.

**માપદંડ-૫ : અધ્યયનમાં સમાન તક**

શિક્ષણની પ્રક્રિયાનો બીજો એક આયામ છે શૈક્ષણિક પ્રક્રિયાઓમાં તમામની સમાન ભાગીદારી. શિક્ષક વર્ગખંડ શિક્ષણ દરમિયાન તમામ વિદ્યાર્થીઓને અધ્યયન માટે પ્રેરિત કરે, અધ્યયનમાં સામેલ કરે અને સૌની સિદ્ધિ શક્ય બનાવી શકાય. જેથી શિક્ષકના તમામ વિદ્યાર્થીઓને અધ્યયનની પ્રક્રિયામાં સામેલગીરી કરવા બાબતની ચકાસણી આ માપદંડ હેઠળ કરવાનો પ્રકલ્પ રાખવામાં આવેલો છે.

આમ, ઉક્ત મુજબ દરેક માપદંડ આધારિત ચેકલીસ્ટ પર સ્કૂલ ઈન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ શાળા માટે નીચે મુજબના માળખા પ્રમાણે ગુણની ગણતરી કરવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ | ખૂબ સારું ૪ | સારું ૩ | મધ્યમ ૨ | નબળું ૧ | બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અધ્યાપન માટેની તૈયારી | | શિક્ષક વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટેની પૂર્વ-તૈયારીરૂપ ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે તે આવકાર્ય છે. | | | | | |
| | | ૫ | તમામ શિક્ષક વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે છે. | | | | | |
| | | ૪ | મોટા ભાગના શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે છે. | | | | | |
| | | ૩ | અડધાથી વધુ શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે છે. | | | | | |
| | | ૨ | અડધાથી ઓછા શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે છે. | | | | | |
| | | ૧ | થોડાક જ શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે છે. | | | | | |
| | | ૦ | એક પણ શિક્ષક વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખતા નથી. | | | | | |
| ૨ | અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય | | શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણકાર્ય કરાવે છે. | | | | | |
| | | ૫ | તમામ શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણકાર્ય કરાવે છે. | | | | | |
| | | ૪ | મોટા ભાગના શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્ય કરાવે છે. | | | | | |
| | | ૩ | અડધાથી વધુ શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્ય કરાવે છે. | | | | | |
| | | ૨ | અડધાથી ઓછા શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્ય કરાવે છે. | | | | | |
| | | ૧ | થોડાક જ શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાંરાખી શિક્ષણ કાર્ય કરાવે છે. | | | | | |
| | | ૦ | એક પણ શિક્ષક અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાંરાખી શિક્ષણ કાર્ય કરાવતા નથી. | | | | | |
| ૩ | શિક્ષકો દ્વારા યોગ્ય પ્રશ્નોનો ઉપયોગ | | શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે. | | | | | |
| | | ૫ | તમામ શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે. | | | | | |
| | | ૪ | મોટા ભાગના શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે. | | | | | |
| | | ૩ | અડધાથી વધુ શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે. | | | | | |
| | | ૨ | અડધાથી ઓછા શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે | | | | | |
| | | ૧ | થોડાક જ શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે. | | | | | |

| | | | |
|---|---|---|---|
| | | ૦ | એક પણ શિક્ષક અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછતા નથી. |
| ૪ | વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન | | શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરે છે. |
| | | ૫ | તમામ શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરેછે. |
| | | ૪ | મોટા ભાગના શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરે છે. |
| | | ૩ | અડધાથી વધુ શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરે છે. |
| | | ૨ | અડધાથી ઓછા શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરે છે. |
| | | ૧ | થોડાક જ શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરે છે. |
| | | ૦ | એક પણ શિક્ષક વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરતા નથી. |
| ૫ | અધ્યયનમાં સમાન તક | | શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે. |
| | | ૫ | તમામ શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે. |
| | | ૪ | મોટા ભાગના શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે. |
| | | ૩ | અડધાથી વધુ શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે |
| | | ૨ | અડધાથી ઓછા શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે. |
| | | ૧ | થોડાક જ શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે. |
| | | ૦ | એક પણ શિક્ષક વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપતા નથી. |

## મુખ્યક્ષેત્ર -૨ શાળા ( વ્યવસ્થાપન)

ગુણોત્સવ ૨.૦ અંતર્ગત દ્વિતીય મુખ્ય ક્ષેત્ર શાળા સંબંધી છે. આ ક્ષેત્ર અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરીનો સમાવેશ થાય છે હાજરીને અહીં પેટા ક્ષેત્ર તરીકે સ્વીકારવામાં આવેલછે. આ ઉપરાંત આ ક્ષેત્ર અંતર્ગત શાળા સંચાલન અને શાળા સલામતીની બાબતો પણ પેટા ક્ષેત્ર સ્વરૂપે અપનાવવામાં આવી છે. આ મુખ્ય ક્ષેત્ર અંતર્ગત કુલ ૭ જેટલા સ્ટાન્ડર્ડ્સ (માપદંડો/ધોરણો) ૩ પેટાક્ષેત્ર હેઠળ ચકાસવામાં આવે છે. જેમાં ૩૯ ઈન્ડીકેટર છે.

| પેટાક્ષેત્ર | ભારાંક | માપદંડની સંખ્યા |
|---|---|---|
| હાજરી | ૧૦% | ૨ |
| શાળા સંચાલન | ૧૦% | ૩ |
| શાળા સલામતી | ૬% | ૨ |

**પેટાક્ષેત્ર—૧ હાજરી**

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરી ઓનલાઈન લેવામાં આવે છે. ઓનલાઈન હાજરીનો મૂળભૂત હેતુ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની શાળામાં હાજરી સુનિશ્ચિત કરવાનો છે. આ પેટાક્ષેત્રને ચકાસવા સંદર્ભે કુલ બે માપદંડો રચવામાં આવેલ છે જેની મદદથી એ જાણી શકાય કે હાજરી અંતર્ગત વિચારવામાં આવેલ બાબતોનું શાળામાં યોગ્ય રીતે અમલીકરણ થઈ રહ્યું છે કે કેમ?

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| હાજરી | ૧. શાળાની સરેરાશ હાજરી |
| | ૨. જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની હાજરી |

**માપદંડ-૧ : શાળાની સરેરાશ હાજરી**

આ માપદંડ હેઠળ સમગ્ર (સર્વ) શિક્ષા અભિયાનના પોર્ટલ પર ઉપલબ્ધ છેલ્લા બે માસની સરાસરી હાજરી અત્રે ગણતરીમાં લેવામાં આવશે; જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેમ બંનેની હાજરીને આવરી લેવામાં આવે છે.

**માપદંડ-૨ : જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની હાજરી**

આ માપદંડ હેઠળ આ માપદંડ હેઠળ સમગ્ર (સર્વ) શિક્ષા અભિયાનના પોર્ટલ પર ઉપલબ્ધ છેલ્લા બે માસની સરાસરી હાજરી સાથે જિલ્લાની છેલ્લા બે માસની હાજરીની તુલના કરવામાં આવે છે.

ઉક્ત બંને માપદંડોની ચકાસણી કરતાં નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ | ખૂબ સારું ૪ | સારું ૩ | મધ્યમ ૨ | નબળું ૧ | બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શાળાની સરેરાશ હાજરી | - | આ માપદંડ હેઠળ સમગ્ર (સર્વ) શિક્ષા અભિયાનના પોર્ટલ પર ઉપલબ્ધ છેલ્લા બે માસની સરાસરી હાજરીને અત્રે ગણતરીમાં લેવામાં આવે છે. | | | | | |
| ૨ | જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની હાજરી | | જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની હાજરીનું સ્તરનું પ્રમાણ | | | | | |
| | | ૫ | છેલ્લા બે માસની શાળાની સરેરાશ હાજરી જિલ્લાની હાજરી કરતાં ૧૦% વધારે છે. | | | | | |
| | | ૪ | છેલ્લા બે માસની શાળાની સરેરાશ હાજરી જિલ્લાની હાજરી કરતાં ૫ થી ૧૦ % વધારે છે. | | | | | |
| | | ૩ | છેલ્લા બે માસની શાળાની સરેરાશ હાજરી જિલ્લાની હાજરી કરતાં ૧ થી ૫% વધારે છે. | | | | | |
| | | ૨ | છેલ્લા બે માસની શાળાની સરેરાશ હાજરી જિલ્લાની હાજરી જેટલી જ છે. | | | | | |
| | | ૧ | છેલ્લા બે માસની શાળાની સરેરાશ હાજરી જિલ્લાની હાજરી કરતાં ૧ થી ૫% ઓછી છે. | | | | | |
| | | ૦ | છેલ્લા બે માસની શાળાની સરેરાશ હાજરી જિલ્લાની હાજરી કરતાં ૫% થી ઓછી છે. | | | | | |

**પેટાક્ષેત્ર–૨ સંચાલન**

રાજ્યની શાળાઓનું સંચાલન કેવી રીતે થઈ રહ્યું છે તેની જાણકારી મેળવવા સંદર્ભે આ પેટાક્ષેત્રમાં માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા છે. કોઈપણ શાળાના શૈક્ષણિક અને વહીવટી સંચાલન સંદર્ભે શાળા વિકાસ યોજના તૈયાર કરવામાં આવે છે. શાળા પોતાના દૈનિક કાર્યક્રમોનું આયોજન આ શાળા વિકાસ યોજનાને અનુલક્ષીને કરતી હોય છે. શાળા વિકાસ યોજના જ શાળાઓને અપેક્ષિત સિદ્ધિઓ સુધી પહોંચવા માટે પથદર્શક બને છે. શાળા વિકાસ યોજનાની અમલવારીમાં શાળાના સભ્યો ઉપરાંત શાળા વ્યવસ્થાપન સમિતિનો પણ ફાળો સવિશેષ રહેલો હોય છે. આ બધી બાબતોની ચકાસણી અર્થે આ પેટાક્ષેત્ર અત્રે વિચારવામાં આવેલ છે. આ પેટાક્ષેત્રમાં કુલ ૩ સ્ટાન્ડર્ડ્સ (માપદંડો/ધોરણો) નક્કી કરવામાં આવેલા છે જે કુલ ૧૯ ઈન્ડીકેટર પર શાળા સંચાલનની પ્રવિધિને ચકાસવામાં આવે છે.

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| સંચાલન | ૧. શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ |
| | ૨. શાળા વ્યવસ્થાપન સમિતિની ભૂમિકા |
| | ૩. શાળા સમયપત્રક (રાજ્યની નીતિ સાથેની તર્કસંગતતા) |

આ માપદંડોને અનુરૂપ પ્રત્યેક માપદંડ દીઠ નીચે મુજબના મુદ્દા નિયત કરવામાં આવ્યા છે.

**માપદંડ-૧ : શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ**

સામાન્ય રીતે શાળાઓ પોતાની ભૌતિક સુવિધાઓ પરત્વે ચિંતિત હોય છે અને તે મુજબ પોતાના આયોજનને અમલમાં મૂકતી હોય છે. શાળા માટે જેટલી અગત્યની બાબત ભૌતિક પરિપ્રેક્ષ્યની છે તેટલી જ અગત્યની બાબત શૈક્ષણિક આયોજનની રહેલી છે. આ ઉપરાંત, શાળા દ્વારા તૈયાર કરવામાં આવેલ શાળા વિકાસ યોજનાનું અમલીકરણ યોગ્ય રીતે થાય તે જરૂરી છે. શાળા વિકાસ યોજનાના અમલીકરણથી ઉપસ્થિત થતા પડકારો તેમજ તેની ભાવિ અસરોને ધ્યાને રાખી સમયાંતરે શાળા વિકાસ યોજનાની સમીક્ષા થાય તે જરૂરી છે. ઉક્ત બાબતોની ચકાસણી કરવાનો ઉદ્દેશ આ માપદંડ હેઠળ રાખવામાં આવેલ છે. અહીં શાળા વિકાસ યોજના બનાવવા માટે શાળામાં શું ઉપલબ્ધ છે અને શેની જરૂર છે તે જાણવા માટે કરવામાં આવતું પ્રાથમિક એસેસમેન્ટ એ બેઇઝલાઈન એસેસમેન્ટ છે.

**માપદંડ-૨ : શાળા વ્યવસ્થાપન સમિતિ**

Right to Education Act – 2009 અન્વયે શાળા કક્ષાએ શાળાના વિકાસને સુનિશ્ચિત કરવા માટે શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવા જણાવેલું છે. શાળા વ્યવસ્થાપન સમિતિ શાળાની દૈનિક પ્રક્રિયાઓમાં શાળાને મદદરૂપ થાય છે. શાળા વિકાસ યોજના તૈયાર કરવા સંદર્ભે શાળા વ્યવસ્થાપન સમિતિની ભૂમિકા સવિશેષ છે. એક સક્રિય અને અસરકારક શાળા વ્યવસ્થાપન સમિતિ શાળાની પ્રગતિને સુનિશ્ચિત કરવા માટે ખૂબ જ જરૂરી છે. આથી શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિની શાળાના કાર્યક્રમોમાં સક્રિય સહભાગિતા ચકાસવાનો હેતુ આ માપદંડ હેઠળ રાખવામાં આવેલો છે.

**માપદંડ-૩ : શાળા સમયપત્રક**

શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં ધોરણ ૧ થી ૮માં દરેક વિષયને અને દરેક વિષયવસ્તુને ન્યાય આપવા

અને શૈક્ષણિક કાર્યમાં અસરકારકતા વધારવાના હેતુથી આયોજનબદ્ધ તાસ પદ્ધતિ અને સમયપત્રકનું ચુસ્ત અમલીકરણ શરૂ કરેલ છે. દર અઠવાડિયામાં ઉપલબ્ધ ૪૫ તાસને ધ્યાને રાખી ધોરણ ૧ થી ૮ માટે શાળા સમયપત્રક અદ્યતન કરી તેને સમગ્ર રાજ્યમાં અમલમાં મૂકવામાં આવ્યું છે. આ તાસ આયોજન અને વિષય શિક્ષક પદ્ધતિનું શાળાની સ્થાનિક પરિસ્થિતિને અનુલક્ષીને કેવી રીતે અમલીકરણ કરવામાં આવી રહ્યું છે તેની ચકાસણી કરવાનો પ્રકલ્પ સદર માપદંડ હેઠળ રાખવામાં આવ્યો છે.

આમ, ઉક્ત મુજબ દરેક માપદંડ આધારિત ચેકલીસ્ટ પર સ્કૂલ ઈન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ શાળા માટે નીચે મુજબના માળખા પ્રમાણે ગુણની ગણતરી કરવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ | ખૂબ સારું ૪ | સારું ૩ | મધ્યમ ૨ | નબળું ૧ | બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શાળા વિકાસ યોજનાની રચના | | શાળાએ યોગ્ય રીતે શાળા વિકાસ યોજના તૈયાર કરેલી છે. | | | | | |
| | | ૫ | શાળાએ ભૌતિક અને શૈક્ષણિક બાબતોને અનુલક્ષીને શાળા વિકાસ યોજના તૈયાર કરેલી છે અને તેનું યોગ્ય રીતે અમલીકરણ કરેલું છે. | | | | | |
| | | ૪ | શાળાએ ભૌતિક અને શૈક્ષણિક બાબતોને અનુલક્ષીને શાળા વિકાસ યોજના તૈયાર કરેલી છે પરંતુ તેનું યોગ્ય રીતે અમલીકરણ કરવામાં આવેલું નથી. | | | | | |
| | | ૩ | શાળાએ તૈયાર કરેલ શાળા વિકાસ યોજનામાં ભૌતિક સુવિધા ઉપરાંત શૈક્ષણિક બાબતોનો પણ સમાવેશ કરેલો છે. | | | | | |
| | | ૨ | શાળાએ તૈયાર કરેલ શાળા વિકાસ યોજના ભૌતિક સુવિધા પૂરતી મર્યાદિત છે. | | | | | |
| | | ૧ | શાળાએ બેઝ લાઇન એસેસમેન્ટ કરેલ છે પરંતુ શાળા વિકાસ યોજના તૈયાર કરેલી નથી. | | | | | |
| | | ૦ | શાળાએ શાળા વિકાસ યોજના તૈયાર કરેલી નથી. | | | | | |
| ૨ | શાળાકીય કાર્યક્રમોમાં એસ.એમ.સી.ની સક્રિયતા | | શાળા વિકાસમાં એસ.એમ.સી. સક્રિય ભૂમિકા ભજવે છે. | | | | | |
| | | ૫ | એસ.એમ.સી.ના સભ્યો શાળા વિકાસ યોજના તૈયાર કરવા ઉપરાંત શૈક્ષણિક તેમજ શાળાની અન્ય વહીવટી બાબતોમાં સક્રિયતા દર્શાવે છે. | | | | | |
| | | ૪ | એસ.એમ.સી.ના સભ્યો શૈક્ષણિક તેમજ શાળાની અન્ય વહીવટી બાબતોમાં સક્રિયતા દર્શાવે છે. | | | | | |
| | | ૩ | એસ.એમ.સી.ના સભ્યો માત્ર શાળાના વહીવટી બાબતો સંદર્ભે સક્રિય ભૂમિકા દર્શાવે છે. | | | | | |
| | | ૨ | શાળાના વિવિધ કાર્યક્રમોમાં માત્ર એસ.એમ.સી.ના વાલી સભ્યો જ ભાગ લે છે. | | | | | |
| | | ૧ | શાળા દ્વારા એસ.એમ.સી.ની રચના થયેલી છે પરંતુ સક્રિય ભૂમિકા નથી. | | | | | |
| | | ૦ | શાળા દ્વારા સરકારશ્રીના નિયમોનુસાર એસ.એમ.સી.ની રચના/પુનઃરચના થયેલી નથી. | | | | | |
| ૩ | શાળા સમયપત્રકનું અમલીકરણ | | શાળામાં વિષય શિક્ષક પદ્ધતિ અને તાસ પદ્ધતિનો સુચારુ અમલ કરવામાં આવે છે. | | | | | |
| | | ૫ | શાળા સમયપત્રકમાં તાસ પદ્ધતિ અને વિષય શિક્ષક પદ્ધતિ બંનેનો યોગ્ય રીતે અમલ થાય છે. | | | | | |
| | | ૪ | શાળા સમયપત્રકમાં તાસ પદ્ધતિનો યોગ્ય રીતે અમલ થાય છે પણ વિષય શિક્ષક પદ્ધતિનો યોગ્ય રીતે અમલ થતો નથી. | | | | | |
| | | ૩ | શાળા સમયપત્રકમાં વિષય શિક્ષક પદ્ધતિનો યોગ્ય રીતે અમલ થાય છે પણ તાસ પદ્ધતિનો યોગ્ય રીતે અમલ થતો નથી. | | | | | |
| | | ૨ | શાળા સમયપત્રકમાં તાસ પદ્ધતિનો અમલ થાય છે પણ વિષય શિક્ષક પદ્ધતિનો અમલ થતો નથી. | | | | | |
| | | ૧ | શાળા સમયપત્રકમાં વિષય શિક્ષક પદ્ધતિનો અમલ થાય છે પણ તાસ પદ્ધતિનો અમલ થતો નથી. | | | | | |
| | | ૦ | શાળા સમયપત્રકમાં તાસ પદ્ધતિ અને વિષય શિક્ષક પદ્ધતિ બંનેનો અમલ થતો નથી. | | | | | |

## પેટાક્ષેત્ર – ૩ સલામતી

શિક્ષણની પ્રક્રિયામાં અધ્યયન-અધ્યાપનની ગુણવત્તા ઉપરાંત વિદ્યાર્થીઓ-શિક્ષકોની સલામતી એ ખૂબ જ અગત્યની બાબત છે. Right to Education અંતર્ગત શાળામાં સલામતીનાં ધોરણો નિયત કરવામાં આવેલાં છે. શાળાનું પરિસર સલામતીનાં ધોરણોને અનુરૂપ હોય તે અત્યંત આવશ્યક છે. શાળાના મકાન અને મેદાનની સલામતીની સાથોસાથ શિક્ષક-વિદ્યાર્થીઓ સલામતીનાં ધોરણોથી વાકેફ હોય તે જરૂરી છે. શાળાની સલામતી સંદર્ભે શાળાની તૈયારી ચકસવાનો પ્રકલ્પ પ્રસ્તુત પેટાક્ષેત્ર હેઠળ રાખવામાં આવેલો છે.

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| સલામતી | ૧. સલામત શાળા પરિસર |
| | ૨. સલામતી સંદર્ભે શિક્ષક-વિદ્યાર્થીઓની તૈયારી |

**માપદંડ-૧ : સલામત શાળા પરિસર**

શાળામાં વિદ્યાર્થી અને શિક્ષકોની સલામતી સુનિશ્ચિત કરવા સંદર્ભે ભૌતિક બાબતોનું વ્યવસ્થાપન અતિ આવશ્યક છે. શાળામાં ઉપલબ્ધ સંસાધનો સલામતીનાં ધોરણો અનુસાર યોગ્ય હોય, સંસાધનોની જરૂરી કાળજી લેવામાં આવતી હોય તે અતિ આવશ્યક છે. શાળાને ઉપલબ્ધ કરાવવામાં આવેલાં સંસાધાનો અને અન્ય ભૌતિક સુવિધાઓ કેટલી સલામત છે તેની જાણકારી મેળવવા માટે આ માપદંડ રાખવામાં આવેલો છે.

**માપદંડ-૨ : આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શિક્ષક-વિદ્યાર્થીઓની તૈયારી**

આપત્તિ વ્યવસ્થાપન અંગેની માર્ગદર્શિકા અનુસાર શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ આપત્તિ વ્યવસ્થાપનનાં ઘટકોથી પરિચિત હોય તે જરૂરી છે. આ સંદર્ભે શાળાની તૈયારીઓ અને શાળા દ્વારા હાથ ધરવામાં આવતી પ્રક્રિયાઓની ચકાસણી આ માપદંડ હેઠળ કરવાનો પ્રકલ્પ રાખવામાં આવેલો છે.

આમ, ઉક્ત મુજબ દરેક માપદંડ આધારિત ચેકલીસ્ટ પર સ્કૂલ ઇન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ શાળા માટે નીચે મુજબના માળખા પ્રમાણે ગુણની ગણતરી કરવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ | ખૂબ સારું ૪ | સારું ૩ | મધ્યમ ૨ | નબળું ૧ | બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સલામત શાળા પરિસર | | શાળાનું પરિસર સલામતીની દૃષ્ટિએ યોગ્ય છે. | | | | | |
| | | ૫ | શાળાનું પરિસર સલામતીની દૃષ્ટિએ ઉત્તમ ધોરણો ધરાવે છે. | | | | | |
| | | ૪ | શાળાનું પરિસર સલામતીની દૃષ્ટિએ સારાં ધોરણો ધરાવે છે. | | | | | |
| | | ૩ | શાળાનું પરિસર સલામતીની દૃષ્ટિએ સંતોષકારક ધોરણો ધરાવે છે. | | | | | |
| | | ૨ | શાળાનું પરિસર સલામતીની દૃષ્ટિએ ઓછાં સંતોષકારક ધોરણો ધરાવે છે. | | | | | |
| | | ૧ | શાળાનું પરિસર સલામતીની દૃષ્ટિએ નબળાં ધોરણો ધરાવે છે. | | | | | |
| | | ૦ | શાળાનું પરિસર સલામતીની દૃષ્ટિએ યોગ્ય નથી. | | | | | |
| ૨ | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શિક્ષક-વિદ્યાર્થીઓની તૈયારી | | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓની તૈયારી યોગ્ય છે. | | | | | |
| | | ૫ | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ ઉત્તમ તૈયારી કરેલી છે. | | | | | |
| | | ૪ | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ સારી તૈયારી કરેલી છે. | | | | | |
| | | ૩ | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ સંતોષકારક તૈયારી કરેલી છે. | | | | | |
| | | ૨ | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓની તૈયારી ઓછી સંતોષકારક છે. | | | | | |
| | | ૧ | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓની તૈયારી નબળી છે. | | | | | |
| | | ૦ | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓની તૈયારી કરેલી નથી. | | | | | |

## મુખ્ય ક્ષેત્ર – ૩ : સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ.

ગુણોત્સવ ૨.૦ અંતર્ગત તૃતીય મુખ્ય ક્ષેત્ર શાળાની સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ સંબંધી છે. વર્ષ દરમિયાન શાળામાં વિવિધ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજાતી હોય છે. શાળા અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તામાં સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. શાળામાં યોજાતી વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ પૈકી ગુણોત્સવ ૨.૦ દરમિયાન થનાર મૂલ્યાંકન માટે અમુક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે પ્રાર્થના સભા, યોગ-વ્યાયામ અને રમતગમત, વિશેષ પ્રવૃત્તિઓ તેમજ રાજ્ય સરકાર દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી વગેરેનો સમાવેશ કરવામાં આવેલો છે. આ મુખ્ય ક્ષેત્ર અંતર્ગત કુલ ૧૯ જેટલા સ્ટાન્ડર્ડ્સ (માપદંડો/ધોરણો) ચકાસવામાં આવે છે.

| પેટાક્ષેત્ર | ભારાંક | માપદંડનીસંખ્યા |
|---|---|---|
| પ્રાર્થનાસભા | ૨% | ૫ |
| યોગ, વ્યાયામ અને રમતગમત | ૨% | ૫ |
| વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી | ૨% | ૫ |
| રાજ્ય સરકાર દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી | ૬% | ૪ |

### પેટાક્ષેત્ર – ૧ પ્રાર્થનાસભા

શાળામાં નિયમિત રીતે પ્રાર્થના કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું હોય છે. પ્રાર્થના કાર્યક્રમનો મૂળભૂત હેતુ વિદ્યાર્થીઓમાં સભા સંચાલન સંદર્ભે કૌશલ્યો વિકસાવવાનો હોય છે. ઉપરાંત, પ્રાર્થના સભાના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલ વિવિધ કલાઓને બહાર લાવવા માટે પણ એક મંચ પૂરો પાડવાનો હોય છે. પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓની ભાગીદારી, પ્રાર્થનાસભામાં વૈવિધ્ય વગેરે જેવાં ઘટકોને આધારે શાળાની પ્રાર્થનાસભાનું મૂલ્યાંકન કરવાનું છે.

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| પ્રાર્થના સભા | ૧. પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી |
| | ૨. પ્રાર્થનાસભાના સંચાલનમાં તમામ વિદ્યાર્થીઓને સમાન તક |
| | ૩. પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ વિવિધ વાજિંત્રોનો ઉપયોગ |
| | ૪. પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ |
| | ૫. પ્રાર્થનાની પસંદગી તેમજ સમગ્રતયા રજૂઆતમાં પૂરતું વૈવિધ્ય |

ઉક્ત માપદંડ આધારે સ્કૂલ ઇન્સ્પેક્ટર શાળા મુલાકાતના દિવસે શાળાની પ્રાર્થનાસભામાં ભાગ લઈ પ્રાર્થના કાર્યક્રમના નિરીક્ષણ તેમજ શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી જરૂરી આધારો ચકાસી સ્કૂલ ઇન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ નીચે મુજબના નિર્ણયો લે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ | ખૂબ સારું ૪ | સારું ૩ | મધ્યમ ૨ | નબળું ૧ | બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી | | પ્રાર્થનાસભામાં તમામ વિદ્યાર્થીઓ સક્રિય રીતે ભાગ લે છે. | | | | | |
| | | ૫ | તમામ વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન કરે છે / વગેરેના સમૂહગાનમાં જોડાય છે. | | | | | |
| | | ૪ | મોટા ભાગના વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન કરે છે / વગેરેના સમૂહગાનમાં જોડાય છે. | | | | | |
| | | ૩ | અડધાથી વધુ વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન કરે છે / વગેરેના સમૂહગાનમાં જોડાય છે. | | | | | |
| | | ૨ | અડધાથી ઓછા વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન કરે છે / વગેરેના સમૂહગાનમાં જોડાય છે. | | | | | |
| | | ૧ | થોડાક જ વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાંપ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન કરે છે / વગેરેના સમૂહગાનમાં જોડાય છે. | | | | | |

| | | | |
|---|---|---|---|
| | | ૦ | વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાનવગેરેનું સમૂહગાન સાંભળે છે પણ સાથે જોડાતા નથી. |
| ૨ | પ્રાર્થનાસભાના સંચાલનમાં તમામ વિદ્યાર્થીઓને સમાન તક | | પ્રાર્થનાસભાના સંચાલનમાં તમામ વિદ્યાર્થીઓને સમાન તક આપવામાં આવે છે. |
| | | ૫ | કન્યા અને કુમાર બંને દ્વારા પ્રાર્થનાસભાનું સંચાલન કરવામાં આવે છે, જેમાં પ્રાર્થના, ભજન, ધૂન, રાષ્ટ્રગીત/ગાન ઉપરાંત સમાચાર વાંચન, ક્વિઝ, ઉખાણાં જેવી પ્રવૃત્તિઓ સમાન રીતે કુમાર તેમજ કન્યા દ્વારા રજૂ કરવામાં આવે છે. |
| | | ૪ | કન્યાઓ દ્વારા પ્રાર્થના, ભજન અને ધૂન રજૂ કરવામાં આવે છે, જ્યારે કુમારો દ્વારા સમાચાર, ક્વિઝ, ઉખાણાં તેમજ યોગ-આસન જેવી પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવે છે. |
| | | ૩ | કુમાર દ્વારા પ્રાર્થનાસભાનું સંચાલન કરવામાં આવે છે. જેમાં જૂજ પ્રવૃત્તિઓ જ કન્યાઓ રજૂ કરે છે. |
| | | ૨ | ફક્ત કન્યા કે કુમાર દ્વારા જ પ્રાર્થનાસભાનું સંચાલન કરવામાં આવે છે. જેમાં તમામ પ્રવૃત્તિઓ ફક્ત કુમાર કે કન્યા જ રજૂ કરે છે. |
| | | ૧ | કન્યા અને કુમાર સાથે શિક્ષકો દ્વારા પણ પ્રાર્થનાસભાનું સંચાલન કરવામાં આવે છે. જેમાં તમામ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની સાથે શિક્ષકો રજૂ કરે છે. |
| | | ૦ | કન્યા કે કુમાર નહીં પણ શિક્ષકો દ્વારા પ્રાર્થનાસભાનું સંચાલન કરવામાં આવે છે. તમામ પ્રવૃત્તિઓ શિક્ષકો જ રજૂ કરે છે. |
| ૩ | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ વિવિધ વાજિંત્રોનો ઉપયોગ | | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાજિંત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. |
| | | ૫ | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારનાં વાજિંત્રોનો (હાર્મોનિયમ, તબલાં, ઢોલક, ખંજરી-મંજીરા વગેરે) ઉપયોગ કરે છે. |
| | | ૪ | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ થોડાંક જ વાજિંત્રોનો ઉપયોગ કરે છે. |
| | | ૩ | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ બે કે ત્રણ વાજિંત્રોનો જ ઉપયોગ કરે છે. |
| | | ૨ | પ્રાર્થનાસભામાં એક જ વાજિંત્રનો ઉપયોગ કરવામાં આવે છે. |
| | | ૧ | પ્રાર્થનાસભામાં વાજિંત્રોનો ઉપયોગ શિક્ષકો કરે છે. |
| | | ૦ | પ્રાર્થનાસભામાં વાજિંત્રોનો ઉપયોગ કરવામાં આવતો નથી. |
| ૪ | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ | | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓ થાય છે. |
| | | ૫ | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી તમામ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે અને મોટા ભાગના વિદ્યાર્થીઓ તેમાં સહભાગી થાય છે, તેમજ શાળામાં આ પ્રવૃત્તિઓ નિયમિત રીતે કરવામાં આવે છે. |
| | | ૪ | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી તમામ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે પણ અમુક જ વિદ્યાર્થીઓ તેમાં સહભાગી થાય છે. શાળામાં આ પ્રવૃત્તિઓ સમયાંતરે કરવામાં આવે છે. |
| | | ૩ | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓમાંથી અમુક જ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. શાળામાં આ પ્રવૃત્તિઓ સમયાંતરે કરવામાં આવે છે. |
| | | ૨ | પ્રાર્થનાસભામાં એક કે બે જ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. શાળામાં પ્રવૃત્તિઓના પુનરાવર્તનનો સમય ચોક્કસ હોતો નથી. |
| | | ૧ | પ્રાર્થનાસભામાં પ્રવૃત્તિઓ શિક્ષકો કરાવે છે. |
| | | ૦ | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓમાંથી એક પણ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી. |
| ૫ | પ્રાર્થનાની પસંદગી તેમજ સમગ્રતયા | | પ્રાર્થનાની પસંદગી તેમજ સમગ્રતયા રજૂઆતમાં પૂરતું વૈવિધ્ય રાખવામાં આવે છે. |
| | | ૫ | વર્ષ દરમિયાન શાળામાં આશરે વિવિધ ૨૦-૨૫ દિન વિશેષની ઉજવણીઓ, ૨૦-૨૫ |

| | | | |
|---|---|---|---|
| | રજૂઆતમાં પૂરતું વૈવિધ્ય | | પ્રાર્થનાઓ, ૨૦-૨૫ ભજન તેમજ રસપ્રદ, જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ નિયમિત રીતે વિદ્યાર્થીઓને કરવા મળે છે. |
| | | ૪ | વર્ષ દરમિયાન શાળામાં આશરે વિવિધ ૧૦-૧૫ દિન વિશેષની ઉજવણીઓ, ૧૦-૧૫ પ્રાર્થનાઓ, ૧૦-૧૫ ભજન તેમજ રસપ્રદ, જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરવા મળે છે. |
| | | ૩ | વર્ષ દરમિયાન શાળામાં આશરે વિવિધ ૫-૧૦ દિન વિશેષની ઉજવણીઓ, ૫-૧૦ પ્રાર્થનાઓ, ૫-૧૦ ભજન તેમજ રસપ્રદ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરવા મળે છે. |
| | | ૨ | વર્ષ દરમિયાન શાળામાં ચોક્કસ પ્રકારની જ પ્રાર્થનાઓ, ભજન તેમજ રસપ્રદ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરવા મળે છે. |
| | | ૧ | વર્ષ દરમિયાન શાળામાં પ્રાર્થનાઓ, ભજન થાય છે પણ રસપ્રદ અને જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરવા મળતી નથી. |
| | | ૦ | વર્ષ દરમિયાન શાળામાં વિવિધતા વગર એક જ પ્રકારે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવે છે. |

**પેટાક્ષેત્ર—૨ યોગ, વ્યાયામ અને રમત-ગમત**

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ, વ્યાયામ અને રમત-ગમતની ભૂમિકા અત્યંત અગત્યની છે. શાળાના નિયમિત પ્રાર્થના કાર્યક્રમમાં યોગને અગત્યનો ભાગ ગણવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને પૂરતો વ્યાયામ પ્રાપ્ત થાય તે માટે શનિવારે વ્યાયામનો ખાસ તાસ આયોજિત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ રમત-ગમતના ક્ષેત્રમાં કૌશલ્યો હાંસલ કરે અને રમત-ગમત ક્ષેત્રમાં પણ યોગ્ય દેખાવ કરે તે માટે રમત-ગમત ક્ષેત્રમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પોતાનું કૌતુક પ્રદર્શિત કરવાની તક રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. આ તમામ તકોના ક્ષેત્રોમાં શાળાનો દેખાવ કેવો છે તેની વિગતો આ પેટાક્ષેત્ર હેઠળ ચકાસવાનો પ્રકલ્પ છે.

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| યોગ, વ્યાયામ અને રમતગમત | ૧. શાળાના વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં ભાગીદારી |
| | ૨. શાળાનાં વિદ્યાર્થીઓની રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં રાજ્ય/ જિલ્લા/તાલુકા/ ક્લસ્ટર કક્ષાએ સામેલગીરી |
| | ૩. શાળામાં સમૂહ કવાયતની નિયમિતતા |
| | ૪. દરેક ધોરણનાં વિદ્યાર્થીઓને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક |
| | ૫. રમતગમતની દરેક પ્રવૃત્તિમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી |

ઉક્ત માપદંડ આધારે શાળાના આચાર્ય,શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી જરૂરી આધારો ચકાસી સ્કૂલ ઇન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ | ખૂબ સારું ૪ | સારું ૩ | મધ્યમ ૨ | નબળું ૧ | બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શાળાનાં વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં ભાગીદારી | | શાળાના વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં જોડાય છે. | | | | | |
| | | ૫ | તમામ વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં જોડાય છે. | | | | | |
| | | ૪ | મોટા ભાગના વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં જોડાય છે. | | | | | |
| | | ૩ | અડધાથી વધુ વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં જોડાય છે. | | | | | |
| | | ૨ | અડધાથી ઓછા વિદ્યાર્થીઓ યોગિક ક્રિયાઓમાં જોડાય છે. | | | | | |
| | | ૧ | થોડાક જ વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં જોડાય છે. | | | | | |
| | | ૦ | શાળામાં એક પણ પ્રકારની યૌગિક ક્રિયાઓ કરવામાં આવતી નથી. | | | | | |
| ૨ | શાળાના વિદ્યાર્થીઓની રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં | | શાળાના વિદ્યાર્થીઓએ રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં રાજ્ય/ જિલ્લા/તાલુકા/ ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે. | | | | | |
| | | ૫ | શાળાના વિદ્યાર્થીઓએ ગત / ચાલુ વર્ષ દરમિયાન રાજ્ય કક્ષાએ રમતોત્સવ/ ખેલ | | | | | |

| | | | |
|---|---|---|---|
| | રાજ્ય/જિલ્લા/તાલુકા/ ક્લસ્ટર કક્ષાએ સામેલગીરી | | મહાકુંભમાં ભાગ લીધોલ છે અથવા જિલ્લા કક્ષાએ એકથી વધુ રમતમાં ભાગ લીધો છે. |
| | | ૪ | શાળાના વિદ્યાર્થીઓએ ગત / ચાલુ વર્ષમાં જિલ્લા કક્ષાએ રમતોત્સવ/ખેલ મહાકુંભમાં ભાગ લીધો છે અથવા તાલુકા કક્ષાએ એકથી વધુ રમતમાં ભાગ લીધો છે. |
| | | ૩ | શાળાના વિદ્યાર્થીઓએ ગત / ચાલુ વર્ષમાં તાલુકા કક્ષાએ રમતોત્સવ/ ખેલ મહાકુંભમાં ભાગ લીધો છે. |
| | | ૨ | શાળાના વિદ્યાર્થીઓએ ગત /ચાલુ વર્ષમાં ક્લસ્ટર કક્ષાએ રમતોત્સવ/ખેલ મહાકુંભમાં એક કરતાં વધુ રમતોમાં ભાગ લીધો છે. |
| | | ૧ | શાળાના વિદ્યાર્થીઓએ ગત /ચાલુ વર્ષમાં ક્લસ્ટર કક્ષાએ રમતોત્સવ/ ખેલ મહાકુંભમાં ફક્ત એક જ રમતમાં ભાગ લીધો છે. |
| | | ૦ | શાળાનાં વિદ્યાર્થીઓએ ગત /ચાલુ વર્ષમાં રમતોત્સવ/ ખેલ મહાકુંભમાં એક પણ રમતમાં ભાગ લીધેલ નથી. |
| ૩ | શાળામાં સમૂહ કવાયતની નિયમિતતા | | શાળાના વિદ્યાર્થીઓ એક સાથે સમૂહ કવાયતમાં જોડાયછે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધ દાવ કરે છે. |
| | | ૫ | શાળાના તમામ વિદ્યાર્થીઓ એકસાથે સમૂહ કવાયતમાં જોડાય છે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધ દાવ કરે છે. |
| | | ૪ | શાળાના મોટા ભાગના વિદ્યાર્થીઓ એકસાથે સમૂહ કવાયતમાં જોડાય છે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધ દાવ કરે છે. |
| | | ૩ | શાળાના અડધાથી વધારે વિદ્યાર્થીઓ એકસાથે સમૂહ કવાયતમાં જોડાય છે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધ દાવ કરે છે. |
| | | ૨ | શાળાના અડધાથી ઓછા વિદ્યાર્થીઓ એકસાથે સમૂહ કવાયતમાં જોડાય છે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધ દાવ કરે છે. |
| | | ૧ | શાળાના થોડાંક જ વિદ્યાર્થીઓ એકસાથે સમૂહ કવાયતમાં જોડાય છે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધ દાવ કરે છે. |
| | | ૦ | શાળામા સમૂહ કવાયત થતી નથી. |
| ૪ | દરેક ધોરણનાં વિદ્યાર્થીઓને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક મળે છે. | | શાળાના સમયપત્રકમાં દરેક ધોરણના વિદ્યાર્થીઓને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક મળે છે. |
| | | | (સમૂહ કવાયતના તાસ ઉપરાંત દરેક ધોરણમાં અઠવાડિયે ઓછામાં ઓછો એક તાસ વ્યાયામનો હોય, આ તાસમાં વિદ્યાર્થીઓ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થિત રીતે વિવિધ રમતો રમતા હોય તો ઉત્તમ ગણાય.) |
| | | ૫ | અઠવાડિયાના સમયપત્રકમાં શાળાના તમામ ધોરણના વિદ્યાર્થીઓ માટે રમત-ગમત અને વ્યાયામ કરવા માટેનું આયોજન કરવામાં આવે છે તેમજ તે મુજબ નિયમિત રીતે કાર્ય કરવામાં આવે છે. |
| | | ૪ | અઠવાડિયાના સમયપત્રકમાં શાળાનાં નીચલાં ધોરણ (ધોરણ ૧ થી ૫)ના જ વિદ્યાર્થીઓ માટે રમત-ગમત અને વ્યાયામ કરવા માટેનું આયોજન કરવામાં આવે છે તેમજ તે મુજબ નિયમિત રીતે કાર્ય કરવામાં આવે છે. |
| | | ૩ | અઠવાડિયાના સમયપત્રકમાં શાળાના ઉપલાં ધોરણ (ધોરણ ૬ થી ૮)ના જ વિદ્યાર્થીઓ માટે રમત-ગમત અને વ્યાયામ કરવા માટેનું આયોજન કરવામાં આવે છે તેમજ તે મુજબ નિયમિત રીતે કાર્ય કરવામાં આવે છે. |
| | | ૨ | અઠવાડિયાના સમયપત્રકમાં શાળાના વિદ્યાર્થીઓ માટે રમત-ગમત અને વ્યાયામ કરવા માટેનું આયોજન કરવામાં આવે છે. પરંતુ તે મુજબ નિયમિત રીતે કાર્ય કરવામાં આવતું નથી. |
| | | ૧ | ક્યારેક જ રમત-ગમત કે વ્યાયામનું આયોજન કરવામાં આવે છે. |
| | | ૦ | આ પ્રકારની એક પણ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી. |

| | | | |
|---|---|---|---|
| ૫ | રમતગમતની દરેક પ્રવૃત્તિમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી | | રમતગમતની દરેક પ્રવૃત્તિમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે. |
| | | | (શાળામાં રમાતી બધી જ રમતો કુમાર અને કન્યાં બંને રમતા હોય તો ઉત્તમ ગણાય. દા.ત., કબડ્ડી અને ક્રિકેટ માત્ર કુમાર રમતા હોય અને લંગડી, દોરડા કૂદ જેવી રમતો માત્ર કન્યાઓ રમતી હોય તો તે યોગ્ય ન ગણાય. કુમાર રમતા હોય તેવી તમામ રમતો કન્યાઓને પણ રમાડવામાં આવતી હોય તો જ ઉત્તમ ગણાય.) |
| | | ૫ | શાળામાં રમાતી બધી જ રમતો માટે કુમાર તેમજ કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે. |
| | | ૪ | શાળામાં રમાતી મોટાભાગની રમતોમાં કુમાર તેમજ કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે. |
| | | ૩ | કેટલીક રમતોમાં કુમાર અને કન્યા સાથે રમે છે પરંતુ કેટલીક રમતો અલગ અલગ રમે છે. |
| | | ૨ | શાળામાં કુમાર તેમને લગતી રમતો રમે છે, જ્યારે કન્યાઓ તેમને લગતી રમતો રમે છે. |
| | | ૧ | કન્યાઓને કોઈ પણ પ્રકારની રમતો રમવા દેવામાં આવતી નથી. |
| | | ૦ | શાળામાં રમતો રમવા દેવામાં આવતી નથી. |

## પેટાક્ષેત્ર – ૩ વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે, વિદ્યાર્થીઓમાં સહશૈક્ષણિક બાબતોમાં રસ વિકસિત કરવા માટે, વિદ્યાર્થીઓના જ્ઞાનની ક્ષિતિજો વિકસાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું શાળા કક્ષાએ આયોજન થતું હોય છે. શાળા દ્વારા આયોજિત કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી મેળવી તે સંદર્ભે સ્કૂલ ઇન્સ્પેક્ટર દ્વારા નીચે મુજબના માપદંડો આધારિત ચકાસણી કરવામાં આવે છે.

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી | ૧. શાળાનાં વિદ્યાર્થીઓની ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વિવિધ કક્ષાએ સામેલગીરી |
| | ૨. શાળા દ્વારા હાથ ધરાતી પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ |
| | ૩. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ |
| | ૪. શૈક્ષણિક મુલાકાત અને તેનું શૈક્ષણિક અનુકાર્ય |
| | ૫. શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન |

ઉક્ત માપદંડ આધારે શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી જરૂરી આધારો ચકાસી સ્કૂલ ઇન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ | ખૂબ સારું ૪ | સારું ૩ | મધ્યમ ૨ | નબળું ૧ | બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શાળાના વિદ્યાર્થીઓની ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વિવિધ કક્ષાએ સામેલગીરી | | શાળાના વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં રાજ્ય/જિલ્લા/તાલુકા/ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે. | | | | | |
| | | ૫ | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન રાજ્ય કક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો છે અથવા શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન એક કરતાં વધારે વિભાગમાં જિલ્લા કક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો છે. | | | | | |
| | | ૪ | શાળાના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો છે. | | | | | |
| | | ૩ | શાળાના વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાએ એક કરતાં વધારે વિભાગમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો છે. | | | | | |
| | | ૨ | શાળાના વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો છે. | | | | | |
| | | ૧ | શાળાના વિદ્યાર્થીઓએ ક્લસ્ટર કક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો છે. | | | | | |
| | | ૦ | શાળાના વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો નથી. | | | | | |
| ૨ | શાળા દ્વારા હાથ ધરાતી પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ | | શાળામાં પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ થાય છે. (શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંવર્ધનની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય; પર્યાવરણ સંવર્ધનના મહત્વની સમજણ વિદ્યાર્થીઓને આપવામાં આવતી હોય; | | | | | |

| | | | |
|---|---|---|---|
| | | | વિદ્યાર્થીઓને સ્વસ્થ પર્યાવરણનું પ્રત્યક્ષ મૉડેલ દર્શાવવામાં આવતું હોય તો ઉત્તમ ગણાય.) |
| | | ૫ | શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંવર્ધનની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તેમજ વિદ્યાર્થીઓ સ્વસ્થ પર્યાવરણ સંદર્ભેની જાણકારી ધરાવે છે. |
| | | ૪ | શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંવર્ધનની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. પરંતુ વિદ્યાર્થીઓને સ્વસ્થ પર્યાવરણ સંદર્ભેની જાણકારી નથી. |
| | | ૩ | શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંવર્ધનની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |
| | | ૨ | વિદ્યાર્થીઓ સ્વસ્થ પર્યાવરણ માટેની માહિતીથી પરિચિત છે, પરંતુ તે મુજબ કાર્ય કરવામાં આવતું નથી. |
| | | ૧ | શાળામાં સ્વસ્થ પર્યાવરણ અંગે ક્યારેક જ જાણકારી આપવામાં આવી છે. |
| | | ૦ | શાળામાં સ્વસ્થ પર્યાવરણ અંગે કોઈ કાર્ય કે પ્રવૃત્તિ કરવામાં આવતી નથી. |
| ૩ | રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | | રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન સાંસ્કૃતિકપ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. (રાષ્ટ્રીય તહેવારો જેવાં કે ગણતંત્ર દિવસ, પ્રજાસત્તાક દિન, શહીદ દિન, રેંટિયા બારસ/ગાંધી જયંતી વગેરેની ઉજવણી દરમિયાન વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજવામાં આવતી હોય તો ઉત્તમ ગણાય.) |
| | | ૫ | વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ૧૦ કે તેથી વધુ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવેલી છે. |
| | | ૪ | વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ૦૮ થી ૧૦ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવેલી છે. |
| | | ૩ | વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ૦૬ થી ૦૮ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવેલી છે. |
| | | ૨ | વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ૦૪ થી ૦૬ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવેલી છે. |
| | | ૧ | વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ૦૪ થી ઓછી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવેલી છે. |
| | | ૦ | આવી કોઈ પણ પ્રવૃત્તિ કરવામાં આવેલી નથી. |
| ૪ | શૈક્ષણિક મુલાકાત અને તેનું શૈક્ષણિક અનુકાર્ય | | શાળા દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક મુલાકાત કરાવવામાં આવે છે અને ત્યારબાદ તેનું શૈક્ષણિક અનુકાર્ય થાય છે. |
| | | | (શાળાનાં વિદ્યાર્થીઓને અવાર-નવાર શૈક્ષણિક મુલાકાત પર લઈ જવામાં આવે છે. મુલાકાત પરથી પરત આવ્યા બાદ દરેક બાળક સહભાગી થાય તે રીતે તેનું અનુકાર્ય થતું હોય તો ઉત્તમ ગણાય. શૈક્ષણિક મુલાકાતમાં ગ્રામ પંચાયત, ખેતર, બેંક, ડેરી, પોસ્ટ ઓફિસ, પોલીસ સ્ટેશન, રેલવે તેમજ બસ સ્ટેશન, વ્યવસાયિકો વગેરેની મુલાકાતનો સમાવેશ થઇ શકે.) |
| | | ૫ | શાળામાં દર વર્ષે ૧૦ કે તેથી વધુ શૈક્ષણિક મુલાકાતો યોજવામાં આવેલી છે. |
| | | ૪ | શાળામાં દર વર્ષે ૦૮ કે ૦૯ શૈક્ષણિક મુલાકાતો યોજવામાં આવેલી છે. |
| | | ૩ | શાળામાં દર વર્ષે ૦૬ કે ૦૭ શૈક્ષણિક મુલાકાતો યોજવામાં આવેલી છે. |
| | | ૨ | શાળામાં દર વર્ષે ૦૪ કે ૦૫ શૈક્ષણિક મુલાકાતો યોજવામાં આવેલી છે. |
| | | ૧ | શાળામાં દર વર્ષે ૦૩ કે તેથી ઓછી શૈક્ષણિક મુલાકાતો યોજવામાં આવેલી છે. |
| | | ૦ | વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક મુલાકાતનું આયોજન થતું નથી. |
| ૫ | શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન | | શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. (શાળા દ્વારા રામહાટ, અક્ષયપાત્ર, ખોયાપાયા સ્ટોર, આજનું ગુલાબ અને આજનો દીપક જેવી મૂલ્યલક્ષી શિક્ષણની પ્રવૃત્તિઓનું નિયમિત અને યોગ્ય રીતે આયોજન થતું હોય. દરેક પ્રવૃત્તિ યોગ્ય રીતે થતી હોય તો પ્રવૃત્તિ દીઠ એક ગુણ આપવો.) |
| | | ૫ | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ પાંચ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |
| | | ૪ | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ પાંચ પૈકી કોઇપણ ચાર પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |
| | | ૩ | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ પાંચ પૈકી કોઇપણ ત્રણ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |
| | | ૨ | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ પાંચ પૈકી કોઇપણ બે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |
| | | ૧ | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ પાંચ પૈકી કોઇપણ એક પ્રવૃત્તિ કરવામાં આવે છે. |
| | | ૦ | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ પાંચ પૈકી એકપણ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી. |

**પેટાક્ષેત્ર – ૪ રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી**

રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓની સિદ્ધિઓને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા, શિષ્યવૃત્તિ પરીક્ષાનું આયોજન કરે છે જેમાં વિદ્યાર્થીઓની સહભાગીદારીથી શૈક્ષણિક સિદ્ધિનાં ઊંચાં સ્તરો પ્રાપ્ત થઈ શકે છે. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંદર્ભે શાળાની તૈયારી ચકાસવાનો પ્રકલ્પ આ પેટાક્ષેત્ર હેઠળ રાખવામાં આવેલો છે.

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી | ૧. ધોરણ- ૮ ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ |
| | ૨. ધોરણ- ૮ ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓનો રાજ્યના મેરીટમાં સમાવેશ |
| | ૩. ધોરણ- ૬ ની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ |
| | ૪. ધોરણ- ૫ થી ૮ ના વિદ્યાર્થીઓની પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ઉપસ્થિતિ |

**નોંધ : ઉક્ત માપદંડો પૈકી**

૧) માપદંડ ૧ અને ૨ માટે જે શાળામાં ધોરણ- ૮ ન હોય તો આ વિધાનમાં કોઈપણ પ્રકારનો પ્રત્યુત્તર આપવાનો નથી.

૨) માપદંડ ૪ માટે જે શાળામાં ધોરણ- ૧ થી ૮ હોય, તે શાળાએ ધોરણ- ૫ અને ૮ ની સંખ્યા ધ્યાને લેવામાં આવે છે.

આમ, ઉક્ત માપદંડ આધારે શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી જરૂરી આધારો ચકાસી સ્કૂલ ઈન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ નીચે મુજબના નિર્ણયો લઈ શકાશે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ ખૂબ સારું ૪ સારું ૩ મધ્યમ ૨ નબળું ૧ બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|
| ૧ | ધોરણ-૮ ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | | ધોરણ- ૮ ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે. |
| | | ૫ | શાળાના ધોરણ- ૮ ના ૨૦% કે તેથી વધુ વિદ્યાર્થીઓએ NMMS પરીક્ષાનાં આવેદન પત્રો ભરેલાં છે. |
| | | ૪ | શાળાના ધોરણ- ૮ ના ૨૦% થી ઓછા અને ૧૬% કે તેથી વધુ વિદ્યાર્થીઓએ NMMS પરીક્ષાનાં આવેદનપત્રો ભરેલાં છે. |
| | | ૩ | શાળાના ધોરણ- ૮ નાં ૧૬% થી ઓછા અને ૧૨% કે તેથી વધુ વિદ્યાર્થીઓએ NMMS પરીક્ષાનાં આવેદનપત્રો ભરેલાં છે. |
| | | ૨ | શાળાના ધોરણ- ૮ ના ૧૨% થી ઓછા અને ૮% કે તેથી વધુ વિદ્યાર્થીઓએ NMMS પરીક્ષાનાં આવેદનપત્રો ભરેલાં છે. |
| | | ૧ | શાળાના ધોરણ- ૮ ના ૦૮% થી ઓછા વિદ્યાર્થીઓએ NMMS પરીક્ષાનાં આવેદન પત્રો ભરેલાં છે. |
| | | ૦ | શાળાના ધોરણ- ૮ ના એક પણ વિદ્યાર્થીએ NMMS પરીક્ષાનું આવેદન પત્રો ભરેલું નથી. |
| ૨ | ધોરણ-૮ ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓનો રાજ્યના મેરીટમાં સમાવેશ | | ધોરણ- ૮ ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓનો રાજ્યના મેરીટમાં સમાવેશ થયેલો છે. |
| | | ૫ | શાળાના ધોરણ- ૮ ના NMMS પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓના ૨૦% કે તેથી વધુ વિદ્યાર્થીઓનો રાજ્યના મેરીટમાં સમાવેશ થયેલો છે. |
| | | ૪ | શાળાના ધોરણ- ૮ ના NMMS પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓના ૨૦% થી ઓછા અને ૧૬% કે તેથી વધુ વિદ્યાર્થીઓની રાજ્યના મેરીટમાં સમાવેશ થયેલો છે. |
| | | ૩ | શાળાના ધોરણ- ૮ ના NMMS પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓના ૧૬% થી ઓછા અને ૧૨% કે તેથી વધુ વિદ્યાર્થીઓનો રાજ્યના મેરીટમાં સમાવેશ થયેલો છે. |
| | | ૨ | શાળાના ધોરણ- ૮ ના NMMS પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓના ૧૨% થી ઓછા અને ૦૮% કે તેથી વધુ વિદ્યાર્થીઓનો રાજ્યના મેરીટમાં સમાવેશ થયેલો છે. |
| | | ૧ | શાળાનાધોરણ- ૮ ના NMMS પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓના ૦૮% થી ઓછા વિદ્યાર્થીઓનો રાજ્યના મેરીટમાં સમાવેશ થયેલો છે. |

| | | | |
|---|---|---|---|
| | | ૦ | શાળાના ધોરણ- ૮ ના NMMS પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓમાંના એક પણ વિદ્યાર્થીઓનો રાજ્યના મેરીટમાં સમાવેશ થયો નથી. |
| ૩ | ધોરણ- ૬ની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | | ધોરણ - ૬ ની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં શાળાના વિદ્યાર્થીઓ ભાગ લે છે. |
| | | ૫ | ધોરણ - ૬ ની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં શાળાના ૨૦% કે તેથી વધુ વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓ ભાગ લે છે. |
| | | ૪ | ધોરણ - ૬ ની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં શાળાના ૨૦% થી ઓછા અને ૧૬% કે તેથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લે છે. |
| | | ૩ | ધોરણ - ૬ ની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં શાળાના ૧૬ % થી ઓછા અને ૧૨% કે તેથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લે છે. |
| | | ૨ | ધોરણ - ૬ ની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં શાળાના ૧૨% થી ઓછા અને ૦૮% કે તેથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લે છે. |
| | | ૧ | ધોરણ - ૬ ની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં શાળાના ૦૮% થી ઓછા વિદ્યાર્થીઓ ભાગ લે છે. |
| | | ૦ | ધોરણ - ૬ ની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં શાળાના વિદ્યાર્થીઓ ભાગ લેતા નથી. |
| ૪ | ધોરણ- ૫ થી ૮ ના વિદ્યાર્થીઓની પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ઉપસ્થિતિ | | ધોરણ- ૫ થી ૮ ના વિદ્યાર્થીઓની પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં વિદ્યાર્થીઓ ભાગ લે છે. |
| | | ૫ | શાળાના ધોરણ ૫ થી ૮ ના વર્ગોના વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ૨૦% કે તેથી વધુ વિદ્યાર્થીઓની પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ઉપસ્થિતિ છે. |
| | | ૪ | શાળાના ધોરણ ૫ થી ૮ ના વર્ગોના વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ૨૦% થી ઓછા અને ૧૬% કે તેથી વધુ વિદ્યાર્થીઓની પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ઉપસ્થિતિ છે. |
| | | ૩ | શાળાના ધોરણ ૫ થી ૮ ના વર્ગોના વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ૧૬ % થી ઓછા અને ૧૨ % કે તેથી વધુ પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ઉપસ્થિતિ છે. |
| | | ૨ | શાળાના ધોરણ ૫ થી ૮ ના વર્ગોના વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ૧૨% થી ઓછા અને ૦૮% કે તેથી વધુ વિદ્યાર્થીઓની પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ઉપસ્થિતિ છે. |
| | | ૧ | શાળાના ધોરણ ૫ થી ૮ ના વર્ગોના વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ૦૮% થી ઓછા વિદ્યાર્થીઓની પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ઉપસ્થિતિ છે. |
| | | ૦ | શાળાના ધોરણ ૫ થી ૮ ના વર્ગોના વિદ્યાર્થીઓ પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ભાગ લેતા નથી. |

## મુખ્ય ક્ષેત્ર – ૪ : સંસાધનો અને તેનો ઉપયોગ

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની શાળાઓ ભૌતિક રીતે સુવિધા સંપન્ન બને તે માટે આવશ્યક હોય તેવી ભૌતિક સુવિધાઓ, શૈક્ષણિક સંસાધનો પૂરાં પાડ્યાં છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને જોતા રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલાં તમામ સંસાધનોનો યથાયોગ્ય ઉપયોગ થાય તો જ તે હિતકારક રહે. આ બાબતની અગત્ય જોઈને નીચે મુજબનાં પેટાક્ષેત્રોને અનુરૂપ માપદંડોની ચકાસણી કરવામાં આવે છે.

| પેટાક્ષેત્ર | ભારાંક | માપદંડની સંખ્યા |
|---|---|---|
| શાળા પુસ્તકાલયનો ઉપયોગ | ૨% | ૨ |
| ટેકનોલોજીનો ઉપયોગ | ૨% | ૨ |
| મધ્યાહ્ન ભોજન યોજના | ૨% | ૫ |
| પાણી, શૌચાલય અને સ્વચ્છતા | ૨% | ૪ |

### પેટાક્ષેત્ર – ૧ શાળા પુસ્તકાલયનો ઉપયોગ

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળા પુસ્તકાલયનો ઉપયોગ સુનિશ્ચિત કરવામાં આવશે. શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથોસાથ શિક્ષકો અને વિદ્યાર્થીઓનું ઈતર વાંચન અતિ આવશ્યક છે. આ સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે પુસ્તકાલય અદ્યતન કરવા માટે સહાય પૂરી પાડવામાં આવે છે. વિદ્યાર્થીઓની સાથોસાથ શિક્ષકોનું શૈક્ષણિક અને ઈતર વાંચન કેટલું છે તે જાણવાનો અત્રે પ્રકલ્પ રાખવામાં આવ્યો છે.

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| શૈક્ષણિક સંસાધનોનો | ૧. શિક્ષકો દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ |
| ઉપયોગ | ૨. વિદ્યાર્થી દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ |

ઉક્ત માપદંડ આધારે સ્કૂલ ઈન્સ્પેક્ટર શાળા મુલાકાતના દિવસે શાળાના પુસ્તકાલયના નિરીક્ષણ તેમજ શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી જરૂરી આધારો ચકાસી સ્કૂલ ઈન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ | ખૂબ સારું ૪ | સારું ૩ | મધ્યમ ૨ | નબળું ૧ | બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શિક્ષકો દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | | શિક્ષકો દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ કરવામાં આવે છે. | | | | | |
| | | ૫ | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન સરેરાશ ૧૦ થી વધારે પુસ્તકો વાંચેલાં છે. | | | | | |
| | | ૪ | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન સરેરાશ ૦૮ થી ૦૯ પુસ્તકો વાંચેલાં છે. | | | | | |
| | | ૩ | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન સરેરાશ ૦૬ થી ૦૭ પુસ્તકો વાંચેલાં છે. | | | | | |
| | | ૨ | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન સરેરાશ ૦૪ થી ૦૫ પુસ્તકો વાંચેલાં છે. | | | | | |
| | | ૧ | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન સરેરાશ ૦૨ થી ૦૩ વધારે પુસ્તકો વાંચેલાં છે. | | | | | |
| | | ૦ | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન સરેરાશ ૦૨ થી ઓછા પુસ્તકો વાંચેલાં છે. | | | | | |
| ૨ | વિદ્યાર્થીઓ દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | | વિદ્યાર્થીઓ દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ કરવામાં આવે છે. | | | | | |
| | | ૫ | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન સરેરાશ ૫ કે તેથી વધારે પુસ્તકો વાંચેલાં છે. | | | | | |
| | | ૪ | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન સરેરાશ ૪ પુસ્તકો વાંચેલાં છે. | | | | | |
| | | ૩ | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન સરેરાશ ૩ પુસ્તકો વાંચેલાં છે. | | | | | |
| | | ૨ | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન સરેરાશ ૨ પુસ્તકો વાંચેલાં છે. | | | | | |
| | | ૧ | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન સરેરાશ ૧ પુસ્તકો વાંચેલાં છે. | | | | | |
| | | ૦ | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન એકપણ પુસ્તક વાંચેલું નથી. | | | | | |

**પેટાક્ષેત્ર – ૨ ટેકનોલૉજીનો ઉપયોગ**

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની શાળાઓને ટેકનોલૉજીનો શૈક્ષણિક કાર્યમાં સહયોગ મળી રહે તે હેતુસર CAL લેબ આપવામાં આવી હતી. ત્યારબાદ જ્ઞાનકુંજના માધ્યમથી સ્માર્ટ ક્લાસરૂમ બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત બાયસેગ (સેટકોમ)ના માધ્યમથી શાળાને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોના નિદર્શન પાઠ પણ બતાવવામાં આવે છે. ઓનલાઈન તાલીમ અને ટેકનોલૉજીની મદદથી શૈક્ષણિક સાહિત્ય પણ પૂરું પડાય છે ત્યારે શિક્ષક અને વિદ્યાર્થી દ્વારા ઉપલબ્ધ ટેકનોલૉજીના સંસાધનોનો કેવો ઉપયોગ થઈ રહ્યો છે તે જાણવાનો અહીં પ્રકલ્પ રાખવામાં આવ્યો છે.

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| ટેકનોલૉજીનો | ૧. શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય માટે ટેકનોલૉજીનો ઉપયોગ |
| ઉપયોગ | ૨. ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા ટેકનોલૉજીનો ઉપયોગ |

ઉક્ત માપદંડ આધારે શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી જરૂરી આધારો ચકાસી સ્કૂલ ઈન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ | ખૂબ સારું ૪ | સારું ૩ | મધ્યમ ૨ | નબળું ૧ | બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય માટે ટેકનોલૉજીનો ઉપયોગ | | શાળાના તમામ શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાના ભાગરૂપે અવારનવાર ટેકનોલૉજીનો ઉપયોગ કરે છે. | | | | | |
| | | ૫ | શાળાના તમામ શિક્ષકો ટેકનોલૉજીનો ઉપયોગ શૈક્ષણિકકાર્ય દરમિયાન કરે છે. | | | | | |
| | | ૪ | શાળાના ૮૦% શિક્ષકો ટેકનોલૉજીનો ઉપયોગ શૈક્ષણિકકાર્ય દરમિયાન કરે છે. | | | | | |
| | | ૩ | શાળાના ૬૦% શિક્ષકો ટેકનોલૉજીનો ઉપયોગ શૈક્ષણિકકાર્ય દરમિયાન કરે છે. | | | | | |

| | | | |
|---|---|---|---|
| | | ૨ | શાળાના ૪૦% શિક્ષકો ટેકનોલૉજીનો ઉપયોગ શૈક્ષણિકકાર્ય દરમિયાન કરે છે. |
| | | ૧ | શાળાના ૨૦% શિક્ષકો ટેકનોલૉજીનો ઉપયોગ શૈક્ષણિકકાર્ય દરમિયાન કરે છે. |
| | | ૦ | શાળાના એક પણ શિક્ષક ટેકનોલૉજીનો ઉપયોગ શૈક્ષણિકકાર્ય દરમિયાન કરતા નથી. |
| ૨ | ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા ટેકનોલૉજીનો ઉપયોગ | | ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓ ટેકનોલૉજીનો ઉપયોગ કરીને વિષયવસ્તુ આધારિત કાર્યક્રમો જાતે ચલાવી શકે છે. |
| | | ૫ | ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓ ટેકનોલૉજીનો ઉપયોગ કરે છે. |
| | | ૪ | ધોરણ ૬ થી ૮ ના મોટા ભાગના વિદ્યાર્થીઓ ટેકનોલૉજીનો ઉપયોગ કરે છે. |
| | | ૩ | ધોરણ ૬ થી ૮ ના અડધા ભાગના વિદ્યાર્થીઓ ટેકનોલૉજીનો ઉપયોગ કરે છે. |
| | | ૨ | ધોરણ ૬ થી ૮ ના કેટલાક વિદ્યાર્થીઓ ટેકનોલૉજીનો ઉપયોગ કરે છે. |
| | | ૧ | ધોરણ ૬ થી ૮ ના બે-ત્રણ વિદ્યાર્થીઓ જ ટેકનોલૉજીનો ઉપયોગ કરે છે. |
| | | ૦ | વિદ્યાર્થીઓ વિષયવસ્તુ આધારિત કાર્યક્રમો ફક્ત નિહાળે છે, જાતે કાર્યકરી શકતા નથી. |

**પેટાક્ષેત્ર – ૩ મધ્યાહ્ન ભોજન યોજના**

વિદ્યાર્થીઓમાં કુપોષણની સમસ્યા દૂર થાય અને સામાજિક સમરસતા આવે તે હેતુસર મધ્યાહ્ન ભોજન યોજના શાળાઓમાં અમલી છે. શાળાના તમામ વિદ્યાર્થીઓ ઉપલબ્ધ તમામ શૈક્ષણિક દિવસો દરમિયાન સ્વાસ્થ્યપ્રદ ભોજન મેળવે તે આ યોજનાનો હેતુ છે. આ યોજનાનું અમલીકરણ શાળા કક્ષાએ કેટલા અંશે થઈ રહ્યું છે તેની ચકાસણી આ પેટાક્ષેત્ર હેઠળ કરવામાં આવે છે.

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| મધ્યાહ્ન ભોજન યોજના | ૧. શાળામાં નિયમિત મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે. |
| | ૨. મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ તમામ વિદ્યાર્થીઓ લે છે. |
| | ૩. તમામ વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઈને જમવા બેસે છે. |
| | ૪. મધ્યાહ્ન ભોજન અંતર્ગત અપાતા ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા ચકાસવામાં આવેછે. |
| | ૫. મધ્યાહ્ન ભોજન માટેની રસોઈની તેમજ વિદ્યાર્થીઓની બેસવાની જગ્યા સ્વચ્છ રાખવામાં આવે છે. |

ઉક્ત માપદંડ આધારે શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી જરૂરી આધારો ચકાસી સ્કૂલ ઇન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ ૫ | ખૂબ સારું ૪ | સારું ૩ | મધ્યમ ૨ | નબળું ૧ | બિલકુલ નહીં ૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શાળામાં નિયમિત મધ્યોહ્ન ભોજન યોજના ચાલે છે. | | શાળામાં નિયમિત મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે. | | | | | |
| | | ૫ | શાળામાં ૯૦% કે તેનાથી વધુ કાર્ય દિવસો દરમિયાન મધ્યાહ્ન ભોજન આપવામાં આવ્યું છે. | | | | | |
| | | ૪ | શાળામાં ૮૦% કે તેનાથી વધુ અને ૯૦% કરતાં ઓછા કાર્યદિવસો દરમિયાન મધ્યાહ્ન ભોજન આપવામાં આવ્યું છે. | | | | | |
| | | ૩ | શાળામાં ૬૦% કે તેનાથી વધુ અને ૮૦% કરતાં ઓછા કાર્યદિવસો દરમિયાન મધ્યાહ્ન ભોજન આપવામાં આવ્યું છે | | | | | |
| | | ૨ | શાળામાં ૪૦% કે તેનાથી વધુ અને ૬૦% કરતાં ઓછા કાર્યદિવસો દરમિયાન મધ્યાહ્ન ભોજન આપવામાં આવ્યુંછે. | | | | | |
| | | ૧ | શાળામાં ૪૦% કરતાં ઓછા કાર્યદિવસો દરમિયાન મધ્યાહ્ન ભોજન આપવામાં આવ્યું છે. | | | | | |
| | | ૦ | શાળામાં મધ્યાહ્ન ભોજન આપવામાંઆવતું નથી. | | | | | |
| ૨ | મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ તમામ વિદ્યાર્થીઓ લે છે. | | મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ તમામ વિદ્યાર્થીઓ લે છે. | | | | | |
| | | ૫ | શાળામાં હાજર ૧૦૦% વિદ્યાર્થીઓ મધ્યાહ્ન ભોજનનો નિયમિત લાભ લે છે. | | | | | |
| | | ૪ | શાળામાં હાજર ૮૦% વિદ્યાર્થીઓ મધ્યાહ્ન ભોજનનો નિયમિત લાભ લે છે. | | | | | |

| | | | |
|---|---|---|---|
| | | ૩ | શાળામાં હાજર ૬૦% વિદ્યાર્થીઓ મધ્યાહ્ન ભોજનનો નિયમિત લાભ લે છે. |
| | | ૨ | શાળામાં હાજર ૫૦% વિદ્યાર્થીઓ મધ્યાહ્ન ભોજનનો નિયમિત લાભ લે છે. |
| | | ૧ | શાળામાં હાજર ૪૦% વિદ્યાર્થીઓ મધ્યાહ્ન ભોજનનો નિયમિત લાભ લે છે. |
| | | ૦ | શાળામાં હાજર ૪૦% થી ઓછા વિદ્યાર્થીઓ મધ્યાહ્ન ભોજનનો નિયમિત લાભ લે છે. |
| ૩ | તમામ વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઇને જમવા બેસે છે. | | તમામ વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઈને જમવા બેસે છે. |
| | | ૫ | શાળાના ૧૦૦% વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઈને જમવા બેસે છે. |
| | | ૪ | શાળાના ૮૦% વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઈને જમવા બેસે છે. |
| | | ૩ | શાળાના ૬૦% વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઈને જમવા બેસે છે. |
| | | ૨ | શાળાના ૪૦% વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઈને જમવા બેસે છે. |
| | | ૧ | શાળાના ૨૦% વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઈને જમવા બેસે છે. |
| | | ૦ | શાળાના વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઈને જમવા બેસતા નથી. |
| ૪ | મધ્યાહ્નભોજન અંતર્ગત અપાતા ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા ચકાસવામાં આવે છે. | | મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને આપવામાં આવતી રસોઈની ગુણવત્તા નિયમિત રીતે શિક્ષકો દ્વારા ચકાસવામાં આવે છે. |
| | | ૫ | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા દરરોજ ચકાસવામાં આવે છે. |
| | | ૪ | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા દર બે દિવસે ચકાસવામાં આવે છે. |
| | | ૩ | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા અઠવાડિયામાં બે દિવસ ચકાસવામાં આવે છે. |
| | | ૨ | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા અઠવાડિયામાં એક દિવસ ચકાસવામાં આવે છે. |
| | | ૧ | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા પખવાડિયામાં ક્યારેક ચકાસવામાં આવે છે. |
| | | ૦ | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા ચકાસવામાં આવતી નથી. |
| ૫ | મધ્યાહ્ન ભોજન માટેની રસોઇની તેમજ વિદ્યાર્થીઓની બેસવાની જગ્યા સ્વચ્છ રાખવામાં આવે છે. | | મધ્યાહ્ન ભોજન યોજનાનું રસોડું, વિદ્યાર્થીઓ જમવા બેસતાં હોય તે જગ્યા, રસોઈ તેમજ પીરસવાનાં સાધનો, વિદ્યાર્થીઓ જમવામાં ઉપયોગ કરતા હોય તે વાસણો નિયમિત રીતે તેમજ સારી રીતે સાફ થાય છે. |
| | | ૫ | મધ્યાહ્ન ભોજન યોજનાનું રસોડું, જમવાની જગ્યા, સાધનો અને વાસણો નિયમિત રીતે સાફ કરવામાં આવે છે. |
| | | ૪ | મધ્યાહ્ન ભોજન યોજનાનું રસોડું, જમવાની જગ્યા, સાધનો અને વાસણો મોટે ભાગે સાફ કરવામાં આવે છે. |
| | | ૩ | મધ્યાહ્ન ભોજન યોજનાનું રસોડું, સાધનો અને વાસણો નિયમિત રીતે સાફ કરવામાં આવે છે, પણ જમવાની જગ્યા અઠવાડિયામાં બે વાર સાફ કરવામાં આવે છે. |
| | | ૨ | મધ્યાહ્ન ભોજન યોજનાનું રસોડું, સાધનો અને વાસણો મોટે ભાગે સાફ કરવામાં આવે છે, પણ જમવાની જગ્યા અઠવાડિયામાં એક વાર સાફ કરવામાં આવે છે. |
| | | ૧ | મધ્યાહ્ન ભોજન યોજનાનું રસોડું, જમવાની જગ્યા, સાધનો અને વાસણો ક્યારેક જ સાફ કરવામાં આવે છે. |
| | | ૦ | મધ્યાહ્ન ભોજન યોજનાનાં રસોડામાં સ્વચ્છતા કે ચોખ્ખાઇ રાખવામાં આવતી નથી. |

**પેટાક્ષેત્ર – ૪ પાણી, શૌચાલય અને સ્વચ્છતા**

આ પેટાક્ષેત્ર હેઠળ શાળામાં સ્વચ્છ પાણી અને શૌચાલયની સુવિધા તેમજ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અંગેની ચકાસણી માટેનો પ્રકલ્પ રાખવામાં આવેલો છે.

| પેટાક્ષેત્ર | માપદંડો |
|---|---|
| પાણી, શૌચાલય અને સ્વાસ્થ્ય | ૧. તમામ વિદ્યાર્થીઓને પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધતા |
| | ૨. પાણીની સુવિધા (ટાંકી) તથા શૌચાલયની યોગ્ય સામગ્રી દ્વારા નિયમિત સફાઈ |
| | ૩. તમામ શૌચાલયોમાં પૂરતા પ્રમાણમાં પાણીની ઉપલબ્ધતા |
| | ૪. શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા |

ઉક્ત માપદંડ આધારે શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી જરૂરી આધારો ચકાસી સ્કૂલ ઇન્સ્પેક્ટરના મૂલ્યાંકન બાદ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

| ક્રમ નં. | માપદંડો | સ્કોર | ઉત્તમ<br>૫ | ખૂબ સારું<br>૪ | સારું<br>૩ | મધ્યમ<br>૨ | નબળું<br>૧ | બિલકુલ નહીં<br>૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | તમામ વિદ્યાર્થીઓને પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધતા | | તમામ વિદ્યાર્થીઓને પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધ છે. | | | | | |
| | | ૫ | તમામ વિદ્યાર્થીઓ માટે પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધ છે. | | | | | |
| | | ૪ | મોટાભાગના વિદ્યાર્થીઓ માટે પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધ છે. | | | | | |
| | | ૩ | અડધા કરતા વધુ વિદ્યાર્થીઓ માટે પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધ છે. | | | | | |
| | | ૨ | અડધાથી ઓછા વિદ્યાર્થીઓ માટે પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધ છે. | | | | | |
| | | ૧ | ખૂબ ઓછા વિદ્યાર્થીઓ માટે પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધ છે. | | | | | |
| | | ૦ | વિદ્યાર્થીઓ માટે પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધ નથી. | | | | | |
| ૨ | પાણીની સુવિધા (ટાંકી) તથા શૌચાલયની યોગ્ય સામગ્રી દ્વારા નિયમિત સફાઈ | | પીવાના પાણીની ટાંકીની સફાઈ અવારનવાર કરવામાંઆવતી હોય કે જેથી પાણીમાં ગંદકી ન થાય. આ ઉપરાંત, શાળા શૌચાલયની સફાઈ નિયમિતરીતે એસિડ-ફિનાઈલ વગેરેના ઉપયોગ દ્વારા થાય છે. | | | | | |
| | | ૫ | શૌચાલયની સફાઈ યોગ્ય સામગ્રી દ્વારા દરરોજ કરવામાં આવે છે. | | | | | |
| | | ૪ | શૌચાલયની સફાઈ યોગ્ય સામગ્રી દ્વારા અઠવાડિયામાં ૦૩ વખત કરવામાં આવે છે. | | | | | |
| | | ૩ | શૌચાલયની સફાઈ યોગ્ય સામગ્રી દ્વારા અઠવાડિયામાં ૦૨ વખત કરવામાં આવે છે. | | | | | |
| | | ૨ | શૌચાલયની સફાઈ યોગ્ય સામગ્રી દ્વારા અઠવાડિયામાં ૦૧ વખત કરવામાં આવે છે. | | | | | |
| | | ૧ | શૌચાલયની સફાઈ યોગ્ય સામગ્રી દ્વારા પખવાડિયામાં ૦૧ વખત કરવામાં આવે છે. | | | | | |
| | | ૦ | શૌચાલયની સફાઈ યોગ્ય સામગ્રી દ્વારા ક્યારેક કરવામાં આવે છે. | | | | | |
| ૩ | તમામ શૌચાલયોમાં પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ છે. | | દિવસ દરમિયાન શૌચાલયના ઉપયોગ બાદ હાથ-પગ ધોવા તેમજ શૌચાલયની સફાઈ માટે જરૂરી પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે અને શાળામાં તમામ શૌચાલયમાં પાણીની વ્યવસ્થાના આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે. | | | | | |
| | | ૫ | દરેક શૌચાલયમાં અને શૌચાલયની બહાર નળ દ્વારા પાણીની ઉપલબ્ધતા છે. | | | | | |
| | | ૪ | શૌચાલયની બહાર નળ દ્વારા પાણીની ઉપલબ્ધતા છે. | | | | | |
| | | ૩ | ડ્રમ / સીમેન્ટની ટાંકી / શૌચાલયમાં પાણી ભરેલ પ્લાસ્ટીક કન્ટેનર ઉપલબ્ધ છે. | | | | | |
| | | ૨ | શૌચાલય બહાર હેન્ડ પમ્પ / ડોલમાં પાણી ભરવામાં આવે છે. | | | | | |
| | | ૧ | શૌચાલય બહાર હેન્ડ પમ્પ / ડોલમાં પાણી ભરવામાં આવે છે પણ પૂરતું નથી. | | | | | |
| | | ૦ | શૌચાલય માટે પૂરતું પાણી ઉપલબ્ધ નથી. | | | | | |
| ૪ | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા | | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતાની ચકાસણી યોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવામાં આવે છે. | | | | | |
| | | ૫ | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગે નિયમિત ચકાસણી કરવામાં આવે છે તેમજ વાલીઓને જાણ કરવામાં આવે છે. | | | | | |
| | | ૪ | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગે દરરોજ ચકાસણી કરવામાં આવે છે. | | | | | |
| | | ૩ | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગે દર અઠવાડિયે ચકાસણી કરવામાં આવે છે. | | | | | |
| | | ૨ | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગે દર મહિને ચકાસણી કરવામાં આવે છે. | | | | | |
| | | ૧ | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગે દર છ મહિને ચકાસણી કરવામાં આવે છે. | | | | | |
| | | ૦ | શાળાના વિદ્યાર્થીઓ શારીરિક સ્વચ્છતા અંગે ચકાસણી થતી નથી. | | | | | |

અહીં ગુણોત્સવ ૨.૦ અંતર્ગત મૂલ્યાંકન માળખાની સમજણ આપવામાં આવી છે. આ માળખાની વિશેષતા તેનું લચીલાપણું પણ છે. પ્રતિવર્ષ જરૂરિયાત પ્રમાણે આ માળખામાં સુધારો કરી શકાય. કોવિડની પરિસ્થિતિમાં જ્યારે વિદ્યાર્થીઓ શાળામાં ન હતા ત્યારે આ મૂલ્યાંકન માળખામાં જરૂરી પરિવર્તનો કરીને મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

# ગુણોત્સવ ૨.૦ – ગુણાંકન યોજના

– સંકલન

**શાળાનો ગ્રેડ કઈ રીતે નક્કી થશે ? શાળાને કઈ કક્ષાની ગણવામાં આવશે ? આ માટે ધ્યાનમાં લેવાનાર માપદંડનો ખ્યાલ આ લેખમાં આપવામાં આવ્યો છે. વિવિધ કલર કોડ તેમજ સ્ટારની વિગતો જોવાનું રસપ્રદ થઈ પડશે.**

સ્કૂલ એક્રેડિટેશન પ્રોગ્રામ અંતર્ગત અગાઉ ગુણોત્સવની જેમ જ શાળાઓને ગ્રેડ આપવાનો ઉપક્રમ છે. અગાઉ ગુણોત્સવ અંતર્ગત શાળાને નીચે મુજબ ગ્રેડ આપવામાં આવતા હતા.

| અગાઉ ગુણોત્સવમાં મેળવેલ ગુણ | મળવાપાત્ર ગ્રેડ |
|---|---|
| ૮.૮ થી ૧૦ ગુણ | A+ |
| ૭.૫ થી ૮.૭ ગુણ | A |
| ૬.૨ થી ૭.૪ ગુણ | B |
| ૪.૯ થી ૬.૧ ગુણ | C |
| ૪.૮ થી ઓછા | D |

ગુણોત્સવ ૨.૦ અંતર્ગત હવે શાળાઓને નીચે મુજબ ગ્રેડ આપવામાં આવે છે.

| Color Code | Sub-Grade | Grades | Score Range |
|---|---|---|---|
| Green | ☆☆☆☆☆ | A+ | 95%-100% |
| | ☆☆☆☆ | | 90%-95% |
| | ☆☆☆ | | 85%-90% |
| | ☆☆ | A | 80%-85% |
| | ☆ | | 75%-80% |
| Yellow | | B | 50%-75% |
| Red | | C | 25%-50% |
| Black | | D | 0%-25% |

ગુણોત્સવ ૨.૦ અંતર્ગત A+ થી D ગ્રેડમાં શાળાનું કેવી રીતે વિભાજન થાય છે તે જોઈએ.

**A+ ગ્રેડની સમજૂતી**

જો શાળા ૮૫ % થી ૧૦૦ % વચ્ચે ગુણાંકન પ્રાપ્ત કરે છે તો તેને A+ ગ્રેડ પ્રાપ્ત થાય છે. અહીં A+ ગ્રેડને ગ્રીન કલર કેટેગરી અને સ્ટારના ત્રણ સ્તરમાં વિભાજીત કરવામાં આવ્યો છે એટલે કે ૮૫ % થી ૯૦ % સુધીનું ગુણાંકન પ્રાપ્ત કરનાર શાળાને A+ ગ્રેડ તો મળે છે ઉપરાંત તે શાળા A+ ગ્રેડ સાથે ગ્રીન કલર કેટેગરી અને ૩ સ્ટાર અંકિત કરે છે. એજ રીતે

૯૦% થી ૯૫% સુધી ગુણાંકન પ્રાપ્ત કરનાર શાળા ને A+ ગ્રેડ તો મળે છે ઉપરાંત તે શાળા A+ ગ્રેડ સાથે ગ્રીન કલર કેટેગરી અને ૪ સ્ટાર અંકિત કરે છે. એજ રીતે ૯૫ % થી ૧૦૦% સુધી ગુણાંકન પ્રાપ્ત કરનાર શાળા ને A+ ગ્રેડ તો મળે છે ઉપરાંત તે શાળા A+ ગ્રેડ સાથે ગ્રીન કલર કેટેગરી અને ૫ સ્ટાર અંકિત કરે છે.

**A ગ્રેડની સમજૂતી**

જો શાળા ૭૫ % થી ૮૫ % વચ્ચે ગુણાંકન પ્રાપ્ત કરે છે તો તેને A ગ્રેડ પ્રાપ્ત થાય છે. અહીં A ગ્રેડને ગ્રીન કલર કેટેગરી અને સ્ટારના બે સ્તરમાં વિભાજીત કરવામાં આવ્યો છે એટલે કે ૭૫ % થી ૮૦ % સુધીનું ગુણાંકન પ્રાપ્ત કરનાર શાળાને A ગ્રેડ તો મળે છે ઉપરાંત તે શાળા A ગ્રેડ સાથે ગ્રીન કલર કેટેગરી અને ૧ સ્ટાર અંકિત કરે છે. એજ રીતે ૮૦ % થી ૮૫% સુધી ગુણાંકન પ્રાપ્ત કરનાર શાળા ને A ગ્રેડ તો મળે છે ઉપરાંત તે શાળા A ગ્રેડ સાથે ગ્રીન કલર કેટેગરી અને ૨ સ્ટાર અંકિત કરે છે.

આમ, અહીં આપણે એ પણ જોઈ શકીએ છીએ કે માત્ર ૫% ગુણના તફાવતને આધારે કલર કેટેગરી અને સ્ટાર નક્કી થાય છે. જેમાં ૭૫% થી લઈ ૧૦૦% સુધીના ગુણાંકનનો સમાવેશ થાય છે. તો હવે બાકીના ૦% થી ૭૫% સુધીનું ગુણાંકન કેવી રીતે થાય છે તે જોઈએ.

**B, C, અને D ગ્રેડની સમજૂતી**

B, C, અને D ગ્રેડ મેળવનારી શાળાને કોઈ સ્ટાર પ્રાપ્ત થતા નથી પણ તેમનો સમાવેશ કલર કેટેગરીમાં કરવામાં આવે છે. જે શાળા ૫૦% થી ૭૫% સુધી ગુણાંકન મેળવે છે તેને B ગ્રેડ વિથ યેલો કલર કેટેગરી પ્રાપ્ત થાય છે. જે શાળા ૨૫% થી ૫૦% ગુણાંકન મેળવે છે તેને C ગ્રેડ વિથ રેડ કલર કેટેગરી પ્રાપ્ત થાય છે. જે શાળાઓ ૦% થી ૨૫% ગુણ મેળવે છે તેને D ગ્રેડ વિથ બ્લેક કલર કેટેગરી પ્રાપ્ત થશે.

મિત્રો જો શાળા A+ ગ્રેડ મેળવે છે તો તે શાળા ફ્રેમવર્કના ક્ષેત્રો મુજબ ખુબજ ઉત્તમ પ્રકારનું કાર્ય કરે છે તેમ કહી શકાય. જો શાળા A ગ્રેડ મેળવે છે તો તે ફ્રેમવર્કના ક્ષેત્રો મુજબ ખુબ સારું કાર્ય કરે છે તેમ કહી શકાય. આજ રીતે B, C અને D ગ્રેડ મેળવનાર શાળાઓનું કાર્ય અનુક્રમે સારું, મધ્યમ અને નબળું છે તેમ કહી શકાય.

**ફ્રેમવર્કના ભારાંક અને ગુણાંકન**

| ક્રમ નં. | માપદંડો | ભારાંક | માપદંડ દીઠ ભારાંક | મહત્તમ ગુણ |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય ક્ષેત્ર : અધ્યયન અને અધ્યાપન | | | |
| ૧.૧ | પેટા ક્ષેત્ર – ૧ એકમ કસોટી | | | |
| A | એકમ કસોટીની આન્સર બુકલેટની ચકાસણી | ૧૨ % | ૧.૭ % | ૧૭ |
| B | એકમ કસોટીની આન્સર બુકલેટમાં વિદ્યાર્થીઓના જવાબો | | ૧.૭ % | ૧૭ |
| C | એકમ કસોટીના પરિણામો પર શિક્ષકોની ટિપ્પણીઓ | | ૧.૭ % | ૧૭ |
| D | ઉપચારાત્મક કાર્ય | | ૧.૭ % | ૧૭ |
| E | વાલીઓને જાણ | | ૧.૭ % | ૧૭ |
| F | છેલ્લી એકમ કસોટીમાં સરેરાશ ગુણ ટકાવારી | | ૩.૫ % | ૩૫ |
| ૧.૨ | પેટા ક્ષેત્ર : ૨ સત્રાંત કસોટી I અને II | | | |
| A | ઉત્તરવાહીઓની ચકાસણી | ૧૨ % | ૦.૦ % | ૦ |
| B | પરિણામપત્રકમાં ગુણની નોંધ | | ૧.૦ % | ૧૦ |
| C | વાલીઓને જાણ | | ૧.૦ % | ૧૦ |
| D | સત્રાંત કસોટી-૧ માં શાળાએ મેળવેલ ગુણ | | ૫.૦ % | ૫૦ |
| E | સત્રાંત કસોટી-૨ માં શાળાએ મેળવેલ ગુણ | | ૫.૦ % | ૫૦ |
| ૧.૩ | પેટાક્ષેત્ર : ૩ અધ્યયન માટે અસરકારક વાતાવરણ | | | |
| A | શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર | | ૨.૫ % | ૨૫ |

| | | | | |
|---|---|---|---|---|
| B | અસરકારક વર્ગખંડ વાતાવરણ | ૧૫% | ૨.૫% | ૨૫ |
| C | શિક્ષકો દ્વારા પ્રેરણા | | ૨.૫% | ૨૫ |
| D | વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત અધ્યયન સાહિત્ય (LM)નો ઉપયોગ | | ૨.૫% | ૨૫ |
| E | ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું | | ૨.૫% | ૨૫ |
| F | જે શીખ્યા હોય તે વિશે વાત કરવી | | ૨.૫% | ૨૫ |
| ૧.૪ | પેટાક્ષેત્ર : ૪ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ | | | |
| A | અધ્યાપન માટેની તૈયારી | ૧૫% | ૩.૦% | ૩૦ |
| B | અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય | | ૩.૦% | ૩૦ |
| C | શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો | | ૩.૦% | ૩૦ |
| D | વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન | | ૩.૦% | ૩૦ |
| E | અધ્યયનમાં સમાન તક | | ૩.૦% | ૩૦ |
| ૨ | મુખ્ય ક્ષેત્ર : ૨ શાળા વ્યવસ્થાપન | | | |
| ૨.૧ | પેટા ક્ષેત્ર : ૧ શાળામાં હાજરી | | | |
| A | શાળાની સરેરાશ હાજરીના સંદર્ભે હાજરી | ૧૦% | ૬.૦% | ૬૦ |
| B | જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે હાજરી | | ૪.૦% | ૪૦ |
| ૨.૨ | પેટાક્ષેત્ર : ૨ સંચાલન | | | |
| A | શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ | ૧૦% | ૩.૦% | ૩૦ |
| B | શાળા વ્યવસ્થાપન સમિતિ | | ૪.૦% | ૪૦ |
| C | શાળા સમયપત્રક | | ૩.૦% | ૩૦ |
| ૨.૩ | પેટાક્ષેત્ર : ૩ સલામતી | | | |
| A | સલામત શાળા પરિસર | ૬% | ૩.૦% | ૩૦ |
| B | આપત્તિ માટેની સજ્જતા | | ૩.૦% | ૩૦ |
| ૩ | મુખ્ય ક્ષેત્ર : ૩ સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ | | | |
| ૩.૧ | પેટાક્ષેત્ર : ૧ પ્રાર્થનાસભા | | | |
| A | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી | ૨.૦% | ૦.૪% | ૦૪ |
| B | પ્રાર્થનાસભાનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા થાય છે. ( જેમાં કુમાર અને કન્યા સરખા પ્રમાણમાં ભાગ લે છે) | | ૦.૪% | ૦૪ |
| C | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ વિવિધ વાજિંત્રોનો ઉપયોગ કરે છે. | | ૦.૪% | ૦૪ |
| D | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓ થાય છે. | | ૦.૪% | ૦૪ |
| E | પ્રાર્થનાની પસંદગી તેમજ સમગ્રતયા રજૂઆતમાં પૂરતું વૈવિધ્ય રાખવામાં આવે છે. | | ૦.૪% | ૦૪ |
| ૩.૨ | પેટા ક્ષેત્ર : ૨ યોગ, વ્યાયામ અને રમતગમત | | | |
| A | શાળાના વિદ્યાર્થીઓ યોગિક ક્રિયાઓમાં જોડાય છે. | ૨.૦% | ૦.૪% | ૦૪ |
| B | શાળાના વિદ્યાર્થીઓએ રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં રાજ્ય/ જિલ્લા/ તાલુકા/ ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે. | | ૦.૪% | ૦૪ |
| C | શાળામાં સમૂહ કવાયતની નિયમિતતા | | ૦.૪% | ૦૪ |
| D | દરેક ધોરણનાં વિદ્યાર્થીઓને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક મળે છે. | | ૦.૪% | ૦૪ |
| E | રમતગમતની દરેક પ્રવૃત્તિમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે. | | ૦.૪% | ૦૪ |
| ૩.૩ | પેટાક્ષેત્ર : ૩ વિશેષ પ્રવૃતિઓમાં ભાગીદારી | | | |
| A | શાળાનાં વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં રાજ્ય/જિલ્લા/તાલુકા/ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે. | ૪.૦% | ૦.૮% | ૦૮ |
| B | શાળામાં પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ થાય છે. | | ૦.૮% | ૦૮ |
| C | રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. | | ૦.૮% | ૦૮ |

| | | | | |
|---|---|---|---|---|
| D | શાળા દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક મુલાકાત કરાવવામાં આવે છે અને ત્યારબાદ તેનું શૈક્ષણિક અનુકાર્ય થાય છે. | | ૦.૮% | ૦૮ |
| E | શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે | | ૦.૮% | ૦૮ |
| ૩.૪ | પેટા ક્ષેત્ર : ૪ રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી | | | |
| A | ધોરણ- ૮ ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | ૪.૦% | ૧.૦% | ૧૦ |
| B | ધોરણ- ૮ ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓનો રાજ્યના મેરીટમાં સમાવેશ | | ૧.૦% | ૧૦ |
| C | ધોરણ- ૬ ની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | | ૧.૦% | ૧૦ |
| D | ધોરણ- ૫ થી ૮ ના વિદ્યાર્થીઓની પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ઉપસ્થિતિ | | ૧.૦% | ૧૦ |
| ૪ | મુખ્ય ક્ષેત્ર : ૪ સંસાધનો અને તેનો ઉપયોગ | | | |
| ૪.૧ | પેટા ક્ષેત્ર : ૧ પુસ્તકાલયનો ઉપયોગ | | | |
| A | શાળા પુસ્તકાલયનો ઉપયોગ શિક્ષકો કરે છે. | ૨.૦% | ૧.૦% | ૧૦ |
| B | શાળા પુસ્તકાલયનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરે છે. | | ૧.૦% | ૧૦ |
| ૪.૨ | પેટા ક્ષેત્ર : ૨ ટેક્નોલૉજીનો ઉપયોગ | | | |
| A | તમામ શિક્ષકો ટેક્નોલૉજીનો ઉપયોગ શૈક્ષણિક કાર્ય માટે કરે છે. | ૨.૦% | ૧.૦% | ૧૦ |
| B | ધોરણ ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓ ટેક્નોલૉજીનો ઉપયોગ કરે છે. (જો લાગું પડતું હોય તો...) | | ૧.૦% | ૧૦ |
| ૪.૩ | પેટા ક્ષેત્ર : ૩ મધ્યાહ્ન ભોજન | | | |
| A | શાળામાં નિયમિત મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે. | ૨.૦% | ૦.૪% | ૦૪ |
| B | મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ તમામ વિદ્યાર્થીઓ લે છે. | | ૦.૪% | ૦૪ |
| C | તમામ વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઈને જમવા બેસે છે. | | ૦.૪% | ૦૪ |
| D | મધ્યાહ્ન ભોજન અંતર્ગત અપાતા ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા ચકાસવામાં આવે છે. | | ૦.૪% | ૦૪ |
| E | મધ્યાહ્ન ભોજન માટેની રસોઈની તેમજ વિદ્યાર્થીઓની બેસવાની જગ્યા સ્વચ્છ રાખવામાં આવે છે. | | ૦.૪% | ૦૪ |
| ૪.૪ | પેટા ક્ષેત્ર : ૪ પાણી, શૌચાલય અને સ્વચ્છતા | | | |
| A | તમામ વિદ્યાર્થીઓને પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધ છે. | ૦૨% | ૦.૫% | ૦૫ |
| B | પાણીની સુવિધા (ટાંકી) તથા શૌચાલયની સફાઈ યોગ્ય સામગ્રી દ્વારા નિયમિત રીતે થાય છે. | | ૦.૫% | ૦૫ |
| C | તમામ શૌચાલયોમાં પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ છે. | | ૦.૫% | ૦૫ |
| D | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા | | ૦.૫% | ૦૫ |
| | | કુલ ... | ૧૦૦% | ૧૦૦૦ |

**શિક્ષક એટલે એક સમુદ્ર**
**જ્ઞાનનો, પવિત્રતાનો,**
**એક આદરયુક્ત ખૂણો,**
**દરેક વ્યક્તિના મનનો,**
**શિક્ષક અપૂર્ણને પૂર્ણ કરનારો**
**શિક્ષક શબ્દથી જ્ઞાન વધારનારો,**
**શિક્ષક જીવન ઘડનારો,**
**શિક્ષક તત્ત્વથી મૂલ્યો ફેલાવનારો**
**શિક્ષક દિનની શુભેચ્છા !!**

- **તમારી શક્તિનો મન દઈને ઉપયોગ કરો, તેનો વિકાશ કરો. તમને નવા જ્ઞાનનો અવશ્ય અનુભવ થશે.**

  **– આર્નોલ્ડ**

- **જે માણસ સફળ થાય છે, તેની પાસે કોઈક નક્કર યોજના હોય છે. સફળતા આપોઆપ મળતી નથી તેને માટે યોજના કરવી પડે છે અને ધીરજપૂર્વક આગળ વધવું પડે છે.**

# સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ: ગુણાવત્તા સુધારણાનું દિશાદર્શક


– સંકલન

**રાજ્યની તમામ શાળાઓમાં ગુણોત્સવ ૨.૦ નું મૂલ્યાંકન પૂર્ણ થતા શાળાઓને આ મૂલ્યાંકનને આધારે પોતાના Report Cord પ્રાપ્ત થયેલ છે. આ Repont Card ને સમજવા આ લેખ દિશાદર્શક બની રહેશે.**

આપણે અગાઉના લેખોમાં જોઈ ગયા કે સ્કૂલ એક્રેડિટેશનની પ્રકિયા સ્કૂલ ઇન્સ્પેક્ટર્સને રાજ્ય કક્ષાએથી શાળા ફાળવણી (School Allocation) થી શરૂ થાય છે અને શાળાઓને સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ ઇસ્યુ થવાથી પૂર્ણ થાય છે. સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ એ સમગ્ર ગુણાત્મક પ્રકિયાનું પરિણામ છે. રિપોર્ટ કાર્ડ થકી પ્રત્યેક શાળાને પોતાના સારા અને સુધારણા યોગ્ય ક્ષેત્રોની સ્પષ્ટ ઓળખ થાય છે. જેના થકી શાળા સુધારણા જરૂરી હોય તેવા માપદંડોને લક્ષ્યમાં રાખી શાળા વિકાસ યોજના તૈયાર કરી શકે છે. આ લેખનો આશય સ્કૂલ રિપોર્ટ કાર્ડની સમજ આપવાનો અને તેના આધારે શાળાઓ દ્વારા હાથ ધરી શકાતા ઉદાહરણરૂપ પ્રયાસો દર્શાવવાનો છે.


- **સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડનો પરિચય :**

સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડના કુલ બે પેઇઝ છે. પ્રથમ પેઇઝમાં નીચેની ઇમેઝમાં દર્શાવ્યા મુજબની વિગતોનો સમાવેશ થાય છે.



અહીં આપેલ ઈમેઝનો અભ્યાસ કરતા જોઈ શકાય છે કે પ્રથમ પેઈઝ પરથી શાળાએ મેળવેલ કુલ ટકાવારી, ગ્રેડ અને શાળાની કલર કેટેગરીનો ખ્યાલ આવે છે. આ પેઈઝ પરથી શાળાએ પ્રત્યેક મુખ્યક્ષેત્રમાં કરેલ પ્રદર્શન અને જે તે મુખ્યક્ષેત્ર અંતર્ગત આવતા તમામ પેટા ક્ષેત્રોમાં કરેલ દેખાવને જોઈ શકાય છે. આ પેઈઝના જમણી બાજુએ ઉપરના ભાગમાં શાળાની સારી અને સુધારણા યોગ્ય બાબતોને જોઈ શકાય છે. જેની નીચેના ભાગમાં શાળાએ ચારેય મુખ્યક્ષેત્રમાં કરેલ પ્રદર્શનની આલેખાત્મક રજૂઆત દર્શાવવામાં આવી છે. આ પાનાના સાવ નીચેના ભાગમાં આવેલી સ્ટ્રિપ (પટ્ટી)માં ગ્રેડિંગ સ્કીમ દર્શાવવામાં આવી છે.

રિપોર્ટ કાર્ડના બીજા પેઈઝમાં નીચેની ઈમેઝમાં દર્શાવ્યા મુજબની વિગતોનો સમાવેશ થાય છે.




રિપોર્ટ કાર્ડનું બીજું પેઈઝ શાળાના પરિણામની વિસ્તૃત સમજ આપે છે. આ પેઈઝ પર પેટાક્ષેત્રોમાં સમાવિષ્ટ માપદંડોમાં શાળાએ કરેલા પ્રદર્શનને પ્રોગ્રેસ બાર અને ટકાવારીમાં દર્શાવેલ છે. આ રીતે કરેલ રજૂઆતથી શાળાએ જે તે માપદંડમાં ૧૦૦% સુધી પહોંચવા હજુ કેટલાં પ્રયત્નોની જરૂર છે તેનો અંદાજ આવે છે.

શાળા રિપોર્ટ કાર્ડને ગુણાત્મક સુધારણા માટેના સૂચક તરીકે કેવી રીતે લઈ શકે તે માટે એક ઉદાહરણ જોઈએ. નીચેની ઈમેઝમાં કોઈ એક શાળાએ મુખ્યક્ષેત્ર ૧ માં કરેલ દેખાવને દર્શાવેલ છે.

| ક્ષેત્રો | કુલ ગુણ | મેળવેલ ગુણ | % મળેલ ગુણ |
|---|---|---|---|
| **અધ્યયન અને અધ્યાપન** | ૫૪% | ૩૭.૩૮% | ૬૯.૨૨% |
| એકમ કસોટીની પ્રક્રિયા | ૮.૫% | ૪.૪૨% | |
| એકમ કસોટીના ગુણ | ૩.૫% | ૨.૧૨% | |
| સત્રાંત મૂલ્યાંકન (કસોટી) ની પ્રક્રિયા | ૨% | ૧.૦૦% | |
| સત્રાંત મૂલ્યાંકન (કસોટી) ૧ ના ગુણ | ૫% | ૨.૪૮% | |
| સત્રાંત મૂલ્યાંકન (કસોટી) ૨ ના ગુણ | ૫% | ૨.૮૬% | |
| અધ્યયન માટે અસરકારક વાતાવરણ | ૧૫% | ૧૨.૫% | |
| અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ | ૧૫% | ૧૨.૦% | |

ઉપરોક્ત ઈમેઝમાં દર્શાવેલ આંકડાંને જોતા ખ્યાલ આવે છે કે આ શાળાએ પ્રથમ મુખ્યક્ષેત્રમાં ૬૯.૨૨% મેળવ્યા છે, જે શાળા માટે પ્રથમ દૃષ્ટિએ કદાચ સંતોષકારક પરિણામ હોઈ શકે. છતાં જ્યારે પેટાક્ષેત્રોમાં કરેલ દેખાવને ધ્યાને લઈએ તો ખ્યાલ આવે છે કે 'એકમ કસોટીની પ્રક્રિયા', 'સત્રાંત કસોટીની પ્રક્રિયા' અને 'સત્રાંત કસોટીના ગુણ' આ ત્રણ પેટાક્ષેત્રોમાં શાળાનો દેખાવ ૫૦% કે તેનાથી ઓછો છે. આ માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે જો શાળા પ્રથમ મુખ્યક્ષેત્રના આ ત્રણ પેટા ક્ષેત્રોમાં થોડો વધુ પ્રયાસ કરે તો આ મુખ્યક્ષેત્રમાં સરળતાથી ૭૦% કરતા વધુ ગુણ પ્રાપ્ત કરી શકે તેમ છે. જો શાળા પરિણામમાં હજુ થોડું અંદર ઉતરે તો તે વધુ આયોજનબદ્ધ કાર્ય કરીને પોતાના પરિણામને ૭૫% કરતા વધારી શકે તો શાળાની આ મુખ્યક્ષેત્ર પુરતી પ્રવર્તમાન કલર કેટેગરી (યલો)માંથી ઉપરની કલર કેટેગરી (ગ્રીન)માં જવાની સંભાવના વધી જાય છે. આ માટે શાળાએ રિપોર્ટ કાર્ડના પ્રથમ પેઈઝની આ વિગતને બીજા પેઈઝમાં દર્શાવેલ માહિતી સાથે જોડીને જોવી પડશે. જે નીચેની ઈમેજિસમાં દર્શાવેલ છે.

અધ્યયન અને અધ્યાપન — ૬૯.૨૨%

| | | |
|---|---|---|
| એકમ કસોટી | આન્સર બુકલેટમાં વિદ્યાર્થીઓના જવાબો | ૬૦% |
| | એકમ કસોટીની આન્સર બુકલેટની ચકાસણી | ૬૦% |
| | આન્સર બુકલેટમાં શિક્ષકોની ટિપ્પણીઓ | ૦% |
| | ઉપચારાત્મક કાર્ય | ૪૦% |
| | વાલીઓને જાણ | ૧૦૦% |
| | એકમ કસોટીમાં સરેરાશ ગુણ | ૬૦.૫% |

ઉપરની ઈમેઝમાં શાળાએ મુખ્યક્ષેત્ર ૧ના પ્રથમ પેટાક્ષેત્ર એકમ કસોટીમાં મેળવેલ સ્કોર દર્શાવેલ છે. અહીં જોઈ શકાય છે કે એકમ કસોટી અંતર્ગત સમાવિષ્ટ માપદંડો પૈકી ત્રીજા (આન્સર બુકલેટમાં શિક્ષકોની ટીપ્પણીઓ) અને ચોથા (ઉપચારાત્મક કાર્ય)માં પ્રમાણમાં નીચો સ્કોર મળેલ છે. આ પરિણામો સૂચવે છે કે શાળામાં એકમ કસોટી ચકાસણી કરતી વખતે જે વિદ્યાર્થીઓના જવાબોમાં ટિપ્પણી (રીમાર્ક્સ)ની જરૂર છે તેવી જગ્યાએ પણ ટિપ્પણી (રીમાર્ક્સ) કરવામાં આવેલ નથી. ઉપચારાત્મક કાર્યમાં મળેલ ઓછો સ્કોર દર્શાવે છે કે જેમને જરૂરિયાત હતી તેવા તમામ બાળકોને ઉપચારાત્મક કાર્યમાં સમાવવામાં આવ્યા નથી અથવા જેટલી અધ્યયન નિષ્પત્તિઓમાં કચાશ દેખાઈ છે તે તમામ નિષ્પત્તિઓ પૈકી અમુક પર કાર્ય થઈ શક્યું નથી. જો આ શાળા એકમ કસોટીના સંદર્ભમાં આ બે બાબતોમાં સુધારણાને અગ્રતા આપે તો એકમ કસોટી પેટાક્ષેત્રમાં દેખીતો સુધારો જોવા મળશે. આ માટે શાળાએ બે મુખ્ય કાર્ય કરવાના થશે: ૧. જેટલા વિદ્યાર્થીઓના ઉત્તરોમાં કચાશ હોય એટલે કે તેમણે લખેલ જવાબો અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ કે ભાષાની દૃષ્ટિએ યોગ્ય ન હોય તેટલા જ વિદ્યાર્થીઓ માટે તેમના જવાબોમાં વિદ્યાર્થીઓએ કરેલ ભૂલનો નિર્દેશ કરવો અને તેને અનુરૂપ ટૂંકી અને સરળ રીમાર્ક લખવી. ૨. આવા વિદ્યાર્થીઓમાં જે અધ્યયન નિષ્પત્તિઓમાં કચાશ હોય તેની ઓળખ કરીને તે અધ્યયન નિષ્પત્તિઓ માટે જરૂરી ઉપચારાત્મક કાર્ય કરવું.

આ ઉપરાંત જે માપદંડ પર તાત્કાલિક અને ગંભીરતાથી કાર્ય કરવાની જરૂર દેખાય છે તે છે 'એકમ કસોટીની આન્સર બુકલેટની ચકાસણી'. આ માપદંડનો સ્કોર દર્શાવે છે કે શાળાએ તમામ બાળકોની તમામ વિષયોની એકમ કસોટીઓ નિયમિત અને યોગ્ય રીતે ચકાસવાની પ્રેક્ટિસને અનુસરવાની આવશ્યકતા છે. આ તાત્કાલિક થઈ શકે તેવા કાર્યોની સમાંતરે 'વિદ્યાર્થીઓના જવાબોની ગુણવત્તા' પર કાર્ય કરવાની શરૂઆત કરી દેવી જોઈએ કારણ કે તે પ્રમાણમાં થોડો વધુ સમય માંગે તેવું કાર્ય છે. જો કાર્ય શાળા આયોજનપૂર્વક કરે તો છેલ્લાં માપદંડ 'એકમ કસોટીમાં ગુણ' માં આપોઆપ વધારો થઈ શકે છે.

મુખ્યક્ષેત્ર ૧નું બીજું પેટાક્ષેત્ર એટલે સત્રાંત કસોટી. આ પેટાક્ષેત્રમાં શાળાના પરિણામની વિગત નીચેની ઈમેઝમાં દર્શાવેલ છે.

| | | |
|---|---|---|
| સત્રાંત કસોટી | પરિણામપત્રકમાં ગુણની નોંધ | ૧૦૦% |
| | વાલીઓને જાણ | ૦.૦% |
| | સત્રાંત કસોટી ૧ માં શાળાએ મેળવેલ ગુણ | ૪૯.૫૬% |
| | સત્રાંત કસોટી ૨ માં શાળાએ મેળવેલ ગુણ | ૫૭.૩% |

સત્રાંત કસોટી પેટાક્ષેત્રમાં સુધારણા યોગ્ય ત્રણ માપદંડ જોઈ શકાય છે. આ પૈકી છેલ્લાં બેનો સીધો સંબંધ વર્ગખંડ વ્યવહાર અને એકમ કસોટીની પ્રકિયાની સાથે છે. જો એકમ કસોટીમાં યોગ્ય રીતે કાર્ય કરી સફળતા મળશે તો તેમાં વિદ્યાર્થીઓના જવાબની ગુણવત્તામાં થયેલ સુધારણાની સીધી અસર સત્રાંત કસોટીમાં વિદ્યાર્થીઓના જવાબોમાં જોવા મળશે. બીજું સંબંધિત ક્ષેત્ર છે વર્ગખંડ વ્યવહાર. આ પેટાક્ષેત્રમાં શાળાના દેખાવને નીચેની ઇમેઝમાં જોઈએ.

| | | |
|---|---|---|
| અધ્યયન માટે અસરકારક વાતાવરણ | શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર | ૮૦.૦૦% |
| | અસરકારક વર્ગખંડ વાતાવરણ | ૧૦૦.૦૦% |
| | શિક્ષકો દ્વારા પ્રેરણા | ૮૦.૦૦% |
| | વિદ્યાર્થીઓ દ્વારા અધ્યયન સામગ્રી ની ઉપયોગ | ૧૦૦.૦૦% |
| | ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું | ૬૦.૦૦% |
| | જે શીખ્યા હોય તે વિશે વાત કરવી | ૮૦.૦૦% |
| અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ | અધ્યાયન માટેની તૈયારી | ૮૦.૦૦% |
| | અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય | ૮૦.૦૦% |
| | શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો | ૮૦.૦૦% |
| | વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન | ૮૦.૦૦% |
| | અધ્યયનમાં સમાન તક | ૮૦.૦૦% |

ઉપરની ઇમેઝમાં દર્શાવેલ વિગતનો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે આ શાળામાં પ્રથમ મુખ્યક્ષેત્રના ત્રીજા અને ચોથા પેટાક્ષેત્રમાં સારું કાર્ય થઈ રહ્યું છે. તેમાં માત્ર એક પેટાક્ષેત્ર 'ચર્ચા અધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું' માં પ્રમાણમાં ઓછું પરિણામ દેખાઈ રહ્યું છે. તો આ શાળાના વિદ્યાર્થીઓના એકમ કસોટી અને સત્રાંત કસોટીના ગુણ ઓછાં શા માટે જોવા મળ્યાં હશે? અહીં શાળામાં કાર્ય કરતા અને શાળાને માર્ગદર્શન આપવાની જેમની ભૂમિકા છે તે સૌને એવો ખ્યાલ આવવો જોઈએ કે આ શાળાના બાળકોની બે જગ્યાએ ચૂક થવાની સંભાવના છે. ૧. કસોટીમાં પૂછાતાં પ્રશ્નોને સમજવામાં મુશ્કેલી પડવી અને ૨. લેખન અભિવ્યક્તિમાં કચાશ. શાળાએ આ બંને બાબતોને લઈને ક્રિયાત્મક સંશોધનના અભિગમથી કાર્ય કરીને વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને જ્યાં અને જેટલી મદદની જરૂર હોય તે પુરી પાડવા આયોજન તૈયાર કરવું જોઈએ. આ મુખ્યત્વે નિદાન અને ઉપચારનો કાર્યક્રમ બનશે જેનું જોડાણ ફરી એકવાર એકમ કસોટીની પ્રકિયા સાથે થશે. આમ, શાળા જ્યારે પોતાના એક્રેડિટેશન રીપોર્ટ કાર્ડનો અભ્યાસ કરે છે ત્યારે તેણે એક – એક બાબતને છૂટી છૂટી જોઈને તેના પર કાર્ય કરવાને બદલે સમગ્ર શિક્ષણ પ્રકિયામાં તેનું કયાં – કયાં જોડાણ થાય છે તેનો વિચાર કરી અનુકાર્ય કરવું જોઈએ.

આ શાળાએ બાકીના મુખ્યક્ષેત્રોમાં કરેલ દેખાવને પણ જોઈ લઈએ. જે નીચેની ઇમેઝિસમાં દર્શાવેલ છે.

**શાળા (વ્યવસ્થાપન)** ૮૮.૨૩%

| | | |
|---|---|---|
| હાજરી | શાળાની સરેરાશ હાજરી | ૭૫.૬૭% |
| | જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની હાજરી | ૬૦.૦% |
| શાળા સંચાલન | શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ | ૧૦૦.૦૦% |
| | શાળા વ્યવસ્થા સમિતિની ભૂમિકા | ૧૦૦.૦૦% |
| | શાળા સમયપત્રક | ૧૦૦.૦૦% |
| શાળા સલામતી | સલામત શાળા પરિસર | ૧૦૦.૦૦% |
| | સલામતી સંદર્ભે શાળાની તૈયારી | ૧૦૦.૦૦% |

ઉપરની ઈમેઝમાં જોઈ શકાય છે કે બીજા મુખ્યક્ષેત્ર શાળા (વ્યવસ્થાપન)માં શાળા પ્રમાણમાં સારો દેખાવ કરી રહી છે. આ શાળાને બીજા મુખ્યક્ષેત્રમાં માત્ર હાજરી પેટાક્ષેત્રનાં બીજા માપદંડમાં ઓછો સ્કોર મળ્યો છે. શાળાની સરેરાશ હાજરી ૭૫% કરતા વધુ હોવા છતાં શાળાને બીજા માપદંડમાં ઓછો સ્કોર મળ્યો છે કારણે તે શાળાની હાજરી તેના જિલ્લાની તમામ શાળાઓની સરેરાશ હાજરી કરતા ઓછી છે. અહીં આ માપદંડમાં શાળાની અને જિલ્લાની સરેરાશ હાજરીને તુલનાત્મક રીતે જોવામાં આવે છે. આનો અર્થ એ થયો કે આ શાળા કરતા જિલ્લાની બીજી શાળાઓ વ્યક્તિગત રીતે 'હાજરી' પેટાક્ષેત્રમાં વધુ સારું કરી રહી છે. શાળાએ આ પેટાક્ષેત્રમાં વધુ સારો સ્કોર કરવા પોતાના તમામ વિદ્યાર્થીઓની નિયમિત હાજરીને સુનિશ્ચિત કરવા પ્રયાસ કરવા જોઈએ.


હવે આ શાળાના ત્રીજા મુખ્યક્ષેત્રમાં દેખાવને નીચેની ઈમેઝ પરથી સમજીએ.

**સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** ૬૩.૦૦%

| | | |
|---|---|---|
| પેટાક્ષેત્રો | પ્રાર્થનાસભા | ૮૮.૦% |
| | યોગ, વ્યાયામ અને રમતગમત | ૮૮.૦૦% |
| | વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી | ૭૬.૦૦% |
| | રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી | ૨૫.૦૦% |

અહીં જોઈ શકાય છે તેમ આ શાળા આ મુખ્યક્ષેત્રમાં માત્ર સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી સંબંધિત પેટાક્ષેત્રોમાં ઓછો સ્કોર મેળવે છે. પ્રાથમિક કક્ષાએ લાગુ પડતી અને ગુણોત્સવ ૨.૦ અંતર્ગત જોવામાં આવતી ત્રણ પરીક્ષાઓ પ્રાથમિક ચિત્રકામ, શિષ્યવૃત્તિ અને NMMS છે. શાળાએ આ ત્રણ પરીક્ષાઓને કેન્દ્રમાં રાખી ચોક્કસ આયોજન આયોજન કરવું જોએ. આ પેટાક્ષેત્રમાં રાતોરાત સફળતા મળી જાય એવું પણ ન બને આથી શાળાએ પોતાની વિકાસ યોજનામાં તબક્કાવાર આ દિશામાં નક્કર આયોજન વિચારવું પડે. મોટા ભાગે સ્પર્ધાતમક પરીક્ષાઓમાં માહિતીલક્ષી પ્રશ્નોની સંખ્યા ઓછી હોય છે આથી આવી પરીક્ષાઓમાં સફળતા માટે બાળકોને અર્થગ્રહણ અને તેની ઉપરની કક્ષાના પ્રશ્નોનો મહાવરો કરાવવો જોઈએ. આ માટે કોઈ અલાયદું આયોજન વિચારવા કરતા શાળાના શિક્ષકો પોતાના નિયમિત શિક્ષણ કાર્યમાં અને વિવિધ શાળાકીય પ્રવૃત્તિઓ જેવી કે પ્રાર્થનાસભા, પ્રશ્નમંચ વગેરેમાં સારાં કહી શકાય તેવા પ્રશ્નોનો મહાવરો સતત કરાવતા રહે તે જરૂરી છે. અહીં આ માપદંડનું જોડાણ ફરી એકવાર વર્ગખંડ કાર્ય સાથે થશે. વર્ગખંડમાં પૂછાતાં પ્રશ્નોને અધ્યયનના એક અસરકારક ઉપકરણ તરીકે શિક્ષકોએ ઉપયોગ કરવો જોઈએ જે બાળકોને આગળ જતા સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવવામાં મદદરૂપ થશે.

ચોથું મુખ્યક્ષેત્ર એટલે સંસાધનો અને તેનો ઉપયોગ. આપણે આ શાળાના ચોથા મુખ્યક્ષેત્રના પરિણામને નીચેની ઈમેઝની મદદથી સમજીએ.




અહીં જોઈ શકાય છે તેમ આ શાળા માત્ર પુસ્તકાલયના ઉપયોગ સિવાયના તમામ માપદંડોમાં સારું કરી રહી છે. આ માપદંડ અંતર્ગત બે બાબતો ચકાસવામાં આવે છે. ૧. શાળાના શિક્ષકો દ્વારા પુસ્તકાલયનો ઉપયોગ અને ૨. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તકાલયનો ઉપયોગ. એક સ્કૂલ ઈન્સ્પેક્ટર જ્યારે શાળા મુલાકાત લે છે ત્યારે તે માત્ર ઈશ્યૂ રજીસ્ટરોના આધારે જે પુસ્તકાલયના ઉપયોગ અંતર્ગત અવલોકન નોંધી લે છે તેવું નથી. ખરેખર શાળામાં પુસ્તકાલયનો કેવો ઉપયોગ થઈ રહ્યો છે તે જાણવા તે એક કરતા વધારે પ્રયુક્તિ અજમાવી શકે છે. શાળા દ્વારા પુસ્તકાલયનો અસરકારક ઉપયોગ ત્યારે થયો કહેવાય જ્યારે શાળાના બાળકોના વાંચન કૌશલ્ય, શાળાની વિવિધ શૈક્ષણિક અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ વગેરે જેવી બાબતોમાં તેની ઝલક સ્પષ્ટ દેખાઈ આવતી હોય. આ દિશામાં શાળાઓ કાર્ય કરીને આ માપદંડમાં સારો સ્કોર મેળવી શકે છે.

અહીં આપણે ચાર મુખ્યક્ષેત્રો અને તેના વિવિધ માપદંડોમાં શાળાએ કરેલ દેખાવની વાત કરી. અહીં જે શાળાનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. તે શાળાનું એકંદર પરિણામ ૭૫.૦૮ % છે. આથી આ શાળા ગ્રેડિંગ પદ્ધતિ પ્રમાણે ગ્રીન વન સ્ટાર અને A કેટગરીની શાળા છે. આ ગુણાત્મક સુધારણા માટે અમુક નાના – નાના પ્રયત્નો કરવા માત્રથી અમુક માપદંડોમાં તેના પ્રવર્તમાન સ્કોરથી જો થોડો – થોડો વધુ મેળવી લે તો તેની તેના કુલ ગુણાંકનમાં કેવી અસર પડી શકે તે એક ઉદાહરણ દ્વારા જોઈએ. આ માટે અહીં આપેલ ઈમેઝનો અભ્યાસ કરો.

| ક્ષેત્રો | કુલ ગુણ | મળેલ ગુણ | અપેક્ષિત ગુણ |
|---|---|---|---|
| અધ્યયન અને અધ્યાપન | ૫૪.૦% | ૩૭.૩૮% | ૪૩.૦% |
| એકમ કસોટીની પ્રક્રિયા | ૮.૫% | ૪.૪૨.% | ૬.૫% |
| એકમ કસોટીના ગુણ | ૩.૫% | ૨.૧૨% | ૨.૧૨% |
| સત્રાંત મૂલ્યાંકન (કસોટી)ની પ્રક્રિયા | ૨.૦% | ૧.૦૦% | ૨.૦૦% |
| સત્રાંત મૂલ્યાંકન (કસોટી) ૧ ના ગુણ | ૫.૦% | ૨.૪૮% | ૨.૪૮% |
| સત્રાંત મૂલ્યાંકન (કસોટી) ૨ ના ગુણ | ૫.૦% | ૨.૮૬% | ૨.૮૬% |
| અધ્યયન માટે અસરકારક વાતાવરણ | ૧૫.૦% | ૧૨.૫૦% | ૧૩.૫% |
| અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ | ૧૫.૦% | ૧૨.૦૦% | ૧૩.૫% |
| શાળાનું એકંદર ગુણાંકન | ૧૦૦% | ૭૫.૦૮% | ૮૦.૬૬% |

અહીં શાળા દ્વારા માત્ર પ્રથમ મુખ્યક્ષેત્ર અધ્યયન અને અધ્યાપનમાં કેન્દ્રિત રહી કાર્ય કરવામાં આવે તો તેનાથી પેટાક્ષેત્રોમાં ગુણાંકનમાં કેવો ફેરફાર થઈ શકે તેનું એક ઉદાહરણ આપ્યું છે. છેલ્લીથી બીજી કોલમમાં શાળાએ મેળવેલ સ્કોર દર્શાવેલ છે જ્યારે છેલ્લી કોલમમાં શાળાના પ્રયાસો થકી તેને મળી શકનાર સંભવિત (અપેક્ષિત) સ્કોર દર્શાવેલ છે. આ ટેબલ પરથી જોઈ શકાય છે કે શાળા માત્ર પ્રથમ મુખ્ય ક્ષેત્રના સાત પૈકી ચાર પેટાક્ષેત્રમાં પણ ટાર્ગેટેડ કાર્ય કરી શકે તો તેના ગુણાંકનમાં ૫ % જેટલો સુધાર થઈ શકે છે. આમ, થવાથી શાળાનો સ્કોર ૭૫.૦૮ % માંથી ૮૦.૬૬ % થઈ શકે છે. આટલું કરતા શાળા ગ્રીન વીથ ૧ સ્ટારમાંથી ગ્રીન વીથ ૨ સ્ટાર કેટેગરીમાં આવી શકે શકે છે.

પ્રત્યેક શાળા આ રીતે પોતાના રીપોર્ટ કાર્ડના બંને પાનાનો વિગતે અભ્યાસ કરી, એકબીજા માપદંડો સાથેનો આંતરસંબંધ ધ્યાને રાખીને પ્રત્યેક મુખ્યક્ષેત્ર માટે એક વિઝન સાથે અનુકાર્ય કરે તો ચોક્કસ તેના પ્રવર્તમાન ગ્રેડમાંથી વધુ સારા ગ્રેડ પર પહોંચી શકશે. આમ, સ્કૂલ એક્રેડિટેશન રીપોર્ટ કાર્ડ એ શાળાઓને ગુણવત્તાની દિશામાં દોરી જનાર દીવાદાંડી સમાન છે. બધી શાળાઓ પોતાના રીપોર્ટ કાર્ડને ગુણાત્મક સુધરણાના પ્રથમ ઉપકરણ અને દિશાદર્શક તરીકે ઉપયોગમાં લેતા થાય તેવી શુભેચ્છાઓ.

# સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ દ્વારા ચકાસવામાં આવતી બાબતો

— સંકલન

**સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ દ્વારા શાળાઓનું એક્રેડીટેશન કરવામાં આવે છે. એક્રેડીટેશનની આ પ્રક્રિયા વખતે સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ દ્વારા શાળામાં કેવી કેવી બાબતોની ચકાસણી કરવામાં આવે છે તેની સમજૂતી મેળવીએ.**

મુખ્ય ક્ષેત્ર ૧ થી ૪માં દર્શાવેલ માપદંડોની ચકાસણી સ્કૂલ ઈન્સ્પેક્ટર દ્વારા શાળામાં કરવામાં આવે છે. દરેક ક્ષેત્ર, પેટાક્ષેત્ર અને માપદંડો અનુસાર કેવી રીતે કામગીરી કરવાની છે? કયા કયા પુરાવાઓ ચકાસવાના છે? તેની વિગત નીચેના કોષ્ટકમાં આપવામાં આવી છે.

| ક્રમ નં. | માપદંડો | પુરાવાઓ એકત્ર કરવામાં આવશે. | કયા પુરાવાઓ ચકાસવા |
|---|---|---|---|
| ૧ | **મુખ્ય ક્ષેત્ર : અધ્યયન અને અધ્યાપન** | | |
| ૧.૧ | **પેટા ક્ષેત્ર – ૧ એકમ કસોટી** | | |
| A | એકમ કસોટીની આન્સર બુકલેટની ચકાસણી | ઈન્ડીકેટર સાથે ભરેલું અવલોકન પત્રક | • એકમ કસોટીની ઉત્તરવહીની પ્રત્યક્ષ ચકાસણી |
| B | એકમ કસોટીની આન્સર બુકલેટમાં વિદ્યાર્થીઓના જવાબો | | |
| C | એકમ કસોટીના પરિણામો પર શિક્ષકોની ટિપ્પણીઓ | | |
| D | ઉપચારાત્મક કાર્ય | | |
| E | વાલીઓને જાણ | | |
| F | છેલ્લી એકમ કસોટીમાં સરેરાશ ગુણ ટકાવારી | | |
| ૧.૨ | **પેટાક્ષેત્ર : ૨ સત્રાંત કસોટી I અને II** | | |
| A | ઉત્તરવહીઓની ચકાસણી | ઈન્ડીકેટર સાથે ભરેલું અવલોકન પત્રક | સત્રાંત કસોટીની ઉત્તરવહીની પ્રત્યક્ષ ચકાસણી |
| B | પરિણામપત્રકમાં ગુણની નોંધ | | |
| C | વાલીઓને જાણ | | |
| D | સત્રાંત કસોટી-૧ માં શાળાએ મેળવેલ ગુણ | શાળા દ્વારા ઓનલાઈન કરવામાં આવેલી ગુણની ચકાસણી | શાળા દ્વારા ઓનલાઈન કરવામાં આવેલા ગુણની ચકાસણી |
| E | સત્રાંત કસોટી-૨ માં શાળાએ મેળવેલ ગુણ | | |
| | | | |
| ૧.૩ | **પેટાક્ષેત્ર : ૩ અધ્યયન માટે અસરકારક વાતાવરણ** | | |
| A | શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર | ઈન્ડીકેટર સાથે ભરેલું અવલોકન પત્રક | • વર્ગખંડ અવલોકન |
| B | અસરકારક વર્ગખંડ વાતાવરણ | | |
| C | શિક્ષકો દ્વારા પ્રેરણા | | |
| D | વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત અધ્યયન સાહિત્ય (LM)નો ઉપયોગ | | |
| E | ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું | | |
| F | જે શીખ્યા હોય તે વિશે વાત કરવી | | |
| ૧.૪ | **પેટાક્ષેત્ર : ૪ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ** | | |
| A | અધ્યાપન માટેની તૈયારી | ઈન્ડીકેટર સાથે ભરેલું અવલોકન પત્રક | • વર્ગખંડ અવલોકન |
| B | અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણ કાર્ય | | |

| | | | |
|---|---|---|---|
| C | શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો | | |
| D | વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન | | |
| E | અધ્યયનમાં સમાન તક | | |
| ૨ | **મુખ્ય ક્ષેત્ર : ૨ શાળા (વ્યવસ્થાપન)** | | |
| ૨.૧ | **પેટા ક્ષેત્ર : ૧ શાળામાં હાજરી** | | |
| A | શાળાની સરેરાશ હાજરીના સંદર્ભે હાજરી | શાળા દ્વારા ઓનલાઈન કરાયેલી હાજરીની વિગત | શાળા દ્વારા ઓનલાઈન કરાયેલી હાજરીની વિગત |
| B | જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે હાજરી | | |
| ૨.૨ | **પેટાક્ષેત્ર : ૨ સંચાલન** | | |
| A | શાળા વિકાસ યોજના અને અમલીકરણ | ઈન્ડીકેટર સાથે ભરેલ અવલોકન પત્રક | • શાળા વિકાસ યોજનાની ચકાસણી કરવી |
| B | એસ.એમ.સી | | • એસ.એમ.સી. નું રજીસ્ટર ચકાસવું અને એસ.એમ.સી. ના સભ્યો સાથે વાતચીત કરવી |
| C | શાળા સમયપત્રક | | • શાળા સમયપત્રક ચકાસવું અને મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછીને વાતચીત દ્વારા તેની ખરાઈ કરવી |
| ૨.૩ | **પેટાક્ષેત્ર : ૩ સલામતી** | | |
| A | સલામત શાળા પરિસર | ઈન્ડીકેટર સાથે ભરેલું અવલોકન પત્રક | • શાળા પરિસરનું અવલોકન કરવું તેમજ મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નો પૂછીને વાતચીત કરવી |
| B | આપત્તિ માટેની સજ્જતા | | • શાળા પરિસરના અવલોકન દ્વારા શાળા વિસ્તારની સલામતી અંગેની ચકાસણી કરવી.<br>• તાલીમ રજીસ્ટર તેમજ મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નો પૂછીને વાતચીત કરવી |

| | | | |
|---|---|---|---|
| ૩ | મુખ્ય ક્ષેત્ર : ૩ સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ | | |
| ૩.૧ | પેટાક્ષેત્ર : ૧ પ્રાર્થનાસભા | | |
| A | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી | ફ્રેમવર્કમાં સ્કોર આપવા | • શાળાની પ્રાર્થનાસભામાં હાજરી આપવી. • પ્રાર્થનાસભા પ્રવૃત્તિ રજીસ્ટર/આયોજનની ચકાસણી કરવી (જો ઉપલબ્ધ હોય તો..). • મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નો પૂછીને વાતચીત કરવી |
| B | પ્રાર્થનાસભાનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા થાય છે. (જેમાં કુમાર અને કન્યા સરખા પ્રમાણમાં ભાગ લે છે) | | |
| C | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ વિવિધ વાજિંત્રોનો ઉપયોગ કરે છે. | | |
| D | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓ થાય છે. | | |
| E | પ્રાર્થનાની પસંદગી તેમજ સમગ્રતયા રજૂઆતમાં પૂરતું વૈવિધ્ય રાખવામાં આવે છે. | | |
| ૩.૨ | પેટા ક્ષેત્ર : ૨ યોગ, વ્યાયામ અને રમતગમત | | |
| A | શાળાનાં વિદ્યાર્થીઓ યોગિક ક્રિયાઓમાં જોડાય છે. | ફ્રેમવર્કમાં સ્કોર આપવા | • સમયપત્રક ચકાસવું જેમાં મુખ્યત્વે કવાયત માટે તાસની ફાળવણી (શનિવાર) હોય. • પ્રમાણપત્રોની ચકાસણી અને રમત-ગમતની પ્રવૃત્તિમાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓનાનામનું રજીસ્ટર. • મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નો પૂછીને વાતચીત કરવી. |
| B | શાળાનાં વિદ્યાર્થીઓએ રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં રાજ્ય/ જિલ્લા/ તાલુકા/ ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે. | | |
| C | શાળામાં સમૂહ કવાયતની નિયમિતતા | | |
| D | દરેક ધોરણના વિદ્યાર્થીઓને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક મળે છે. | | |
| E | રમતગમતની દરેક પ્રવૃત્તિમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે. | | |
| ૩.૩ | પેટાક્ષેત્ર : ૩ વિશેષ પ્રવૃતિઓમાં ભાગીદારી | | |
| A | શાળાના વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં રાજ્ય/જિલ્લા/તાલુકા/ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે. | ફ્રેમવર્કમાં સ્કોર આપવા | • પ્રવૃત્તિઓ માટે કરેલું આયોજન ચકાસવું. • પ્રમાણપત્રોની ચકાસણી અને પ્રવૃત્તિમાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓના નામનું રજીસ્ટર. • મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નો પૂછીને વાતચીત કરવી |
| B | શાળામાં પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ થાય છે. | | |
| C | રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. | | |
| D | શાળા દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક મુલાકાત કરાવવામાં આવે છે અને ત્યારબાદ તેનું શૈક્ષણિક અનુકાર્ય થાય છે. | | |
| E | શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. | | |

| | | | |
|---|---|---|---|
| ૩.૪ | પેટા ક્ષેત્ર : ૪ રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી | | |
| A | ધોરણ- ૮ ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ (જે શાળામાં ધોરણ- ૮ ન હોય તો આ વિધાનમાં કોઈપણ | ફ્રેમવર્કમાં સ્કોર આપવા | • પ્રમાણપત્રોની ચકાસણી અને પ્રવૃત્તિમાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓનાં નામનું રજીસ્ટર. • મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નો પૂછીને વાતચીત કરવી |
| B | ધોરણ- ૮ ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓનો રાજ્યના મેરીટમાં સમાવેશ (જે શાળામાં ધોરણ- ૮ ન હોય તો આ વિધાનમાં કોઈપણ પ્રકારનો પ્રત્યુત્તર આપવો નહીં) | | |
| C | ધોરણ- ૬ ની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | | |
| D | ધોરણ- ૫ થી ૮ ના વિદ્યાર્થીઓની પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ઉપસ્થિતિ | | |
| ૪ | મુખ્ય ક્ષેત્ર : ૪ સંસાધનો અને તેનો ઉપયોગ | | |
| ૪.૧ | પેટા ક્ષેત્ર : ૧ પુસ્તકાલયનો ઉપયોગ | | |
| A | શાળા પુસ્તકાલયનો ઉપયોગ શિક્ષકો કરે છે. | ફ્રેમવર્કમાં સ્કોર આપવા | • શાળા પુસ્તકાલયની મુલાકાત લઈને પુસ્તકાલયમાં અભ્યાસક્રમ સાથે સંબંધિત પુસ્તકો હોય તેની ચકાસણી કરવી • ઈસ્યુ રજીસ્ટર ચકાસવું. • મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નો પૂછીને વાતચીત કરવી |
| B | શાળા પુસ્તકાલયનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરે છે. | | |
| ૪.૨ | પેટા ક્ષેત્ર : ૨ ટૅકનોલૉજીનો ઉપયોગ | | |
| A | તમામ શિક્ષકો ટૅકનોલૉજીનો ઉપયોગ શૈક્ષણિક કાર્ય માટે કરે છે. | ફ્રેમવર્કમાં સ્કોર આપવા | • જ્યાં લાગું પડે ત્યાં સ્માર્ટ ક્લાસ અને કમ્પ્યૂટર લેબની મુલાકાત લઈને ચકાસણી કરવી • મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નો પૂછીને વાતચીત કરવી |
| B | ધોરણ ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. (જો લાગું પડતું હોય તો...) | | |
| ૪.૩ | પેટા ક્ષેત્ર : ૩ મધ્યાહ્ન ભોજન | | |
| A | શાળામાં નિયમિત મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે. | ફ્રેમવર્કમાં સ્કોર આપવા | • શાળા પરિસરના અવલોકન દરમિયાન મધ્યાહ્ન ભોજનના વિસ્તારની ચકાસણી કરવી |
| B | મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ તમામ વિદ્યાર્થીઓ લે છે. | | |
| C | તમામ વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઈને જમવા બેસે છે. | | |
| D | મધ્યાહ્ન ભોજન અંતર્ગત અપાતા ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા ચકાસવામાં આવે છે. | | |

| | | | |
|---|---|---|---|
| E | મધ્યાહ્ન ભોજન માટેની રસોઇની તેમજ વિદ્યાર્થીઓની બેસવાની જગ્યા સ્વચ્છ રાખવામાં આવે છે. | | • મધ્યાહ્ન ભોજન દરમિયાન યોજનાનો લાભ લેતા વિદ્યાર્થીઓનું અવલોકન કરવું<br>• મધ્યાહ્ન ભોજન રજીસ્ટરની ચકાસણી કરવી<br>• એસ.એમ.સી., મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નો પૂછીને વાતચીત કરવી |
| ૪.૪ | પેટા ક્ષેત્ર : ૪ પાણી, શૌચાલય અને સ્વચ્છતા | | |
| A | તમામ વિદ્યાર્થીઓને પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધ છે. | ફ્રેમવર્કમાં સ્કોર આપવા | • શાળા પરિસરના અવલોકન દરમિયાન શૌચાલય વિસ્તારની ચકાસણી કરવી<br>• પૂરતી પાણીની ઉપલબ્ધતા વિશે ચકાસણી કરવી<br>• મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નો પૂછીને વાતચીત કરવી |
| B | પાણીની સુવિધા (ટાંકી) તથા શૌચાલયની સફાઈ યોગ્ય સામગ્રી દ્વારા નિયમિત રીતે થાય છે. | | |
| C | તમામ શૌચાલયોમાં પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ છે. | | |
| D | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા | | |

- **શિક્ષણ એટલે શું? આ પ્રશ્નના અનેક જવાબ મળી શકે. પણ શિક્ષણ એટલે શું નથી? આવો પ્રશ્ન જ સામાન્ય રીતે પૂછાતો નથી.**
  **પોતાના જેવો માણસ તૈયાર કરી દેવાની પ્રક્રિયા એ શિક્ષણ નથી. કોઈ આજ્ઞાંકિત શિસ્તબદ્ધ રોબોટ તૈયાર કરવાનું કારખાનું એ શિક્ષણ નથી. શિક્ષણમાં સમાનતાનો અર્થ તમામને એક સરખા વિચારો ધરાવતા અને એક જ પ્રકારે હાલતા ચાલતા કે કામ કરતા માનવોનું ટોળું બનાવવાનો નથી. વ્યક્તિના સત્વ અને સ્વત્વને હણી નાખી તેની વૈયક્તિક ઓળખ મારી નાખી સમાજરૂપી યંત્રમાં ગોઠવી નાખવાની પ્રવૃત્તિ ક્યારેય શિક્ષણમાં ન હતી.**
  **શિક્ષણમાં સમાજને આજની સ્થિતિમાંથી આગળ લઈ જવાની વાત હોય છે, પોતાના કરતાં ઉચ્ચ માનવ તૈયાર કરવાનો હોય છે અને તેમાં જાળવી રાખવાની નહીં નવસર્જન કરવાની વાત હોય છે, દરેક વ્યક્તિને ભિન્ન હોવાથી (પાઠ્યપુસ્તક વગેરે)સરખાં સાધનો હોવા છતાં તેને ભિન્ન રીતે તૈયાર કરવાનો હોય છે.**

  **– એક શિક્ષકની નોંધપોથીમાંથી સંકલિત**
- **માણસ સભ્યતાની આ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે જ્યારે પશ્ચિમની સભ્યતાએ સાપેક્ષવાદના સિદ્ધાંતની શોધ કરી ત્યારે તેનો ઉપયોગ તેમણે પરમાણુ–બૉમ્બ બનાવવામાં કર્યો અને પૂર્વની સભ્યતાએ આ સિદ્ધાંત અને જ્ઞાનનો ઉપયોગ જીવન અને ચૈતન્યની નવી પરિસ્થિતિઓના ઉદ્‌ભવ અને વિકાસ માટે કર્યો.**
  **કોઈ પણ સંશોધનનો અને પદ્ધતિનો સર્જનાત્મક ઉપયોગ એ ભારતીય સંસ્કૃતિ અને સમાજજીવનનો પાયો છે.**

  **– એલન વૉટ્સ**

# આપણી સમજ ચકાસીએ...

– સંકલન

ગુણોત્સવ ૨.૦ કાર્યક્રમ અંતર્ગત મૂલ્યાંકન માળખાની સમજ, પ્રક્રિયા અને સમગ્ર કાર્યક્રમ વિશે આપણે વિગતે જાણ્યું. હવે આપણી સમજને ચકાસીએ.

| ક્રમ | પ્રશ્ન |
|---|---|
| ૧ | **કોઈ એક ધોરણની એકમ કસોટીઓમાં વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી રીતે જવાબો લખેલા છે. તો નીચે આપેલ વિકલ્પ પૈકી કયા વિકલ્પના આધારે વિદ્યાર્થીઓનું ગુણાંકન કરવું?**<br>A. પ્રશ્નની સૂચના મુજબ જવાબ લખેલો હોય.<br>B. પ્રશ્નના જવાબ અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ લખેલો હોય.<br>C. વાક્ય રચના ભૂલ રહિત હોય.<br>D. ઉપરોક્ત તમામ |
| ૨ | **શિક્ષકે કરાવેલ ઉપચારાત્મક કાર્ય અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ છે કે કેમ ? તે ચકાસવા આપેલ વિકલ્પોને યોગ્ય પ્રક્રિયાના ક્રમમાં ગોઠવો.**<br>A. વિદ્યાર્થીએ ભૂલ કરેલ હોય તેવા જ પ્રશ્નોનો મહાવરો કરાવવો.<br>B. વિદ્યાર્થીએ જે ભૂલો કરી છે તે અધ્યયન નિષ્પત્તિ ઓળખી કાઢવી.<br>C. વિદ્યાર્થીએ ભૂલ કરેલ પ્રશ્ન વિશે સમજૂતી આપવી.<br>D. જે તે અધ્યયન નિષ્પત્તિની પુનઃકસોટી લેવી.<br>A. d-c-b-a<br>B. b-c-a-d<br>C. b-a-d-c<br>D. a-b-c-d |
| ૩ | **પરિણામ પત્રક-C માં ગુણની નોંધના સંદર્ભમાં નીચે પૈકી વિધાન યોગ્ય નથી ?**<br>A. પરિણામ પત્રક-ઞમાં માત્ર રચનાંત્મક અને સત્રાંત કસોટીનાં જ ગુણ નોંધ કરવાના છે.<br>B. પરિણામ પત્ર-C એ SCE પત્રકો AB અને સત્રાંત કસોટીના ગુણનું સંકલન છે.<br>C. પરિણામ પત્રક-Cમાં ગુણની ઓનલાઇન એન્ટ્રી કરવાની છે.<br>D. પરિણામ પત્રકમાં વ્યક્તિત્વ વિકાસના ગુણની બન્ને સત્રની સરેરાશ નોંધ કરવાની છે. |
| ૪ | **શિક્ષકનો કયો વ્યવહાર વર્ગખંડમાં વિદ્યાર્થીઓને પ્રેરણા આપવા માટે ચઢિયાતો ગણશો ?**<br>A. વિદ્યાર્થીઓને પ્રેરણા મળે તેવી વાર્તા કહેવી.<br>B. વિદ્યાર્થીઓને સારું કામ કરવા સૂચના આપવી.<br>C. વિદ્યાર્થીઓની કામગીરીને બિરદાવવી.<br>D. ખોટો જવાબ આપનાર વિદ્યાર્થીને બેસાડી દેવો. |
| ૫ | **શિક્ષકની દૈનિક નોંધપોથીમાં કઈ કઈ બાબતો હોવી જોઈએ ?**<br>A. અધ્યયન નિષ્પત્તિનો ઉલ્લેખ<br>B. પ્રવિધિ/પ્રવૃત્તિની નોંધ<br>C. LMની નોંધ<br>D. ઉપરોક્ત તમામ |

| | |
|---|---|
| ૬ | **શાળાના બેઈઝલાઈન એસેસમેન્ટમાં શાનો સમાવેશ થાય છે ?**<br>A. શાળાનું ભૌતિક અને શૈક્ષણિક આયોજન<br>B. શાળાનું ભૌતિક અથવા શૈક્ષણિક આયોજન<br>C. શાળાનું શૈક્ષણિક અને સહશૈક્ષણિક આયોજન<br>D. શાળાનું ભૌતિક, શૈક્ષણિક અને સહશૈક્ષણિક આયોજન |
| ૭ | **કોઈ એક શાળાના ધોરણ ૩નાં વર્ગખંડમાં પ્રથમ બે તાસમાં વર્ગશિક્ષક દ્વારા ગુજરાતી વિષયનું શિક્ષણકાર્ય થતું હતું. નાની વિશ્રાંતિ બાદ તે જ શિક્ષકે બાળકોને ગણિતનું શિક્ષણ કાર્ય કરાવ્યું. મોટી વિશ્રાંતિ બાદ વિવિધ ઘરના ફોટોગ્રાફસ અને મૉડલ બતાવી પર્યાવરણ શિક્ષણ કાર્ય કરાવવામાં આવ્યું. અને છેલ્લા બે તાસમાં બાળકોને ચિત્ર અને રમત જેવી પ્રવૃત્તિ તે જ શિક્ષક દ્વારા કરાવવામાં આવી. આ પરિસ્થિતિને ધ્યાને રાખી નીચેના સમયપત્રક અમલીકરણ સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે તે જણાવો.**<br>A. વિષય શિક્ષક પદ્ધતિનો સુચારું અમલ થઈ રહ્યો છે.<br>B. શાળા સમયપત્રકમાં તાસ પદ્ધતિ અને વિષય શિક્ષક પદ્ધતિનો બન્નેનો અમલ થતો નથી.<br>C. શાળા સમય પત્રકમાં વિષય શિક્ષક પદ્ધતિનો અમલ થાય છે પણ તાસ પદ્ધતિનો યોગ્ય રીતે અમલ થતો નથી.<br>D. શાળા સમય પત્રકમાં તાસ પદ્ધતિનો અમલ થાય છે પણ વિષય શિક્ષક પદ્ધતિનો અમલ થતો નથી. |
| ૮ | **આપની શાળાના શિક્ષકો શાળા-પુસ્તકાલયનો વધુમાં વધુ ઉપયોગ કરે તે માટે સૌથી વધુ અસરકારક પ્રવૃત્તિ કઈ ગણી શકાય ?**<br>૧. શિક્ષક મિટિંગમાં વાચનનું મહત્ત્વ વિશે જણાવવું.<br>૨. ગુણોત્સવમાં સારા ગ્રેડ માટે શિક્ષકોએ પુસ્તકો વાચવાં જરૂરી છે એ બાબત સ્ટાફ મિટિંગમાં જણાવવી.<br>૩. પ્રાર્થનાસભામાં ગુરૂવાણી શીર્ષક હેઠળ તમામ શિક્ષકોએ વિદ્યાર્થીઓને સંબોધિત કરવા.<br>૪. દર અઠવાડિયે શિક્ષકોએ પ્રાર્થનાસભામાં પોતે વાંચેલા પુસ્તકોનો સાર જણાવવો.<br>A. વિધાન ૧ અને ૨<br>B. વિધાન ૧ અને ૩<br>D. વિધાન ૩<br>D. વિધાન ૪ |
| ૯ | **જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શિક્ષણ કાર્ય માટે કયો વિકલ્પ વધુ યોગ્ય છે ?**<br>A. શિક્ષક જ્ઞાનકુંજ ચાલુ કરી બાળકોને જોવા કહી અન્ય કામગીરી કરે.<br>B. તે વર્ગમાં જવાબદારી સોંપેલ બાળકો જાતે જ્ઞાનકુંજ ચાલુ કરી અભ્યાસ કરે.<br>C. શિક્ષક પોતાના વર્ગકાર્ય દરમિયાન શીખવવાની પ્રક્રિયામાં સહાયતા માટે જ્ઞાનકુંજનો ઉપયોગ કરે.<br>D. શાળાના એક જ શિક્ષક તમામ વર્ગમાં જ્ઞાનકુંજ ચલાવે છે. |
| ૧૦ | **શાળા A, B અને C માં વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા સંદર્ભે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે. તો વિદ્યાર્થીઓમાં શારિરિક સ્વચ્છતાની સુટેવ વિકસે તે માટે આ પૈકી કઈ શાળાનો પ્રયત્ન યોગ્ય છે એમ કહી શકાય ?**<br>શાળા A: બાળકોની સ્વચ્છતાની ચકાસણી દરરોજ કરવામાં આવે છે, દરેક વર્ગખંડમા બાળકો હેલ્થ કોર્નરનો ઉપયોગ કરે છે.<br>શાળા B: સ્વચ્છતાની ચકાસણી દર અઠવાડિયે કરવામાં આવે છે તથા વાલી મીટીંગ બોલાવવામાં આવે છે.<br>શાળા C: સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવાય તે માટે નિબંધ, વક્તૃત્વ ,ચિત્ર જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામા આવે છે.<br>A. શાળા-A<br>B. શાળા-B<br>C. શાળા-C<br>D. આપેલી તમામ શાળા |

| | |
|---|---|
| ૧૧ | એક શાળામાં ચાર વિદ્યાર્થીઓની એકમકસોટીની બુકલેટ તપાસતા બે(૨) ગુણના એક પ્રશ્ન – "સંખ્યા રેખાની મદદથી (-૨) + 4 નો સરવાળો કરો." માટે નીચે મુજબ અલગ-અલગ જવાબો જોવા મળ્યા. આ સંદર્ભ માટે કયા વિદ્યાર્થીને પૂરા ગુણ મળવા પાત્ર છે?<br>A. વિદ્યાર્થી-૧ એ સીધો જ જવાબ લખેલ છે.<br>B. વિદ્યાર્થી-૨ એ સરવાળો કરેલ છે પણ સંખ્યા રેખાનો ઉપયોગ કરેલ નથી.<br>C. વિદ્યાર્થી-૩ એ સંખ્યા રેખા દોરીને સરવાળો કરીને જવાબ લખેલ છે.<br>D. વિદ્યાર્થી-૪ એ ફક્ત સંખ્યા રેખા દોરેલી છે. |
| ૧૨ | ઉપચારાત્મક કાર્ય કેવા પ્રકારનું હોવું જોઈએ?<br>A. શિક્ષકના સૂચનોને અનુરૂપ<br>B. તમામ ભૂલોને આવરી લે તેવું<br>C. અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ<br>D. ઉપરોક્ત તમામ |
| ૧૩ | ગુણોત્સવ ૨.૦ અંતર્ગત શાળાઓમાં વિદ્યાર્થીઓની ઉત્તરવહી ચકાસણી કરવાનો હેતુ નીચે પૈકી કયો છે?<br>A. ઉત્તરવહીઓની ચકાસણીની શુદ્ધતા જાણવી<br>B. વિદ્યાર્થીઓને અપાયેલા ગુણ તેમને મળવાપાત્ર છે કે નહીં તે જાણવું<br>C. A અને B બંને<br>D. આ પૈકી એક પણ નહીં |
| ૧૪ | ત્રણ વિદ્યાર્થીઓને શિક્ષક છેલ્લી પાટલી પરથી પહેલી પાટલી પર બેસાડે છે, તો વધુમાં વધુ નીચેનામાંથી કઈ કઈ શક્યતાઓ હોઈ શકે?<br>A. નિષ્ક્રિય બેસી રહે છે<br>B. વર્ગખંડ કાર્યમાં ખલેલ ઉભી કરે છે<br>C. શિક્ષકને તે પ્રિય વિદ્યાર્થી છે<br>D. તે વિદ્યાર્થીને જોવામાં તકલીફ પડે છે<br>A. વિધાન a અને c<br>B. વિધાન b અને d<br>C. વિધાન a, b અને d<br>D. વિધાન a, b, c અને d |
| ૧૫ | વર્ગખંડમાં શિક્ષણ કાર્ય દરમિયાન ઉપયોગમાં લેવામાં આવતા LMની યોગ્યતા કેવી રીતે નક્કી કરવી?<br>A. ઉપયોગ કરવામાં આવેલ LM વિષયવસ્તુ અને અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ હોય<br>B. વિદ્યાર્થીની વયકક્ષા મુજબ અને સમજવામાં સરળ હોય<br>C. વર્ગમાં ન્સની સંખ્યા/માત્રા વધુ પ્રમાણમાં હોય<br>D. વિદ્યાર્થીઓ LMનો ઉપયોગ કરી શકે તેવી રીતે વર્ગખંડમાં ઉપલબ્ધ હોય<br>A. વિધાન a અને c<br>B. વિધાન b અને d<br>C. વિધાન a, b અને d<br>D. વિધાન a, b, c અને d |

| | |
|---|---|
| ૧૬ | **સામાજિક વિષયના શિક્ષક તાસની શરૂઆતમાં બાળકોને ઐતિહાસિક વાર્તા કહે છે. આમ કરવા પાછળ શિક્ષકશ્રીનો ઉદ્દેશ શો હોઈ શકે ?**<br>A. બાળકોના મનોરંજન માટે<br>B. બાળકોનું પૂર્વજ્ઞાન ચકાસવા માટે<br>C. બાળકોને વિષયાભિમુખ કરવા માટે<br>D. વિધાન B અને C |
| ૧૭ | **શાળા વિકાસ યોજના અને બેઇઝલાઈન એસેસમેન્ટ માટે શું વિચારી શકાય ?**<br>A. બંને એક જ બાબત છે<br>B. શાળા વિકાસ યોજનાનો આધાર લઈ બેઇઝલાઈન એસેસમેન્ટ તૈયાર કરી શકાય<br>C. બેઈઝલાઈન એસેસમેન્ટનો આધાર લઈ શાળા વિકાસ યોજના તૈયાર કરી શકાય<br>D. બંનેને પરસ્પર કોઈ સંબંધ નથી |
| ૧૮ | **શાળામાં મોડેલ સમયપત્રકનો અમલ કરવા માટે નીચેનામાંથી શું જરૂરી છે ?**<br>A. દરેક વર્ગખંડમાં સમયપત્રક લગાવેલ છે.<br>B. ગાઈડલાઈન મુજબ સમયપત્રકને પ્રત્યેક વિષય મુજબ તાસ ફાળવેલા છે.<br>C. શાળાની ઓફિસમાં જનરલ સમયપત્રક ઉપલબ્ધ છે.<br>D. શાળામાં ચાર કે તેથી વધુ શિક્ષકો ફરજ બજાવે છે.<br>A. માત્ર a, b અને c જરૂરી છે<br>B. માત્ર a અને b જરૂરી છે<br>C. માત્ર b જરૂરી છે<br>D. તમામ બાબતો સાચી છે |
| ૧૯ | **ગુણવત્તા સભર પ્રાર્થના માટે નીચે પૈકી કયું વિધાન અયોગ્ય છે ?**<br>A. બાળકો પ્રાર્થના ગાતા હોય અને અન્ય બાળકો ઝીલતાં હોય<br>B. પ્રાર્થના સભાનું સંચાલન બાળકો દ્વારા થતું હોય છે<br>C. પ્રાર્થના સમૂહમાં થાય છે<br>D. પ્રાર્થના વૈવિધ્યપૂર્ણ હોય |
| ૨૦ | **ગુણોત્સવ ૨.૦માં 'શિક્ષકો દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ' અંતર્ગત શું અપેક્ષિત છે ?**<br>૧. શિક્ષકો વધુમાં વધુ પુસ્તકો ઈસ્યુ કરાવે<br>૨. શિક્ષકો વધુમાં વધુ પુસ્તકો વાંચે<br>૩. શિક્ષકો વાંચેલા પુસ્તકો વિશે પ્રાર્થનાસભામાં વાત કરે<br>૪. શિક્ષકો વાંચેલા પુસ્તકોનો વર્ગખંડ કાર્યમાં ઉપયોગ કરે<br>A. વિધાન ૧ અને ૨<br>B. વિધાન ૨, ૩ અને ૪<br>C. વિધાન ૩ અને ૪<br>D. વિધાન ૧, ૨, ૩ અને ૪ |

# ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ)

– સંકલન

**ગુણોત્સવ ૨.૦ કાર્યક્રમ અંતર્ગત રાજ્યની શાળાઓમાં પ્રથમવાર મૂલ્યાંકન થયું છે. આ મૂલ્યાંકન માળખા અને પ્રક્રિયાને લગતા કેટલાક પ્રશ્નો વારંવાર પૂછવામાં આવ્યા છે. આ પ્રશ્નો અને તેના જવાબ અહીં માર્ગદર્શક તરીકે પ્રસ્તુત છે.**

- **મારી શાળામાં મૂલ્યાંકન સમયે ગત બે માસની વિદ્યાર્થીઓની હાજરી ૭૫% હતી. એમ છતાં આ ક્ષેત્રમાં અમારી શાળાને ઓછા ગુણ કેવી રીતે પ્રાપ્ત થાય?**

જવાબ : હાજરીની ગણતરી બીજા મુખ્યક્ષેત્ર શાળા (વ્યવસ્થાપન) અંતર્ગત કરવામાં આવે છે. જેમાં શાળામા મૂલ્યાંકન સમયના પૂર્વેના બે માસની વિદ્યાર્થીઓની શાળામા હાજરીને ધ્યાનમાં લેવામાં આવે છે. અહીં મૂલ્યાંકન માળખામાં આપે વાંચ્યું હશે તે પ્રમાણે આપની શાળામાં વિદ્યાર્થીઓની હાજરીની સરખામણી જિલ્લામાં વિદ્યાર્થીઓની હાજરીની સાથે સરખામણી કરીને તેના આપની શાળાને ૦ થી ૫ સુધીના ગુણ પ્રાપ્ત થાય છે. આપની શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ભલે ૭૫% હોય પણ આપના જિલ્લામાં વિદ્યાર્થીઓની હાજરીની સરાસરી કરતા તે ઓછી હોવાથી આપની શાળાને અહીં ઓછા ગુણ પ્રાપ્ત થયા છે.

- **મારી શાળાના Report Card માં ઘણી જગ્યાએ ★ આવે છે. આનું અર્થઘટન કેવી રીતે કરવાનું?**

જવાબ : COVID-૧૯ ને કારણે શાળામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ ન હતી તે દરમિયાન આપની શાળામાં મૂલ્યાંકન પ્રક્રિયા થઇ છે. વિદ્યાર્થીઓની અનુપસ્થિતિને કારણે જે ક્ષેત્ર કે પેટાક્ષેત્ર કે માપદંડ નું મૂલ્યાંકન કરવું શક્ય ન હતું તે વિસ્તારને ★ દ્વારા દર્શાવવામાં આવેલ છે. અલબત્ત આ બાબતની શાળાના મૂલ્યાંકનમાં કોઇ નકારાત્મક અસર ન થાય તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. આ બાબત Report Cardમાં ★ દ્વારા લખીને જણાવેલ છે.

- **ગુણોત્સવ ૨.૦ અંતર્ગત GSQAC દ્વારા મારી શાળામાં જે મૂલ્યાંકન કરવામાં આવ્યું તેમાં અમને B ગ્રેડ અને Yellow રંગ પ્રાપ્ત થયો છે. B ગ્રેડ અને Yellow રંગમાંથી A ગ્રેડ અને Green રંગ પ્રાપ્ત કરવા શું કરવું?**

જવાબ : આપને જે ગ્રેડ અને રંગ પ્રાપ્ત થયો છે તેમાંથી વિકાસાત્મક પરિણામ પ્રાપ્ત કરવા માટે નીચેનાં પગલાં અનુસરો.

૧) ગુણોત્સવ ૨.૦ અંતર્ગત આપની શાળાના મૂલ્યાંકનને અંતે આપને જે Report Card પ્રાપ્ત થયું છે તેનું વિગતે અવલોકન કરો.

૨) આ Report Card માં દર્શાવેલી શાળાની સારી બાબતો અને સુધારાત્મક બાબતોનો અભ્યાસ કરો.

૩) સુધારાત્મક બાબતોના કારણોનો વિચાર કરો.

૪) સુધારાત્મક બાબતોને શાળાની સારી બાબતોમાં પરિવર્તિત કરવા માટે આયોજન કરો અને તે પ્રયત્નો શાળા વિકાસ યોજનામાં સ્થાન આપો.

આ રીતે પ્રયત્નો દ્વારા આપની સુધારાત્મક બાબતોમાં પરિવર્તન લાવીને તેને સારી બાબતોમાં લાવી શકશો.

- **મારી શાળામાં કમ્પ્યૂટર લેબ નથી. શું તેની શાળાના મૂલ્યાંકનમાં નકારાત્મક અસર પડશે?**

જવાબ : શાળાને સરકારશ્રી તરફથી જે શૈક્ષણિક સાધનો આપવામાં આવ્યા છે તેનો શાળા યોગ્ય રીતે ઉપયોગ કરે છે કે નહીં તેનું જ મૂલ્યાંકન કરવાનો હેતુ છે. શાળા પાસે જે સગવડ છે જ નહીં તેનું મૂલ્યાંકન અહીં કરવાનું જ ન હોવાથી જે સગવડ કે સંસાધનો શાળાને ઉપલબ્ધ નથી તેની કોઇ નકારાત્મક અસર શાળાના મૂલ્યાંકન પર પડશે નહીં.

# ગુણોત્સવ ૨.૦ ની સંપૂર્ણ સમજ – Video સ્વરૂપે

– સંકલન

અહીં આપેલા QR Code સ્કેન કરી ગુણોત્સવ ૨.૦ની વિસ્તૃત સમજ મેળવી શકાશે. હાલમાં આપણી પાસે આ હાથવગું કે ખિસ્સાવગું સાધન હોવાથી તેની વિગતો આ સ્થાને આપવામાં આવી છે. જે તમામ મિત્રોને ઉપયોગી થઈ પડશે.

| | | | |
|---|---|---|---|
| 1 - નિયામકશ્રીનું ઉદ્દબોધન | 2 - ગુણોત્સવ 2.0 પ્રક્રિયા-અને-ફ્રેમવર્ક-પરિચય | 3 - પરીચય - મુખ્યક્ષેત્ર 1 અધ્યયન અને અધ્યાપન | 4 - પેટાક્ષેત્ર 1 -એકમ-કસોટી |
| 5 - એકમ કસોટીની આન્સર બૂકલેટમાં વિધાર્થીઓના જવાબો | 6 - એકમ કસોટીની આન્સર બૂકલેટની ચકાસણી | 7 - એકમ કસોટીની આન્સર બૂકલેટમાં શિક્ષકોની ટીપ્પણીઓ | 8 - ઉપચારાત્મક કાર્ય |
| 9 - વાલીઓને જાણ | 10 - પેટાક્ષેત્ર 2 અને 3 સત્રાંત કસોટીઓ -1 અને 2 | 11 - ઉત્તરવહીઓની ચકાસણી | 12 - પરિણામ પત્રકમાં ગુણની નોંધ |
| 13 - વાલીઓને જાણ | 14 - અધ્યયન માટે અસરકારક વાતાવરણ | 15 - શિક્ષક અને વિધાર્થીઓ વચ્ચે સોહાર્દપૂર્ણ વ્યવહાર | 16 - અસરકારક વર્ગખંડ વાતાવરણ |
| 17 - શિક્ષકો દ્વારા પ્રેરણા | 18 - વિધાર્થીઓ ધ્વારા ઉચિત અધ્યાયન સામગ્રી (LM)નો ઉપયોગ. | 19 - ચર્ચા-આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું | 20 - જે શીખ્યા હોય તે વિશે વાત કરવી |

| | | | |
|---|---|---|---|
| 21 - અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ | 22 - અધ્યાપન માટેની તૈયારી | 23 - અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણ કાર્ય | 24 - શિક્ષકો દ્વારા પુછાતા પ્રશ્નો |
| 25 - વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન | 26 - અધ્યયનમાં સમાન તક | 27 - શાળા અને વિદ્યાર્થીઓની હાજરી | 28 - શાળા વ્યવસ્થાપન |
| 29 - શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ | 30 - શાળા વ્યવસ્થાપન સમિતિમાં એસ.એમ.સી.ની ભૂમિકા | 31 - શાળા સમય પત્રક | 32 - સલામતી |
| 33 - સલામત-શાળા-પરિસર | 34 - આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શિક્ષક વિદ્યાર્થીઓની તૈયારી | 35 - સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ | 36 - પ્રાર્થના સભા |
| 37 - પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી | 38 - પ્રાર્થનાસભાના સંચાલનમાં તમામ વિદ્યાર્થીઓને સમાન તક | 39 - પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાજિંત્રોનો ઉપયોગ | 40 - પ્રાર્થનાસભામાં વિવિધ-પ્રવૃત્તિઓ |
| 41 - પ્રાર્થનાસભા | 42 - યોગ, વ્યાયામ અને રમતો | 43 - વિદ્યાર્થીઓની યોગિક ક્રિયાઓમાં ભાગીદારી | 44 - શાળાના વિદ્યાર્થીઓની રમતોત્સવ અથવા રાજ્ય/જિલ્લા/તાલુકા/ક્લસ્ટર |

| | | | |
|---|---|---|---|
| 45 - શાળામાં સમૂહ કવાયતની નિયમિતતા | 46 - દરેક ધોરણના વિદ્યાર્થીઓની રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક | 47 - રમતગમત ની દરેક પ્રવૃત્તિઓમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી | 48 - પેટાક્ષેત્ર 3- વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી |
| 49 - શાળાના વિદ્યાર્થીઓની ગણિત-વિજ્ઞાન-પ્રદર્શનમાં વિવિધ કક્ષાએ સામેલગીરી | 50 - શાળા દ્વારા હાથ ધરાતી પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ | 51 - રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન થતી સંસ્કૃતિક પ્રવૃત્તિઓ | 52 - શૈક્ષણિક મુલાકાત અને તેનું શૈક્ષણિક અનુકાર્ય |
| 53 - શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન | 54 - પેટાક્ષેત્ર 4 રાજ્ય દ્વારા આયોજીત સ્પર્ધાત્મક-પરીક્ષાઓમાં ભાગીદારી | 55 - ધોરણ 8ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | 56 - ધોરણ 8ની NMMS પરીક્ષામાં વિદ્યાર્થીઓનો રાજ્યના મેરીટમાં સમાવેશ |
| 57 - ધોરણ 6ની પ્રાથમિક-શિષ્યવૃત્તિ-પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | 58 - ધોરણ 5 થી 8 ના વિદ્યાર્થીઓની પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ઉપસ્થિતિ | 59 - મુખ્યક્ષેત્ર 4 -સંસાધનો અને તેનો ઉપયોગ | 60 - શાળા પુસ્તકાલય |
| 61 - શિક્ષકો દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | 62 - વિદ્યાર્થીઓ દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | 63 - ટેકનોલોજીનો ઉપયોગ | 64 - શિક્ષકો દ્વારા-ટેકનોલોજીનો ઉપયોગ |
| 65 - ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ | 66 - મધ્યાહન-ભોજન-યોજના | 67 - મધ્યાહન-ભોજન-યોજના અમલીકરણ અને નિયમિતતા | 68 - મધ્યાહનભોજન યોજનાનો લાભ |

| | | | |
|---|---|---|---|
| 69 - મધ્યાહનભોજન અંતર્ગત વિદ્યાર્થીઓની સ્વચ્છતા | 70 - મધ્યાહનભોજનની ગુણવત્તા ચકાસણી | 71 - મધ્યાહ્ન ભોજન રસોડાની અને વિદ્યાર્થીઓની ભોજન બેઠક વ્યવસ્થાની સફાઈ | 72 - પીવાના પાણીની વ્યવસ્થા |
| 73 - પાણી, શૌચાલય અને સ્વચ્છતા | 74 - પાણીની ટાંકી અને શૌચાલયની નિયમિત સફાઈ | 75 - શૌચાલયમાં પાણીની ઉપલબ્ધતા | 76 - વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા |
| 77 - મૂલ્યાંકન રૂપરેખાની સમજ | 78 - મૂલ્યાંકન-ફ્રેમવર્ક - અધ્યયન અને અધ્યાપન | 79 - મૂલ્યાંકન-ફ્રેમવર્ક- શાળા વ્યવસ્થાપન | 80 - મૂલ્યાંકન-ફ્રેમવર્ક- સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ |
| 81 - મૂલ્યાંકન-ફ્રેમવર્ક- સંસાધનો અને તેનો ઉપયોગ | 82 - સ્કૂલ-ગ્રેડિંગ | | |

- **પ્લેટોના અવસાન પછી એરિસ્ટોટલ એકેડેમીમાં ભણાવી રહ્યા હતા. વર્ગમાં એક વિદ્યાર્થીએ કહ્યું: 'એરિસ્ટોટલ! તમે જે કહો તે ઠીક છે, પરંતુ પ્લેટો તો જુદું કહેતા હતા. આ પ્રમાણે વર્ગમાં ચારપાંચ વાર બન્યું ત્યારે એરિસ્ટોટલે ઠંડે કલેજે એ વિદ્યાર્થીને માત્ર એક જ વાક્ય કહ્યું: 'મિત્ર પ્લેટો મહાન હતો, પરંતુ સત્ય તો પ્લેટોથી પણ વધારે મહાન છે.**

**સફળ જીવન**

- **જીવન સફળ થયું કે એળે ગયું એ નક્કી કરવાનો મારો, માપદંડ આવો છે : કોઈ પણ સર્જનાત્મક પ્રવૃત્તિ કરીને આ સંસાર વૈભવમાં જે ચપટીક પણ ઉમેરે તેનું જીવન સફળ અને જે તૈયાર ભાણે જમી ને ચાલતા થાય તેનું જીવન નિષ્ફળ, કોઈ થોડી સારી કવિતા લખે, કોઈ વાર્તા લખે. કોઈ દર્દીઓની સેવા કરે, કોઈ અંધજનો માટે પુસ્તકો તૈયાર કરાવે, કોઈ કુરિવાજો સામે માથું ઊંચકે, કોઈ અન્ય જાતિના માણસને પોતાને ત્યાં રસોયા તરીકે રાખે, કોઈ બાળકોને ભેગાં કરી નિયમિત વાર્તા કહે, કોઈ અભણ માણસને મનીઑર્ડરનું ફૉર્મ ભરી દે, કોઈ આદિવાસીઓની વચ્ચે કામ કરતાં કરતાં દેહ પાડે – મારે મન આ બધી સર્જનાત્મક પ્રવૃત્તિ છે. અને રોજ નહિ તો ક્યારેક–ક્યારેક પણ તેનો અમલ કરે છે તે સહુ આ સંસારનું આભૂષણ છે.**

– વાડીલાલ ડગલી

# ગુણોત્સવ – ઉર્ધ્વગમનનો અવસર

– નરેન્દ્ર રાવલ

(જીસીઈઆરટી અને શિક્ષણ વિભાગ દ્વારા યોજાતા કાર્યક્રમો અને અભિયાનો દરમિયાન શિક્ષકત્વને ઉજાગર કરતા શિક્ષકોના કેટલાક સત્ય પ્રસંગો અહીં રજૂ થયા છે. ગુણોત્સવ પણ આ પ્રકારે તક તરીકે સ્વીકારકરવામાં આવશે તેવી શ્રદ્ધા લેખકે વ્યક્ત કરી છે.)

કેટલાક પ્રસંગો દિલને એટલો સ્પર્શ કરે છે કે જીવનભર ભૂલી શકાતા નથી. એવા બે પ્રસંગો શેર કરવાનો લોભ થાય છે.

એક પ્રસંગ પંદરેક વર્ષ પહેલાં સાયન્સ સીટીમાં યોજાયેલા ગણિત વિજ્ઞાન પ્રદર્શનનો છે. તત્કાલીન રાષ્ટ્રપતિ માન. અબ્દુલ કલામ સાહેબનું માર્ગદર્શન મળવું એ અદ્‌ભૂત ઘટના હતી. આ સિવાય પણ આ પ્રદર્શન અનેક રીતે યુનિક બની રહ્યું હતું.

મારે રિપોર્ટ રાઈટીંગના હેતુથી આ કાર્યક્રમમાં પૂર્ણ સમય હાજર રહેવાનું થયું. રાષ્ટ્રપતિ આવવાના હોવાથી સુરક્ષા વ્યવસ્થા સઘન હતી, એક પી.આઈ. સાથે અલપ ઝલપ ચર્ચા થઈ. મેં તેમને આ પ્રદર્શન અંગે તેમનો અભિપ્રાય આપવા વિનંતી કરી. એમના શબ્દો હજુ પણ મારા કાનમાં ગુંજતા હોય તેમ લાગે છે. એ શબ્દો હતા : 'આજસુધી હું એમ સમજતો હતો કે શાળાઓમાં શિક્ષકો કામ જ કરતા નથી. પણ આ પ્રદર્શન જોયા પછી એમની મહેનતને વંદન કરવાની ઇચ્છા થાય છે. ખરેખર શિક્ષકો જ આ દેશનું સાચા અર્થમાં ઘડતર કરી રહ્યા છે.'

આ વાત રાત્રિ મિટિંગ દરમિયાન મેં શેર કરી. એ સમયના જીસીઈઆરટીના નિયામકશ્રી આદરણીય પંડિત સાહેબ સહિત સૌને આ વાત સ્પર્શી ગઈ. બીજા દિવસે સમાચાર પત્રોમાં પણ આ વાત સમાચાર રૂપે મૂકાઈ.

એક બીજી ઘટના આપણા સૌ પ્રથમ 'વાંચન ગણન લેખન અભિયાન' (વાગલે નામે જાણીતું થયેલું) દરમિયાનની છે. સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાને જિલ્લામાં અભિયાનના પાયલોટીંગ માટે પસંદ કરવામાં આવ્યો હતો. રાજ્યની અને બીજા જિલ્લાની ટીમ તેની મુલાકાત માટે આવી હતી. હું પણ ડાયેટના અધ્યાપક તરીકે આ અભિયાનની અસર જોવાનું સૌભાગ્ય મેળવી શક્યો હતો. ખૂબ જ સરસ કાર્યક્રમ રહ્યો. પંદર દિવસના ટૂંકાગાળામાં શિક્ષકોએ મન મૂકીને કામ કર્યું. પ્રિય બાળકો સાથે વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરી શિક્ષકોએ કરેલું કામ જ્ઞાનયજ્ઞના વિરાટ સ્વરૂપ જેવું હતું.

વડાલી તાલુકાના એક નાનકડા ગામની મુલાકાતે જવાનું થયું.

ગામની બહાર એક પાંત્રીસ ચાલીસ વર્ષના વાલીને મળવાનું થયું. એમનો પુત્ર શાળામાં પાંચમા ધોરણમાં હતો. એમના શબ્દો હતા : 'આ દિવસોમાં અમારા સાહેબોએ મારા છોકરાને વાંચતો કરી દીધો. ઘેર આવીને પણ તે વાંચવાનું છોડતો નથી. આ શિક્ષકોને હું ગરીબ માણસ શું આપી શકું? પણ ભગવાન એમને કદી દુઃખી થવા દેશે નહીં.'

એક મજાની વાત શિક્ષકોના પક્ષની પણ કરવી જોઈએ. પ્રથમ ગુણોત્સવ દરમિયાન શિક્ષકો પોતાની શાળાની પ્રતિષ્ઠાશ માટે એટલા જાગૃત જોવા મળ્યા હતા કે એના માટે ઉપમા શોધવી મુશ્કેલ થાય. એક દિવસ એક શિક્ષક મિત્ર મારા ઘેર આવ્યા. તેમનાં શ્રીમતી પણ સાથે હતાં. એમનો હેતુ ગુણોત્સવ માટે માર્ગદર્શનનો હતો. એમનાં શ્રીમતીએ ફરિયાદ કરી, 'છેલ્લા પંદર દિવસથી ઘેર રહેતા જ નથી. શાળા માટે જ જન્મ લીધો હોય તેમ કરવા લાગ્યા છે. મેં એમને આટલું કામ કરતા પહેલીવાર જોયા છે.'

જો કે એમની વાતમાં આનંદ હતો. અને શિક્ષક મિત્રએ પણ આ કામ કરવું જ જોઈએ. આ મારું કામ છે અને હું નહીં કરું તો કોણ કરશે? એવી માહિતી આપી. ઉપરના તમામ પ્રસંગો જોઈએ ત્યારે એટલું અચૂક સમજાય છે કે આજનો શિક્ષક એ ખરેખર કામ કરવાની તક શોધે છે. જરૂર જણાય ત્યારે પોતાના કામ માટે હૃદયથી કામ કરે છે. થોડું પ્રોત્સાહન પણ તેને કાર્યના પંથ ઉપર માત્ર ચાલતો નહીં પણ દોડતો કરી મૂકે છે. ગુણોત્સવ ૨.૦ પણ આવો જ એક અવસર છે. ગુણવત્તાયુક્ત કાર્યનું સાતત્ય રાખવામાં આ ઉપકારક બને તેમ છે અને ભૂતકાળની જેમ શિક્ષક મિત્રો તેને ઉર્ધ્વગમનના અવસર તરીકે અપનાવી જ લેશે.

– જે/૩૦૧, દેવનંદન સમીટ,
સરગાસણ ચોકડી નજીક,
ગાંધીનગર.
(M) ૯૪૨૭૩૭૦૭૪૮

ક્રમાંક : જીસીઈઆરટી/Science/22719-752
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : 13-8-2021

પ્રતિ,
પ્રાચાર્યશ્રી, જિ.શિ.તા.ભવન, તમામ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.

વિષય: **On Line Nominations for 2021-22 under revamped INSPIRE Award Scheme - MANAK**

સંદર્ભ: NIF, New Delhi Letter dated- 16/07/2021.

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે INSPIRE Award Scheme – MANAK અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઓન લાઇન શાળા રજીસ્ટ્રેશન અને નોમીનેશન કરવાની શરૂઆત ૧૫ જુલાઇ ૨૦૨૧ થી શરૂ થયેલ છે. અને તા. ૧૫/૧૦/૨૧ના રોજ બંધ થશે. આપની કક્ષાએથી આ બાબતને ટોચઅગ્રતા આપી તમામ એસવીએસ કન્વીનરશ્રી/ ટીપીઇઓ/ બીઆરસી/ સીઆરસી અને તમામ શાળાઓને આ અંગે જાણ કરવા વિનંતી.

National Innovation Foundation, New Delhi તરફથી આવેલ પત્ર આ સાથે સામેલ છે. તમામ ડાયટ પાસે આ અંગેની માર્ગદર્શિકા ઉપલબ્ધ છે. આ યોજના અન્વયે ડાયટના ડીસ્ટીક નોડલ ઓફીસર દ્વારા આપનો સંપર્ક કરવામાં આવશે. ડાયટ અને આપની કચેરીના સંયુકત ઉપક્રમે સંબધિત સાથે (એસવીએસ કન્વીનરશ્રી/ ટીપીઇઓ/બીઆરસી/સીઆરસી) તાલુકા કક્ષાએ તાલીમનું આયોજન કરી જિલ્લાઓની મહત્તમ શાળાઓ દ્વારા રજીસ્ટ્રેશન અને નોમીનેશન કરવામાં આવે એ અપેક્ષિત છે. ડાયટના તાલુકા લાયઝન દ્વારા આ બેઠકનું આયોજન કરવાનું રહેશે. ડીસ્ટ્રીક નોડલ ઓફીસર દ્વારા દર ૧૫ દિવસે આ કામગીરીનો રીવ્યુ કરી થયેલ નોમીનેશનનો ડેટા સ્ટેટ લેવલે મોકલવાનો રહેશે. કોઇ એક શાળા દ્વારા મહત્તમ 5 best original ideas/ innovations NIF - પત્રમાં જણાવેલ લીંક પર અપલોડ કરવાના રહેશે. જે શાળાઓ E-MIAS Web Portal પર હજુ સુધી રજીસ્ટ્રર થઇ નથી તે શાળાઓએ પણ આ Portal પર રજીસ્ટ્રેશન કરી ઓનલાઇન નોમીનેશન અંગેની કાર્યવાહી કરવાની થાય છે. ડાયટના ડીસ્ટ્રીક નોડલ ઓફીસર દ્વારા આ અંગે વિગતવાર માહિતી આ બેઠકમાં આપવામાં આવશે.

આભાર સહ,

નિયામક,
જીસીઇઆરટી, ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ
- Dr. Vipin Kumar, Director, NIF- Gandhinagar.

Computer Name : SCIENCE1 INSPIRE AWARD 442





# ભાવ–પ્રતિભાવ

– સંકલન

**અત્રે ઓગસ્ટ 2021 માસના જીવનશિક્ષણના ભાવ-પ્રતિભાવ એક સાથે જ આપવામાં આવ્યા છે.**

જીવન શિક્ષણના મુખપૃષ્ઠના પાછળના ભાગે આપેલ ધોરણ ૧ માટેની અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિમાં બાળકો ક્યાં ભૂલ કરે છે. તેની સમજ ખુબજ સુંદર રીતે આપેલ છે. શિક્ષકોને સમજવામાં ખુબજ મદદ રૂપ થશે.

**– શેખ ઈમ્તિયાઝ એચ.**
ડૉ. મણીભાઈ દેસાઈ શાળા ક્ર. ૨૮૭, તા. ચોર્યાસી, જિ. સુરત

ઈન્ટર્નશીપ દરમિયાન શાળાના પુસ્તકાલયમાંથી જીવનશિક્ષણ વાંચવા માટે મળ્યું ખરેખર જીવન શિક્ષણમાંથી જીવનની અનુરૂપ એવો સંદેશો મળ્યો .

**– દેરવાલિયા સુમિત**
ડાયટ, સુરેન્દ્રનગર

ખરેખર આજનું શિક્ષણ સોટી વાગે ચમ ચમ વિદ્યા આવે ધમ ધમ જેવું નથી પણ બાળકોને ભણાવવા હોય તો પહેલાં બાળકોને ભરપુર માતા તુલ્ય પ્રેમ આપો અને બાળકોને જાણો અને પોતે બાળકો જેવાં થઈ જાવ તો દરેક બાળક પોતાના મૂંઝવતા પ્રશ્ન ડર વિના શિક્ષકને પૂછી શકશે. (અભિગમ .)

**– જુગાજી ચંદુજી મકવાણા**
પ્રાથમિક શાળા, આંખે, તા. જિ. ખેડા

ડૉ. કલામ એક સાચા શિક્ષકનો લેખ વાંચી ખૂબ પ્રેરણા આપે પોતે જીવનના અંત સુધી એક સાચા શિક્ષક તરીકે યાદ કરે છે. બધા લેખો સારા છે. પ્રેરણા આપનારાં જીવન મૂલ્યો વધાનારાં છે. જીવન શિક્ષણ અંક એક ઉપયોગી છે.

**– મહાદેવભાઈ ભીખાભાઈ રબારી**
ઉમેદપુરા પ્રાથમિક શાળા

'જીવન શિક્ષણ'નો અંક પ્રેરણાદાયી અને કઈક અલગ વિચારવા માટે મજબૂર કરે તેવો રહ્યો. તેમાં પણ ખાસ કરીને ડી.આર. ગર્ગ સાહેબનો લેખ 'તમારા બાળકને મેરાડોના બનાવવું છે?' તે સમગ્ર દેશવાસીઓને તથા સરકારને રમત-ગમત ક્ષેત્રમાં કંઈક અલગથી વિચારવાની તથા નીતિઓ ઘડવા માટે પ્રેરણા પૂરું પાડે તેવો છે અને તેનાંથી જ વિશ્વમાં ભારતનો દરેક રમતોમાં ડંકો વાગી શકે છે. આભાર.

**– નિકુંજ જગદીશચંદ્ર પટેલ**
S.O.E. વણાદરા પ્રાથમિક શાળા, તા. ડભોઈ, જિ. વડોદરા

જીવન શિક્ષણમાં આવેલ બધાંજ લેખો શિક્ષકશ્રીઓને ખુબજ ઉપયોગી અને માર્ગદર્શક બની રહે તેવા છે. સલાહકાર સમિતિ અને સંપાદક મંડળને દિલથી ધન્યવાદ.

**– વિષ્ણુકુમાર ડાહ્યાલાલ દરજી**
જેગોલ પગાર કેન્દ્ર પ્રા શાળા, તા. દાંતીવાડા, જિ. બનાસકાંઠા

જીવન શિક્ષણનો અંક વાંચીને ખુબ જ આનંદ થયો. મુખપૃષ્ઠ પરના પક્ષીઓના ભાવચિત્રો ખૂબ જ આકર્ષક છે. શબદ - સંગત આપણા બધાને મનથી સજ્જ કરનાર છે. શિલ્પાબેન વૈષ્ણવનો લેખ ખૂબ જ પ્રેરણા આપનારો છે. 'ગમતાંનો કરીએ ગુલાલ'માં શ્રી મનીષભાઈ દ્વારા ચાંદણા પ્રાથમિક શાળામાં થતી પ્રવૃત્તિઓ માહિતી ખુબ જ ગમી. એક શિક્ષક જો નક્કી કરી લે તો શું ના થઈ શકે ? શિક્ષણમાં ટૅકનોલૉજીનો ઉપયોગમાં Microsoft Teamsની ઘણી ઉપયોગી નવી માહિતી જાણવાની મળી. મારું ઘર મારી શાળા નવતર પ્રયોગ ખૂબ જ અસરકારક અને પ્રેરણાત્મક છે. પડકારો સામે પણ શિક્ષકનો દઢ નિશ્ચય શિક્ષણની જ્યોત સદાય પ્રજ્વલિત રાખી શકે. દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામનો લેખ વાંચીને નવી ઊર્જાનો સંચાર થયો. અંતમાં શ્રી ઝવેરચંદ મેઘાણીની વિસ્તૃત જાણકારી ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી છે. આમ, જીવનશિક્ષણનો ઑગસ્ટનો અંક ખૂબ જ માહિતીસભર લેખોની સાથે ગુણવત્તાસભર પણ છે.

**– નીરવકુમાર સતીષચંદ્ર ભટ્ટ**
ગુતાલ પ્રાથમિક શાળા, ગુતાલ, તા. નડીઆદ, જિ.ખેડા

ખુબજ પ્રેરણાદાયી રહેલ ટીમ જીવન શિક્ષણને અંતરની શુભકામનાઓ.

**– ભાવેશ આર. ડઢાનીયા**
શ્રી કન્યા શાળા, સુપેડી

શિલ્પાબેન વૈષ્ણવનું જીવનવૃત્તાંત ખૂબ ગમ્યું ખંતીલા શિક્ષકને માર્ગદર્શન પુરું પાડી ઉત્સાહ વધારનારના લાગ્યુ. સમાજસેવા શબ્દને સાચા અર્થમાં સાર્થક કરનાર સાચો સમાજસેવક છે. આવા જીવન વૃત્તાંતના લેખ આપી સામાજિક ક્રાંતિ માટે પ્રેરણા મળશે તોયે ઘણું છે.

**– ભીખુભાઈ એલ. મકવાણા**
પ્રાથમિક શાળા રુનાડ તાલુકો જંબુસર

જીવન શિક્ષણ અંક ખુબ ગમ્યો. જે બાળક બાળપણમાં ધમાલિયું હોય, શિક્ષણમાં રસ ન હોય પણ આગળ જતા ઉમદા કાર્ય કરી સાચા અર્થમાં માતૃઋણ, માં ભોમનું ઋણ અદા કરી જાય છે. લેખ ખુબ સુંદર છે.

**– ભીખુભાઈ એલ. મકવાણા**
પ્રાથમિક શાળા રૂનાડ. તા. જંબુસર, જિ. ભરૂચ

સલામ શિલ્પાબહેન વૈષ્ણવને લેખમાં બેનશ્રીએ આદિવાસી સમાજને પ્રગતિના પંથે લઈ જવાનું સરાહનીય કાર્ય કર્યું છે. પ્રેરણાદાયી લેખ. 'ગમતાં નો કરીએ ગુલાલ' લેખમાં સ્પેસ ક્લબ વિશે નવું જાણવા મળ્યું. વેક અપ ટુ ડ્રીમ સંકલ્પના વિશે જાણવા મળ્યું. શિક્ષણમાં ટૅકનોલૉજીનો ઉપયોગ લેખ સરસ ઉપયોગી લાગ્યો.

**– પ્રહલાદભાઈ એન. પ્રજાપતિ**
શ્રી પે. સૅન્ટર શાળા, લીલાપુર

**QR કોડ - ભાવ-પ્રતિભાવ માટે**

મિત્રો, આ QR કોડ સ્કેન કરવાથી ભાવ-પ્રતિભાવનું પત્રક ખૂલશે, જે ભરીને સબમિટ કરી શકાશે.

## શ્રેષ્ઠ શિક્ષક રાષ્ટ્રીય પારિતોષિક - ૨૦૨૧ મેળવનારા શિક્ષકશ્રીઓ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી વનિતા દયાભાઇ રાઠોડ | શ્રી વિનોબા ભાવે શાળા નં.-૯૩, નાના માવા, રાજકોટ |
| ૨ | શ્રી અશોકકુમાર મોહનલાલ પરમાર | હિતેન ધોળકિયા વિદ્યાલય, તા.ભૂજ, જિ.કચ્છ |

## શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક - ૨૦૨૧ મેળવનારા શિક્ષકશ્રીઓ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી દિનેશ મોહનભાઇ ભેંસદડિયા | શ્રી રાજપરા તાલુકા શાળા, રાજપરા, તા.જિ.મોરબી. |
| ૨ | શ્રી રંજનબેન મોહનભાઇ નિમાવત | શ્રી વડાળી પ્રાથમિક શાળા, તા.ઉપલેટા, જિ.રાજકોટ |
| ૩ | શ્રી રાજેશભાઇ ગંગદાસભાઇ બરોચિયા | શ્રી બ્રાન્ચ શાળા નં.૧ જામજોધપુર તા.જામજોધપુર, જિ.જામનગર |
| ૪ | શ્રી ભારતીબેન શામળભાઇ પટેલ | ભટેળા પ્રાથમિક શાળા, ભટેળા, તા.ભિલોડા, જિ.અરવલ્લી |
| ૫ | શ્રી મનિષાબેન પુંજાભાઇ શાહ | પાદરી ફળિયા પ્રાથમિક શાળા, સંતરામપુર, તા.સંતરામપુર, જિ.મહીસાગર |
| ૬ | શ્રી જિજ્ઞેશકુમાર ગૌતમભાઇ પ્રજાપતિ | પ્રાથમિક શાળા, ડાલી, તા.સોજિત્રા જિ.આણંદ |
| ૭ | શ્રી હસમુખભાઇ પરાગભાઇ વણકર | પાનવેલ પ્રાથમિક શાળા, પાનવેલ, તા.હાલોલ, જિ.પંચમહાલ |
| ૮ | શ્રી સંજયકુમાર ભગાભાઇ જણસારી | અનોડિયા પ્રાથમિક શાળા નં.-૨, ડોડીપાળ, તા.માણસા, જિ.ગાંધીનગર |
| ૯ | શ્રી ગોવિંદભાઇ માધાભાઇ રોહિત | ઓરવાડા પ્રાથમિક શાળા, તા.બોડેલી, જિ.છોટાઉદેપુર |
| ૧૦ | શ્રી વિમલકુમાર દાઉદભાઇ ગામીત | પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળા, બીલીઆંબા, તા.સુબીર, જિ.ડાંગ |
| ૧૧ | શ્રી કપિલાબેન વીરસીંગભાઇ ચૌધરી | પ્રાથમિક શાળા સુરાલી, તા.બારડોલી, જિ.સુરત |
| ૧૨ | શ્રી જીતુભાઇ ઉકાભાઇ ખુમાણ | સ્વ.ટી.એલ.વાળા કન્યા વિદ્યાલય, વંથલી રોડ, જિ.જૂનાગઢ |
| ૧૩ | ડૉ.અંજનાબેન સોમાલાલ મોદી | શ્રી આદિપુર સરકારી હાઇસ્કૂલ, મેઇન બજાર, આદિપુર, જિ.કચ્છ |
| ૧૪ | શ્રી વિનોદકુમાર પરસોત્તમભાઇ પ્રજાપતિ | શ્રી સાર્વજનિક વિવિધલક્ષી વિદ્યાલય, પાંચ લીમડી, જિ.મહેસાણા |
| ૧૫ | શ્રી વિષ્ણુભાઇ હરીભાઇ પટેલ | સ્વસ્તિક હાયર સેકન્ડરી સ્કૂલ, સ્ટેડિયમ રોડ, મોટેરા, તા.જિ.ગાંધીનગર |
| ૧૬ | શ્રી રોહન પ્રિયકાંત ત્રિવેદી | સરદાર વલ્લભભાઇ વિદ્યાલય, નવજીવન પાસે આજવા રોડ, વડોદરા |
| ૧૭ | ડૉ.રામદેભાઇ કાનાભાઇ ગોજિયા | શ્રી પી.આર.એસ. હાઇસ્કૂલ, ભાટિયા, તા.કલ્યાણપુર, જિ.દેવભૂમિ દ્વારકા |
| ૧૮ | શ્રી સ્નેહલ અરુણભાઇ વૈદ્ય | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, લોડાઇ, તા.ભૂજ, જિ.કચ્છ |
| ૧૯ | ડૉ.સોનલબેન માવજીભાઇ ફળદુ | શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઇસ્કૂલ, કૃષ્ણનગર મેઇન રોડ, રાજકોટ |
| ૨૦ | શ્રી રણજીતસિંહ છત્રસિંહ ઝાલા | શ્રી શેઠ એન.વી.હાઇસ્કૂલ, કોટડા (રોહા), તા.નખત્રાણા, જિ.કચ્છ |
| ૨૧ | શ્રી કિરણકુમાર જયચંદભાઇ પટેલ | શ્રી કે.એમ.પટેલ વિદ્યામંદિર, તા.ઇડર, જિ.સાબરકાંઠા |
| ૨૨ | શ્રી સહદેવસિંહ સામંતસિહ સોનગરા | નવદીપ વિદ્યાલય, સી.એમ.પટેલ એન્કોલેવ, ભીમજીપુરા, અમદાવાદ |
| ૨૩ | શ્રી જિજ્ઞેશકુમાર રમેશચંદ્ર શાહ | શેઠ એચ.એચ.શિરોલાવાલા હાઇસ્કૂલ, બોડેલી, જિ.છોટાઉદેપુર |
| ૨૪ | શ્રી જીવનભાઇ દામજીભાઇ ખુંટ | શ્રી સ્વામિનારાયણ વિદ્યામંદિર, નાહિયેર, તા.આમોદ જિ.ભરૂચ |
| ૨૫ | શ્રી પીયૂષકુમાર પ્રાગજીભાઇ જોટાણિયા | ગાવકડા પ્રાથમિક શાળા, ગાવકડા, વાયા.બાબાપુર, તા.જિ.અમરેલી |
| ૨૬ | શ્રી ગીતાબા દેવુજી વાઘેલા | શ્રી ગઢશીશા કુમાર પંચાયતી પ્રા. શાળા, ગઢશીશા, તા.માંડવી, જિ.કચ્છ |
| ૨૭ | શ્રી ધર્માંશુ શિવરામ પ્રજાપતિ | ઇંગોલી પ્રાથમિક શાળા, ઇંગોલી, તા.ધોળકા, જિ.અમદાવાદ |
| ૨૮ | શ્રી પંકજકુમાર અમૃતલાલ પ્રજાપતિ | કપુરાઇ પ્રાથમિક શાળા, ડભોઇ રોડ, તા.જિ.વડોદરા |
| ૨૯ | શ્રી નરેન્દ્રકુમાર ભાણજીભાઇ ઘઉઆ | સી.આર.સી. તાલુકા શાળા નં.૧ ભાણવડ, ભાણવડ, જિ.દેવભૂમિ દ્વારકા |
| ૩૦ | શ્રી ભરતભાઇ પ્રભુદાસ પ્રજાપતિ | સદ્દવિચાર પરિવાર વિ. પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ, તા.જિ.ગાંધીનગર |

Registered under RNI No. 11185/1957 Permitted to post at Old Sachivalay, Post office, sector-10, Gandhinagar on 15 th Date of every month under Postal Regd No.G-GNR-301 Issued by SSPOs GNR valid up to 31-12-2021 Licence to Post Without Prepayment No. PMG/HQ/97/2019-2021 valid up to 31-12-2021

સપ્ટેમ્બર - ઑક્ટોબર - ૨૦૨૧ લવાજમ : 100-00



# ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

## HAPPY TEACHER'S DAY

ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ ૫મી સપ્ટેમ્બર ૧૮૮૮ના રોજ તિરુતની ગામના એક તેલુગુભાષી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમનાં માતાનું નામ સીતામ્મા હતું અને પિતાનું નામ સર્વપલ્લી વીરાસ્વામી હતું. ડૉ.રાધાકૃષ્ણને પ્રારમ્ભિક શિક્ષણ પોતાના ગામમાં જ લીધું હતું. એ પછી તેમને લુથર્ન મિશન સ્કૂલમાં ભણવા મૂક્યા હતા. અહીં ચાર વર્ષ ભણ્યા બાદ તેમણે વેલ્લુર કૉલેજમાં શિક્ષણ મેળવ્યું હતું. એ પછી તેમણે ચેન્નાઈ(તત્કાલીન મદ્રાસ) કૉલેજમાં પોતાનું બાકીનું શિક્ષણ પૂર્ણ કર્યું હતું. ઈ.સ. ૧૯૦૬માં તેમણે દર્શનશાસ્ત્રમાં એમ.એ. કર્યું હતું. ઈ.સ.૧૯૦૯માં તેઓ મદ્રાસ પ્રેસિડેન્સી કૉલેજમાં દર્શનશાસ્ત્રના અધ્યાપક બન્યા. એ પછી મદ્રાસ રજિડેસી કૉલેજ તેમજ મૈસૂર યુનિવર્સિટીમાં પણ તેમણે દર્શનશાસ્ત્રના અધ્યાપક તરીકે કાર્ય કર્યું. ઇંગ્લેન્ડની વિખ્યાત ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં પણ તેઓ દર્શનશાસ્ત્રના અધ્યાપક તરીકે કાર્યરત રહેલા. આ વિચક્ષણ શિક્ષક અને દાર્શનિક ભારત દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને દ્વિતીય રાષ્ટ્રપતિ બન્યા હતા. ભારતીય સંસ્કૃતિના સંવાહક, મહાન કેળવણીકાર, દાર્શનિક અને આસ્થાવાન હિંદુ વિચારક તરીકે તેઓ વિશ્વમાં જાણીતા છે. ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન્ તુલનાત્મક ધર્મ અને તત્ત્વજ્ઞાનના આધિકારિક વિદ્વાન હતા. તેમને અધ્યાપક હોવાનું ગૌરવ હતું અને એટલે જ એમણે પોતાના જન્મદિનને શિક્ષકદિન તરીકે ઓળખાવવામાં ગૌરવનો અનુભવ કર્યો.

ડૉ.રાધાકૃષ્ણન્ અદ્વૈત વેદાંત પર ભાર મૂકે છે. તેમણે ભારતીય અને પશ્ચિમના તત્ત્વજ્ઞાનના સેતુરૂપ બનાવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો હતો.તેમણે 'ગૌતમ બુદ્ધ-જીવન અને દર્શન', ધર્મ અને સમાજ', 'ભારતીય સંસ્કૃતિ' જેવા ગ્રંથો પણ લખ્યા છે. આ મહામાનવને અનેક સન્માનોથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. તેમને ૧૯૩૧માં નાઇટ હૂડનો ખિતાબ આપવામાં આવ્યો હતો. એ ઉપરાંત ઈ.સ. ૧૯૫૪માં તેમને 'ભારતરત્ન' જેવા આપણા દેશના સર્વોચ્ચ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન્ સમસ્ત વિશ્વને એક વિદ્યાલય માનતા હતા.તેમનું સ્પષ્ટ માનવું હતું કે શિક્ષણ દ્વારા જ માનવમસ્તિષ્કનો સદુપયોગ કરી શકાય છે. અને તેથી જ સમગ્ર વિશ્વને એક એકમ માનીને શિક્ષણનો પ્રચાર-પ્રસાર અને પ્રબંધન થાય એ ઉચિત છે. બ્રિટનની એડનબરા યુનિવર્સિટીમાં તેમણે કહેલું-"મનુષ્યે એક થવું જોઇશે! માનવઈતિહાસનું સંપૂર્ણ લક્ષ્ય માનવજાતિની મુક્તિ ત્યારે જ સંભવ છે કે જ્યારે દેશોની નીતિઓનો આધાર સમસ્ત વિશ્વમાં શાંતિની સ્થાપનાનો હોય!" તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૭૫ના રોજ આ મહામાનવનું અવસાન થયું.

– પાર્વતીબેન જી. પટેલ, અનોડિયા પ્રા.શાળા નં-૫, તા. માણસા, જિ. ગાંધીનગર

Book-Post

તંત્રીશ્રી

**જીવનશિક્ષણ**

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૬.

Y-108 - 34,300-9-2021

Published and printed by Secretary, Gujarat Council of Educational Research and Training ( GCERT) on behalf of Director GCERT.
Printed at Government Photo Litho Press, O/s. Delhi Gate, Dudheshwar Road, shahibag, Ahmedabad- 380004.
Published from Gujarat Council of Educational Research and Training (GCERT), Sector-12, Vidhyabhavan, Gandhinagar- 382012, Gujarat. -Editor, jeevanshikshan